વર્ષ ૧ લું :: : નવયુગ ગ્રંથમાળા : :: પુસ્તક ૮ મું

કાયદાની આંધી



પીટર ક્રોપોટકિન

યુગ પુસ્તક ભંડાર : દેવસાનો પાડો : અમદાવા

વર્ષ ૧ લું : : નવયુગ ગ્રંથમાળા : : પુસ્તક ૮ મું

કાયદાની આંધી

: અનુવાદક :

શ્રી. ઈન્દ્રવિજય દેસાઇ

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર
દેવસાનો પાડો : અમદાવાદ

૧ લી આવૃત્તિ : : સંવત ૧૯૮૭

: પ્રકાશક :
જયંતિલાલ રેવાશંકર દોસી
નવયુગ પુસ્તક ભંડાર
દેવસાનો પાડો : અમદાવાદ

કિંમત

વાર્ષિક ફાળે		છૂટક
૦—૩—૬		૦—૪—૬
ટપાલ ખર્ચ માફ	:	ટપાલ ખર્ચ જુદું

ધી સૂર્યપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં
પટેલ મૂળચંદભાઈ ત્રીકમલાલે
છાપી : ઠે૦ પાનકોરના નાકા
: : અમદાવાદ : :

બે બોલ

હિંદુસ્થાનમાં આજ છેલ્લા પંદર વર્ષ થયાં ભારે પરિવર્તન થઈ રહ્યું છે. લોકોના વિચારો અને વર્તનમાં ઘણો જ ફેરફાર થયો છે અને થતો જાય છે. આપણા સાહિત્યનું વલણ પણ બદલાતું જાય છે, ક્રાંતિકારી સાહિત્યનો પ્રચાર ગુજરાતમાં ધીરે ધીરે વધવા લાગ્યો છે. અને બીજા દેશોના મોટા મોટા વિચારકોનાં પુસ્તકોના અનુવાદો ગુજરાતી ભાષામાં થવા લાગ્યા છે. ક્રોપોટકિન, ટોલસ્ટોય વગેરે મહાન વિભુતિઓનાં મંતવ્યનો પરિચય ગુજરાતે કર્યો છે. પ્રસ્થાન કાર્યાલયે "ક્રાંતિ" નામના પુસ્તકમાં ક્રોપોટકિનની બે ત્રણ પુસ્તિકાઓનો અનુવાદ કરાવ્યો છે. અને તેમાં Law and autherity નો ઉમેરો અસ્થાને નહિ લેખાય.

ક્રોપોટકિન એક આદર્શ ક્રાન્તિકારી હતા. ક્રાન્તિકારીઓનું એક એવું પણ મંતવ્ય છે કે સમાજ વ્યવસ્થામાંથી શાસન–તત્વ કાઢી નાખવા છતાં સમાજ વ્યવસ્થાને બાધ નથી આવતો. એટલું જ નહિ પણ તેમ કર્યાથી સમાજનો વિકાસ સ્વતંત્ર રીતે ઓર સાધી શકાય છે. બેજહોટ અને બીજા વિદ્વાન લેખકો આજની કાયદામય સંસ્કૃતિનાં વખાણ કરી રહ્યા છે ત્યારે ક્રોપોટકિન તેને વખોડી કાઢે છે. અને "કાયદો અને સત્તા." Law and Autherity "એ નિબંધમાં તે કાયદાનું મૂળ અને દુનિયાભરમાં કાયદાને નામે જે દુરૂપયોગ થઇ રહ્યો છે તે સરસ રીતે બતાવે છે. તેમની સમાજ વ્યવસ્થામાં ખાનગી માલેકીને સ્થાન જ નથી. કેમકે દુનિયા ઉપરના તમામ અન્યાયો અને દુઃખોનું મૂળ આ "ખાનગી માલેકી" ની પ્રથામાં છે. આજની આપણી રાજવ્યવસ્થાઓ–પછી તે જવાબદાર રાજતંત્ર હો કે પ્રજાતંત્ર હો કે ઇતર કોઈ રાજ્યવહીવટ હો–પણ

આજની રાજ્ય વ્યવસ્થા આ ખાનગી માલેકીની પ્રથાને અંગે ઉપસ્થિત થતા હક્કો અને તેમાંથી પરિણમતી અસમાનતા રક્ષવા અને વ્યવસ્થિત રાખવા જ રચીપચી રહે છે. આપણી આ પરિસ્થિતિને ચાલુ રાખનારા કાયદાઓથી સમાજને શું શું નુકશાન થયું તેની તુલના કરીએ તો જણાશે કે લાભ કરતાં જગતને નુકશાન ઘણું થયું છે.

"કાયદા"ની ઉત્પત્તિ અને યોજના આપણા પૂર્વજોના વહેમોમાંથી જડે છે. ત્યારબાદ વિજેતાઓએ પોતાની સત્તા દૃઢ કરવા અને ટકાવી રાખવા તેનો આશરો લીધો. આ કાયદાઓ તે સત્યતઃ કાયદાઓ નથી કેમકે તેમાં સમાજધારણ અંશ નથી. સમાજનું નિયંત્રણ તો એક કાળમાં રૂઢી અને પ્રણાલિકાઓથી પણ સરસ રીતે થતું હતું. તેમાં કાયદાનાં થોથાંની જરૂર નહોતી પડતી. મનુષ્ય સમાજ તો શું પણ સારુંયે વિશ્વ એ જ નિયમાનુસાર ચાલી રહ્યું છે. અને મનુષ્ય પુસ્તકીયા કાયદાને જે માન આપતો થયો છે, તે માત્ર તેની નબળાઇ ઢાંકવા જ. કેમકે તેવા કાયદાથી તેનું અને તેની સંપત્તિનું રક્ષણ થાય છે એમ એ માને છે. એ કાયદાના અનાદરમાં તેણે શાસકની વક્ર દૃષ્ટિ અને તેનો તાર પણ જોયાં, એટલે તે રીતે પણ તે કાયદાને માન આપવા લાગ્યો.

"એવું સમજાવવામાં આવે છે કે કાયદાની નજરમાં મનુષ્ય માત્ર સરખાં છે. પણ આ એક નર્યું જુઠાણું જ છે. કેમકે કાયદો માત્ર ધનિકોના જાન માલનું જ રક્ષણ કરવા સર્જાયો છે. ઉપરથી સાદા અને સરલ દેખાતા આજના કાયદાઓ અને બંધારણોમાં બેવડી શૃંખલા નજરે પડે છે—એક સામાજીક રૂઢિ અને બીજી ધનિકોનું રક્ષણ. અને તે રીતે કાયદો વર્ગભેદ જાળવવામાં મદદરૂપ થઇ પડયો છે."

ખાનગી માલેકીનો અર્થ જ એટલો છે કે બીજાના પરિશ્રમનું ફળ થોડાએક મુડીવાળાઓને મળે. આપણા કાયદાઓમાં જે બે દૃષ્ટિબિંદુઓ જણાય છે. તેમાં એક આ ખાનગી માલેકીના હક્કોનું રક્ષણ કરે છે, જ્યારે બીજું રાજ્ય વ્યવસ્થા ચાલુ રાખવાના નામ નીચે પણ આડકતરી રીતે તેને જ મદદ કરે છે.

સાથે જ હેન્રી થોરોના Civil dis obedience ના આંધીની નિબંધનો અનુવાદ પૂર્તિ તરીકે મૂક્યો છે. ખરી રીતે તે ભાવાનુવાદ છે, કેમકે કેટલેક ઠેકાણે મૂળ વિચારને સ્પષ્ટ કરવા લંબાણ પણ કર્યું છે. બને ત્યાં સુધી અક્ષરશઃ જ અનુવાદ કર્યો છે. શ્રી. મહાદેવભાઇએ આ જ પુસ્તિકાનો ૧૯૨૧માં છુટક છુટક અમુક ભાગનો અનુવાદ કર્યો હતો. તેમની ભાષા અને શૈલી સાથે સરખાવતાં આ અનુવાદમાં ઘણીયે ઉણપો હોય જ. છતાં પુસ્તક રૂપે આ પ્રથમ જ પ્રગટ થતું હોવાથી તે અસ્થાને નહિ જ ગણાય.

વળી "અનાદર" ના પ્રણેતા મહાત્મા ગાંધીજીએ તેની મીમાંસા ગૂજરાત અને હિન્દને ઘણીએ સમજાવી છે. એટલે થોરો, ક્રોપોટકિન અને ગાંધીજીના વિચારો વચ્ચેનું સામ્ય પણ જોઇ શકાશે. તે રીતે પણ આ પુસ્તક અપ્રસ્તુત નહિ ગણાય એમ ધારૂં છું.

સ્વાતંત્ર્યસદનઃ
વિલાપારલા
૨–૯–૩૧

ઇન્દ્રવિજય દેસાઈ

અનુક્રમ



વિશ્વવંદ્ય પૂ. ગાંધીજી

આંધીને ઓળખાવનાર

અને

અનાદરના પ્રણેતા

પૂજ્ય વિશ્વવંદ્ય મહાત્માજીને

અર્પણ

*દેશનાં અવનવાં કો અહોભાગ્યથી
જાગીને–ઉઠીને
હિંદના દીન ને દુઃખી સંતાનને
આત્મ અભિમાનમાં, સ્નેહને, ત્યાગના,
નીતિને, શૌર્યના.
શુદ્ધ સ્વાતંત્ર્યના પાઠ શીખાડવા
મદ ભર્યાં બ્રીટીશનાં રાજ્યના,
તંત્રના ક્રુર ને કારમાં
લોહનાં બંધનો સત્વરે તોડવા
યુદ્ધમહીં નોતર્યાં સાધુ ગાંધીજીએ.

---

* શ્રી ધનસુખલાલ કૃત.

પ્રકરણ ૧ લું

આંધી

"જ્યારે જ્યારે સમાજમાં અજ્ઞાન વધી પડે છે અને માણસનાં મન મૂંઝાય છે ત્યારે કાયદાઓ વધી પડે છે. અને કાયદાથી જ બધી મુશ્કેલીઓ ઉકેલવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. પરિસ્થિતિને પહોંચી વળવાની ખોટી ધારણા ડગલે ને પગલે નવા કાયદા આપણી પાસે કરાવે છે. જે કાર્ય આંતરિક સ્ફૂર્તિથી જ થઈ શકે, જે કામ કેળવણી અગર તો નીતિનાં બંધનથી જ ઊકેલી શકાય તે કામ કાયદા મારફત ઉકેલવાની વ્યર્થ આશા આજ મનુષ્ય સેવી રહ્યો છે." ઉપરોક્ત કથન કોઈ ઉદ્દામ ક્રાન્તિકારી કે સમાજવાદીનું નથી, પરંતુ જેણે પોતે કાયદાઓ ઘડવામાં પોતાનું જીવન વીતાડયું છે અને તેની પ્રશંસા ગાયા કરી છે તેવા એક પ્રખ્યાત ફ્રેંચ ધારાશાસ્ત્રી ડેલોયનું છે. તેમ છતાં તે કથનમાં આજના સમાજની અસાધારણ પરિસ્થિતિનું સ્પષ્ટ સૂચન છે.

સામાન્ય રીતે કાયદો એટલે સડેલી પરિસ્થિતિનો પ્રતિકાર એમ મનાય છે. જે સ્થિતિ પોતાથકી જ સુધારી શકાય તેવી હોય છે તેમાં

પણ લોકોને કાયદાનો આશ્રય લેવાની ટેવ પડી ગઈ છે. કોઈ પણ બે ગામડાં વચ્ચેનો રસ્તો ઉપયોગમાં આવે તેવો ન રહ્યો હોય તો ત્યાંના લોકોને ગામડાંના રસ્તા સુધારનારા કાયદાની જરૂર જણાય છે. લોકોને ફરવાનાં જાહેર સ્થળો અથવા તો બાગોમાં જો કોઈ બાગવાન લોકોની ભીરુ મનોદશાનો લાભ લઈ તેમનું અપમાન કરે અગર તો અવિનયી વર્ત્તન બતાવે તો અપમાનિત માણસ મનમાં જ ફફડી ઊઠે છે કે બાગ-વાનની જાહેર ચાલચલગતને અંકુશમાં રાખવાનો રાજ્ય તરફથી કંઈક પ્રબંધ–કાયદો થવો જોઈએ. ખેતીવાડી કે હુન્નર ઉદ્યોગમાં મંદી જણાતાં જ ખેડૂતો, વેપારીઓ કે ઇતર ધંધાદારીઓને રાજ્ય રક્ષણના કાયદાની જરૂર લાગી આવે છે. ટૂંકમાં સમાજનાં પ્રત્યેક અંગોને પોત-પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે કાયદાના નિયંત્રણની જરૂર જણાય છે. સમાજને કાયદાની આંધી ચઢી છે. માલેક જો મજૂરોની રોજીમાં ઘટાડો કરે કે કામના કલાકો વધારે તો કામદારો પોકારી ઊઠે છે કે “ આ જાતની અવ્યવસ્થાને ઠેકાણે લાવવા કાયદાની જરૂર છે. ” ફેશનથી માંડીને નીતિના ગૂઢ આંટીઘૂંટી વાળા વિષયો સુધીમાં કાયદાના નિયમનની જરૂર આજે જણાય છે. લોકોની કાયરતા કે પ્રમાદને પરિ-ણામે ઉપજતી ક્ષતિને સુધારવા માટે કાયદાનું નિયંત્રણ ! આ આજના સમાજની પરિસ્થિતિ છે.

આપણી કેળવણી પણ તેટલી જ પ્રમાદી થઈ ગઈ છે. આપ-ણામાં જે સ્વાભાવિક બંડખોર વૃત્તિ છૂપાઈ રહી હોય છે તે બચપણથી જ મારી નાંખવામાં આવે છે. અને સત્તાધીન રહેનારી ગુલામી મનો-દશાને પોષવાનો પ્રપંચ જ રચવામાં આવે છે. જન્મથી માંડી કેળવણી, લગ્ન, આત્મવિકાસ, મિત્રતા, ઇત્યાદિ વ્યક્તિગત વિષયોમાં પણ કાયદાનું સ્વામિત્વ આપણે સ્વીકારીએ છીએ. કાયદાની આવી પ્રપંચી આંટી-ઘૂંટીમાં જો આપણું જીવન ઝોલે ચઢી જશે તો થોડા સમયમાં આપણી નૈસર્ગિક શક્તિઓનો હ્રાસ થઈ જશે, અને વિચારશક્તિ કાયમ માટે કુંઠિત થઈ જશે. કાયદાની બહાર અને શિવાય પણ દુનિયા છે, અને

જીવન જીવી શકાય છે એ વાત તો સમાજની કલ્પનામાં ઊતરી શકતી નથી. સ્વતંત્રતા અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિના આ જમાનામાં પ્રજાતંત્રના હિમાયતીઓ કાયદાની ગુલામી બેડીમાંથી પ્રજાને છોડાવી લાવે છે કે તુરત જ તેવી બીજી નવી ધૂંસરીમાં પ્રજાને જોડી દે છે. ખરી અને શુદ્ધ સ્વતંત્રતા તો એક દિવસ પણ નભી શકતી નથી.

હજારો વર્ષથી કાયદા તરફ માનની દૃષ્ટિએ જોવાના તથા સત્તાધીન રહેવાના સૂરો શાસકોએ ગવડાવ્યા છે. આપણાં આજનાં માબાપો પણ પોતાનાં બચ્ચાંઓને ગળથૂથીમાં જ આ જાતની નીતિના પદાર્થપાઠો પાય છે. આજના સરસ્વતી મંદિરો પણ તે જ ભાવનાને પોષનારું શિક્ષણ આપે છે. બાળકો સમક્ષ જે દૃષ્ટાંતો મૂકવામાં આવે છે તેમાં પણ વિશ્વનિયમનમાં કાયદાઓની જરૂરીયાત જ બતાવવામાં આવે છે. કાયદાનું પાલન એ ધર્મ છે મનુષ્યની મુખ્ય ફરજ છે, અને તે ઠસાવવા નીતિનિયમન અને વ્યવહારોપયોગી રાજ્યના કાયદાઓને ધર્મસાથે બહુ આબાદ રીતે જોડી દેવામાં આવ્યા છે.

જેમ ટીપે ટીપે પડતું પાણી મોટી શિલાને પોલી કરી નાંખે છે, તેમ આપણા સામાજિક જીવનમાં પણ છે. આપણો સમાજ અને તેનું સાહિત્ય પણ આ જ જાતની વહેમી ગુલામી ભાવના રેડ્યા કરે છે. કાયદો પાળનાર કે બંડખોરોને દાબી દેનાર આજના ઇતિહાસનો વીર પુરુષ બને છે. ઇતિહાસનાં પુસ્તકો શું, કે અર્થશાસ્ત્રના ચોપડાઓ શું, અગર તો સમાજશાસ્ત્રીનાં થોથાંઓ શું. આ બધાં યે આજ તો " કાયદાને માન આપો " એ વાત જ પુકારી રહ્યાં છે. વિજ્ઞાનશાસ્ત્ર જેવો અવલોકનનો વિષય પણ મરડી મચડીને એવી રીતે રજુ કરવામાં આવે છે. તેમાં યે કાયદાપાલનનો પ્રધાન સૂર જ આપણને સંભળાય છે. આ પ્રમાણે આપણામાં કાયદા સંબંધે બુદ્ધિભ્રમ પેદા કરવામાં આવે છે. અને તે જ રીતે કાયદાપાલનનું સારું યે વાતાવરણ સમાજમાં પ્રસારવામાં આવ્યું છે. વર્ત્તમાનપત્રો દ્વારા પણ આ જ પ્રચારકાર્ય

ચાલી રહ્યું છે. એક જ અંકમાં કાયદાનો અમલ કરનારા બ્હેંત વિચારિયા અમલદારોના હાથે આ કાયદાનો ગમે તેવો દુરુપયોગ થયાના, અથવા તો તેને મરડી મચરડીને ગમે તેવું રૂપાંતર આપ્યાના ધૃણાસ્પદ દૃષ્ટાંતો આપણને મળી આવતાં છતાં તેના અગ્રલેખોમાં કાયદાને માન આપવાની જ વાત ભારપૂર્વક આગળ મૂકવામાં આવે છે. આવાં નિયમનનાં પ્રવચનો એ આજના પ્રચારકાર્યનું લક્ષણ છે. કાયદાની ગુલામી એ આજે ડહાપણ મનાય છે. કાયદાનો ગેરઉપયોગ અથવા તો દુરુપયોગ થયાનું જે કહેવામાં આવે છે તે તો કાયદાની પ્રથાનું જ સ્પષ્ટ અને ચોક્કસ પરિણામ છે. ઉલટા ક્રાંતિકારીઓને પણ શરૂઆતમાં તો કાયદાના બાંહ્યધારી રહીને જ તેના દુરુપયોગ ઉપર જ પ્રહાર કરવા પડે છે. વિજ્ઞાનની જેમ કળા પણ એ જ માર્ગે ચાલે છે. કોઈ પણ કુશળ શીલ્પી, ચિતારો કે ગવૈયો પણ પોતાની ઉત્તમોત્તમ કૃતિમાં કાયદાનું જ રક્ષણ કરે છે. નક્કી કરેલા નિયમ બહાર કળાને લઈ જનારાને તોડી પાડવા એક શ્વાસે અને ફાટેલે ડોળે આજના કળાકારો સદા તત્પર રહે છે. કળાના નામ ઉપર કળશ ચઢાવવામાં આવે છે, તે એટલે સુધી કે કળાદેવીના મંદિરના આ પૂજારીઓની છેડતી કરતાં ક્રાંતિકારીઓ આંચકો ખાય છે. અથવા તો ક્રાંતિના ઝંઝાવાતમાં જો કોઈ સંસ્થા તૂટી પડવાની થાય તો તેને ત્યારે કાયદાના નામથી અપનાવવી પડે છે.

મનુષ્યજીવનને એકધારું અને વ્યવસ્થિત રીતે ચલાવનાર નીતિનિયમોના કોકડાને કાયદાનું નામ આપવામાં આવ્યું છે. આ કાયદો યા તો નિયમન તે ગુલામગીરીના વખતનો અથવા તો શાહીવાદનો આપણને વારસો છે. પાષાણની પ્રતિમા સમી એ કાયદાદેવીના ખપ્પરમાં આજે કેટલાંયે મનુષ્યો હોમાઈ રહ્યાં છે. એમતો જૂના જમાનાનાં જંગલી લોકો કોઈ કુપિત દેવને સંતોષવા અથવા તો આવી પડેલી ઉપાધિમાંથી ઉગરવા પથ્થરની એ નીર્જીવ મૂર્તિને ભોગ ધરતા, અને દૈવકોપને વજ્રાઘાતથી રખેને તેઓ કપાઈ જાય એવી ધાકથી તેને અડ-

કવાની પણ હિંમત તેઓ ન કરી શકતા. તેમ આપણે પણ આજે આ કાયદાથી ડર્યા કરીએ છીએ.

ફ્રાન્સના મહાન વિપ્લવ પછી મધ્યમ વર્ગની ચઢતી થવા લાગી. ઉમરાવો અને પાદરીઓની પડતી થતાં આ લોકો પ્રતિષ્ઠા પામવા લાગ્યા, અને તેની સાથે જ કાયદાની પ્રતિષ્ઠા પણ વધવા લાગી. તે પહેલાં કાયદાનું નામ લેતાં પણ લોકો ડરતા અને **મોન્ટેસ્ક**, **રૂસો** અને **વોલ્ટેર** જેવા ગણ્યા ગાંઠયા લોકો માત્ર શાહી તોરને તોડી પાડવા જ કાયદાની સામે થતા. એ જમાનામાં રાજાઓ અગર તેમના હજુરીઆઓની ગમે તેવી હલકી વૃત્તિને આધીન ન રહે તેને ભયંકર કારાવાસ યા તો ફાંસીની શિક્ષા પણ મળતી. પણ વિપ્લવ દરમિયાન ઊભા થએલા આ નવા મધ્યમ વર્ગમાં વકીલોનો પણ વર્ગ હતો. તેણે આ કાયદાની પ્રતિષ્ઠા વધારવા માંડી. કેમકે તેમની હસ્તી અને પ્રગતિનો આધાર સર્વસ્વ આ કાયદાના પ્રપંચ ઉપર જ અવલંબિત હતો. તે સમયની પરિસ્થિતિએ પણ કાયદાનું માન વધારવામાં મદદ કરી છે. સામાન્ય જનતામાં પ્રજાતંત્ર–સમાનતા–સ્વતંત્રતા વિગેરે ઉચ્ચ ભાવનાઓ જોશભેર વધતી જતી જોઈને આ મધ્યમ વર્ગની હસ્તી જરા જોખમમાં આવી પડી હતી. તેમણે કાયદાનું નવું ઓઠું પકડીને આ ભાવનાના વધતા પૂરની સામે બંધ જેવું બાંધી લીધું. પાદરીઓ અને ધર્માચાર્યોને મન તો આ પ્રજાતંત્ર અને સમાનતાના ભારે લોઢ સાથે અથડાઇને તેમનું નાવ તૂટું તૂટું લાગતું હતું. તેમણે તે ઉપરથી કાયદાની પ્રપંચી જાળને વધાવી લીધી. જ્યારે જનતાને આગલા જમાનાના જુલ્મો, આપખુદ સત્તા, અને ત્રાસ વિગેરે સાથે સરખાવતાં નવી પરિસ્થિતિ પ્રગતિસૂચક જણાતાં તેણે સ્વીકારી લીધી.

આ સ્થિતિ પૂરેપુરી સમજવા તો આપણે અઢારમી સદીનો ચિતાર કલ્પનામાં ખડો કરવો જોઈએ. તે જમાનામાં અમીર ઉમરાવો અને જમીનદારો, સ્ત્રી પુરુષો ઉપર જે જાતના અમાનુષી જુલ્મો કરતા તે

સાંભળીને તો કોઈનું પણ હૃદય કકળી ઊઠે. તેવા ત્રસ્ત અને પીડિત લોકોના મન ઉપર કાયદાની દષ્ટિએ ગરીબ તવંગરના ભેદ શિવાય મનુષ્ય માત્ર સરખાં છે એવી જાતની ઘોષણા કેવી જાદુઈ અસર કરે તે કલ્પવું કે સમજવું મુશ્કેલ નહિ જ પડે. એક પશુ કરતાં પણ જેને હલકાં ગણવામાં આવતાં હતાં, જેમને પોતાના હક જેવું કશું જ હતું નહિ. જે પોતાના માલિકના અધમમાં અધમ અને નિંદ્ય કર્તવ્ય સામે ન્યાય તો શું પણ પોકાર સરખો ઊઠાવી ન શકતો હતો તેવો મનુષ્ય આ સમાનતાના કાનુન અનુસાર પોતાના માલિક જોડે જ નામના પણ હક્કો ધરાવતો થયો !!! આ પરિસ્થિતિ પ્રત્યક્ષ વ્યવહારમાં નહિ પણ, માત્ર પુસ્તક પર જ હતી. છતાં તે પણ ઘણું કહેવાય. કાયદાનો અમલ ગમે તેવો થવાનો હોય પણ તે ગરીબ તવંગરને સરખી રીતે લાગુ પડનારો હતો. ન્યાયદેવીના દરબારમાં ગરીબ તવંગર સરખાં છે એમ ઇતિહાસમાં પહેલી જ વાર સિદ્ધ થયું. આજે આપણે જોઈ શકીએ છીએ કે કાયદાનું આ કથન એક નર્યું જૂઠાણું છે. તેમ છતાં પ્રચલિત ન્યાયની પ્રથામાં એક સ્પષ્ટ આગળ પડતું પગલું હતું. તે જ કારણસર મધ્યમ વર્ગના બાંહ્યધારીઓ ડેન્ટોન અને રોબસ્પીયર જેવાએ કાયદાની સમાનતા અને માન આપવાની જરૂરીયાત વિષે ભાર મૂકયો. લોકોએ પણ આ સમજણ સ્વીકારી લીધી, કેમકે તેમનામાં બંડની જવાલા શાંત પડી જતી હતી, ક્રાન્તિનું માનસ ઓછું થતું જતું હતું અને તેથી જ આપખુદ ઉમરાવોની અનિયંત્રિત સત્તાને બદલે કાયદાની ધૂંસરી તેમણે સ્વીકારી લીધી.

તે દિવસથી આજ સુધી મધ્યમ વર્ગ કાયદાની આ સમાનતાના ઠૂંઠાને વળગી રહ્યો છે. જવાબદાર રાજ્યપદ્ધતિની સાથે અનુષંગી કાયદા પાલનની દષ્ટિમાં જ ૧૯મી સદીનું તત્વજ્ઞાન સમાઈ જાય છે. શાળાઓના શિક્ષણ દ્વારા અને સાહિત્ય દ્વારા આ જાતનું પ્રચારકાર્ય થયા કર્યું છે. ગઈ સદીની કળા અને વિજ્ઞાન પણ તે જ હેતુ પાર પાડવામાં જ યોજાયા છે. જ્યાં જ્યાં પ્રસંગ પડયો છે અને લાગ

જડયો છે, ત્યાં હર વખત અને કોઈ પણ જગ્યા ઉપર આ જ પ્રચાર કામ થયું છે. આજે આપણને આ કાયદાની આંધી એટલી તો ચઢી છે કે આપણા ઉપર જ આપણને ઘૃણા ઉપજે છે. આપણે સ્વતંત્ર થવું છે પણ તે કંઈ કાયદામાં ફેરફાર કર્યાથી ઓછું જ થવાનું છે ? કેમકે આજે તો માલિકોના હક રક્ષણમાં જ કાયદા યોજાયા છે. અને તે માલેકોને આજીજી કરીને કાયદામાં સુધારા કર્યે તે કઈ જાતની સ્વતંત્રતા આપણને મળવાની છે ? એ આશા આકાશ કુસુમવત્ છે.

પરંતુ જમાનો બદલાતો જાય છે, તેની સાથે લોકોનું દષ્ટિબિન્દુ પણ બદલાતું જાય છે. પ્રજામાં એક એવો ચોક્કસ ક્રાંતિકારી વર્ગ તો સરજાઈ ચૂકયો છે કે જેઓ કાયદાનું મૂળ, સ્થીતિ ને હેતુ જાણવા માટે મથે છે અને તેને યોગ્ય કસોટી પર ચઢાવે છે. આજના કાયદાઓ કયાંથી આવ્યા ? કોણે બનાવ્યા ? શું કામ બનાવ્યા ? તેનો અમલ કરવાનો કેમ આગ્રહ ધરવામાં આવે છે ? વિગેરે પ્રશ્ન પરંપરા આજે લોકો વિચારતા થયા છે અને તેને નકામું માન આપ્યા કરતાં જરૂર પડે તો તેનો અનાદર કરવા પણ તેઓ તૈયાર છે. આપણો સમાજ જે પાયા ઉપર રચાયો છે તેની બરાબર ખબર લેવાની તો ક્રાંતિકારીઓએ શરૂઆત કરી દીધી છે અને સ્વાભાવિક કરીને તેમનું ધ્યાન પ્રથમતઃ સમાજમાં કાયદાની આંધી જે રૂઢ થઈ ગઈ છે તેની ઉપર જ પડી છે.

કાયદાનું મૂળ ઈશ્વર, ધર્મ અગર તો ભયમાં છે. જંગલી લોકોએ ન સમજી શકાય તેવી કલ્પનાઓ કરીને ત્રાસમાંથી ઉગરવા દેવદેવીઓને કલ્પ્યાં તેમાંથી કાયદાનો જન્મ થયો છે. અથવા તો અજ્ઞાનના એ અંધારા યુગમાં ધર્માચાર્યોએ પોતાની સત્તાની જડ ઘાલી વા આ કાયદાઓમાં અલૌકીક અને અદ્‌ભુત સામર્થ્ય છે એમ ઠસાવીને તેનો પ્રયોગ ચાલુ કર્યો. અથવા તો તે જમાનાના જાલીમ વિજેતાઓએ પોતાનો કાબૂ કાયમ રાખવા તલવારની ધારે નવાં નિયંત્રણો દાખલ

કર્યા હોય એમ નિરીક્ષણ કરતાં જણાય છે. મનુષ્ય જેમ વિકાસના ચોક્કસ નિયમાનુસાર ચાલે છે તેમ આ કાયદામાં વિકાસનાં તત્વો જડતાં નથી. તેમાં તો ઉલટું જડતા, સ્થિરતા ને વિનાશનના તત્ત્વો જ માલુમ પડે છે.

અને આજ સુધી આ કાયદાનો અમલ કઈ રીતે થયો છે? આપણી સમક્ષ ધર્માંધ લોકોએ ધર્મને નામે ફેલાવેલા ત્રાસ અને સીતમની ક્રૂર વાતો તરી આવે છે. મધ્યમ યુગના એ કારમા કામમાં ગુન્હેગારોની તો ફટકા મારી મારી ચામડી ઉતારી લેવામાં આવી હતી તે વખતના પાશવ અત્યાચારો, હાથકડીના ખખડાટો, ત્રસ્તાત્માઓની કારમી ચીસો, દુઃખના નિઃશ્વાસો અને અખંડ વેદનાની અશ્રુધારાઓનાં દૃષ્ટાંતો સાંભળીને કોઈનું પણ હૃદય કંપી ઉઠશે. અને આજના સુધરેલા જમાનામાં આપણે શું જોઈએ છીએ? બિચારો ગુન્હેગાર! તેની સામે તેનું દોરડું, તેને સાચવનાર બંદૂકધારી સિપાઈ તથા ભયંકર જેલની દિવાલો જ દેખાય છે. જ્યારે બીજી બાજુ કાયદાના આવા પાશવી અમલ નીચે રીઢા થઈ ગયેલા એ બીચારાએ તો પોતાનું સારું એ જીવતર આ રીતે ઢોરની માફક પૂરાઈને બગાડી નાખ્યું હોય છે. બીચારો ન્યાયાધીશ! તેનામાં તો માનવતાને છાજે તેવો અંશ સુદ્ધાં શોધ્યો જડતો નથી. તેનું સારુંયે જીવન અને વ્યવહાર કાયદાનાં કલ્પનાકૌતુક ઉપરજ રચાયું હોય છે. બીચારા ભૂલા પડેલા માનવીઓ ઉપર કેદ અને મોતની શિક્ષા ફરમાવવી અને એ રીતે કાયદાની પ્રતિષ્ઠાનું ભૂત સાચવવું એજ એના જીવનનો આનંદ છે. તેને બીચારાને ક્યાં ખબર છે કે કાયદાની આ આંધીથી જેની ઉપર તે સજા ફરમાવે છે તેવા અધમ ગણાતા લોકોની દૃષ્ટિયે પણ તે એક હલકું ક્ષુલ્લક મનુષ્યપ્રાણી છે.

બનાવેલા કાયદાનો કેવો ઉપયોગ થવાનો છે તે જાણવાની પરવા વગરના ધારાશાસ્ત્રીઓનો આજ તો રાફડો ફાટયો છે. આરોગ્ય શાસ્ત્રના જ્ઞાન શિવાય શહેર સુધારણા માટે આરોગ્ય ઉપર કાયદાઓ

ઘડી કાઢનાર ધારાશાસ્ત્રીઓ પણ હોય છે. આ લોકો બીજે જ દિવસે તોપ કે દારૂગોળાની કક્કા બારખડી પણ જાણતા ન હોય છતાં તે વિષય ઉપર કાયદો ઘડી કાઢવામાં પાછી પાની કરતા નથી. કેળવણી અને શિક્ષણ સંબંધે અજ્ઞાન હોવા છતાં તેવા ગંભીર વિષયો ઉપર પણ તે ધારાશાસ્ત્રીઓ કાયદા ઘડી શકે છે. કોઈ પણ દિશામાં કોઈ પણ વિષય ઉપર ધારાઓ અને કાયદાઓ ઘડવાનું પ્રભુત્વ અને પ્રજ્ઞા પોતાનામાં આ લોકો કલ્પી લે છે. સાથોસાથ આવી રીતે ઘડાયેલા કાયદાનો અનાદર કરનારને જે શિક્ષા થવાની છે તેનો ખ્યાલ પણ તેઓજ કરી લે છે. એટલે કે ધારાઓ ઘડનાર કરતાં જે લોકો વધારે નીતિમાન છે તેમને ભાગે જેલ અને ફાંસી આ કાયદાની કરામતથી આવે છે.

કાયદાની પ્રતિષ્ઠાના રક્ષકો તો જુઓ ! ગુન્હો શોધનાર ડીટેકટીવ પોલીસ પોતાના હડકાયા કુતરા જેવા ધંધાને ધિક્કારતો તમે જોશો. તાજના સાક્ષીની જુબાનીને પસ્તાવાનું પ્રાયશ્ચિત ગણવામાં આવે છે. એ પણ કેટલું હાસ્યાસ્પદ છે. જ્યારે જેલનો રખેવાળ તો પોતાની ભલી લાગણીઓનું દેવાળું જ કાઢીને બેઠેલો જોવામાં આવે છે. ખરું જોતાં તો કાયદાની પ્રતિષ્ઠા જાળવવામાં અપ્રમાણિકતા, લાંચ, રૂશ્વત અથવા તો મનુષ્યની હલકામાં હલકી વૃત્તિઓને પોષણ આપવામાં આવે છે.

આ બધું આપણે જ્યારે નજરો નજર જોઈએ છીએ અને જાણીયે છીએ ત્યારે “ કાયદાને માન આપો ” એમ કહેવાને બદલે “ કાયદાને ધિક્કારો ” એમ સહજજ કહી નાંખીયે છીએ. કાયદાનો અમલ કરવામાં આપણને બાયલાપણું હીચકારાપણું આજે જણાય છે, એટલે આપણે તેની સામે બંડ કરવા સમાજને નિમંત્રીએ છીએ.

અત્યાર સુધી કાયદાને નામે થયેલાં ભલાં બૂરાના નફાતોટાનો હિસાબ તપાસતાં જણાશે કે આ અનાદરની ઘોષણા સાવ યોગ્ય છે.

પ્રકરણ ૨ જું

મૂળ

એકંદર રીતે કાયદો એ અર્વાચીન યુગની કૃતિ છે. સૈકાઓથી જીવનવ્યવહાર કોઈ પણ લેખીત કાયદાની મદદ શિવાય ચાલતો હતો, તે જમાનામાં નિર્વાહનાં સાધન શિકાર અને ખેતીવાડી મુખ્ય હતાં, અને એકંદર વ્યવહારમાં ઊતરી આવેલા રીત-રિવાજો અને રૂઢિઓ ઉપર ચાલતો હતો. જેમકે ખેતી કેમ કરવી, અગર તો શિકાર કેમ ખેલવો એ બાળકોને નાની ઉમરથી જ શીખવવામાં આવતું તેમ આ વ્યવહાર નિર્વાહ પણ એજ રીતે તેઓ શીખી લેતાં.

મનુષ્યકૃત પ્રત્યેક સંસ્થા આ જાતની દશામાંથી પસાર થઈ હોય છે. અને આજ પણ માનવ જાતનો મોટો સમુદાય લેખીત કાયદા શિવાય પોતાનો વ્યવહાર ચલાવતાં જોવામાં આવે છે. કોમેકોમ અને પ્રત્યેક જાતિના રૂઢિ અને રિવાજો સ્થપાઈ ગયા હોય છે. અને તે પ્રમાણે વ્યવહાર ચલાવવાની પ્રણાલિકા પડી ગઈ હોય છે. ગામ અને ગામ વચ્ચે કે જાતિ જાતિ વચ્ચેનો સુસંબંધ અને વ્યવહાર જાળવી રાખવામાં આ રીત રિવાજ અને પ્રણાલિકા સારો ભાગ ભજવે છે.

આજના આપણા સુધરેલા કહેવાતા જમાનામાં પણ મોટાં મોટાં શહેરો બાજુ પર રાખતાં ઊંડાણના અંદરનાં ગામોમાં જોશું તો હજીયે જૂની પ્રથા, જૂના રીતરિવાજો અને જૂની રૂઢિ મુજબજ તે ગ્રામ્ય સમાજ ચાલી રહ્યો હોય છે. લેખીત કાયદાના નિમંત્રણની તેમને જરૂર જણાતી નથી. રશીયા, ઈટલી, સ્પેન કે ઈંગ્લાંડ અગર જર્મની-ના ખેડૂતવર્ગને આ કાયદાની કલ્પનાયે હોતી નથી, અને દરકાર પણ નથી. આજનો કાયદો ઉલટું તેમના અને રાજ્યની વચ્ચેના વ્યવહારમાં નકામી દખલ કરે છે. તેમનો ખાનગી અને આંતરિક વ્યવ-હાર જો કે અવડચવડીયો હોય છે છતાં તે રૂઢિ બલ ઉપર ચાલે છે અને તેથી સાદો અને સીધો છે. જમાનાઓ પહેલાં આખીયે માનવ-જાત આ જ પ્રમાણે રૂઢિ અને પ્રણાલિકા ઉપર જ ચાલતી. તે જમાનાના લોકોમાં અભ્યાસ કરતાં રૂઢિ બળના બે ફાંટા નજરે ચઢે છે.

મનુષ્ય એકાંતપ્રિય પ્રાણી નથી. તે સામાજિક પ્રાણી છે. તેથી તેનામાં સામાજિક જીવનને વિકસાવનારા રીતરિવાજો અને ટેવો સહજ દેખાય છે. સમાજની હસ્તી અને વિકાસ આ સહકારી તત્વો ઉપર જ અવલંબિત છે. આ રીતરિવાજો અને રૂઢિ અગર તો પ્રથા શિવાય તો સર્વમાન્ય એવું સહકારી જીવન જ અસંભવિત થઈ પડે. લેખીત પ્રબંધો કે કાયદા ઉપર આ જીવન રચાયું નથી આ સહકારી જીવન કાયદા કરતાં પુરાણું છે. જીવનનો સહકાર કંઈ ધર્મશાસ્ત્રોના આદેશનું યે પરિણામ નથી. ધર્મ કરતાં સમાજ પુરાણો છે. મનુષ્ય તો શું પણ પશુ પક્ષી ઈત્યાદિ, પ્રાણી, જગત્ પણ આજ જાતના સહકારી જીવન ઉપર જ ચાલે છે. પશુ પક્ષીઓની સ્વયંસ્ફૂરણાની (instinct) જેમ આ સહકારી તત્વ જગત્ના અણુએ અણુમાં પરવરી રહ્યું હોય છે. જીવન વિગ્રહમાં સફલતાનો આધાર પરસ્પરા-વલંબન છે. તેને અનુકૂળ અને જરૂરી સહકારી જીવન એ ઉત્ક્રાંતિના નિયમોમાંથી જ નિષ્પન્ન થતું જણાય છે. પોતાનાં જ સગાં સંબંધીઓને મારી નાંખી તેના માંસ પર વર્ષભર નિર્વાહ ચલાવનાર મનુષ્ય ભક્ષકને

પણ તેવા જંગલી હિંસક જીવન કરતાં ખેતી આકર્ષક લાગે છે. અને તે રીતે પોતાની હિંસક વૃત્તિનો ત્યાગ કરી તેઓ સામાજિક જીવનમાં સહકાર શોધે છે. વળી કેટલાયે પ્રવાસીઓએ રાજા કે કાયદા વગરની અનિયંત્રિત સ્વતંત્ર જાતિઓના વ્યવહારનાં વર્ણનો કર્યા છે. તેમાં વગર કારણે હાલતાં ચાલતાં માણસોની રેંસારેંસીનું ખ્યાન નથી આવતું તેઓ ડગલે ને પગલે કટારીનો ઉપયોગ નથી કરતાં. કેમકે મનુષ્ય હૃદયમાં રહેલી બંધુભાવના અને સહકારિતા એ સામાજિક જીવન જ છે. અને તે તેમનામાં આપો આપજ સ્ફૂરતી હોઈને પોતાની તકરારોની પતાવટ ત્રાહીત માણસ પાસે કરાવવાનું તેઓ પસંદ કરે છે. આપણા આજના સામાજિક સદ્‌ગુણો પણ કંઈ કાયદાના નિમંત્રણને આભારી નથી. કેમકે જ્યારે જગત્‌માં કાયદો અને ધર્મભાવના જન્મ્યાં પણ ન હતાં ત્યારે પણ તે જંગલી જમાનાના લોકો પરોણાગત માટે પ્રખ્યાત હતા. મનુષ્ય જીવનની ઉદારતા તેઓ સમજતા હતા. તે વખતે પણ તેઓ પરસ્પરાવલંબિત જીવનમાં માનતા હતા. દુઃખી અને અશક્તને મદદ કરવામાં તેઓ બહાદુરી સમજતા. બચ્ચાં, મિત્રો અને ગામ કે સ્વદેશ માટે પ્રાણાર્પણ કરવાની કુરબાનીની ભાવના તેમનામાંયે હતી. આ ઉત્કૃષ્ટ ભાવનાઓ સામાજિક જીવનમાં ઓતપ્રોત ઊતરી આવેલ છે. સહકારી જીવનનું આ એક સ્વાભાવિક અને પ્રધાન તત્વ છે.

તેમ છતાં એક બીજો ફાંટો પણ આજના વ્યવહારમાં જોવામાં આવે છે. ઉપરોક્ત ઉત્કૃષ્ટ ભાવનાઓની સાથોસાથ ઈતર ઈચ્છાઓ અને લાલસાઓ પણ સમાજમાં ઊતરી આવી છે. અને તેમાંથી જીવન વ્યવહારમાં નવા ચીલા પડતા પણ આપણે જોઈએ છીએ. સમાજમાં સાથે વસતાં મનુષ્યોમાં એક વર્ગને બીજા ઉપર અધિકાર ચલાવવાની અને અમલ બજાવવાની સહજ જ ઈચ્છા થાય છે. તે એમ ઈચ્છે છે કે બીજા લોકો મ્હારી આજ્ઞાનું પાલન કરે તો કોઈ એક વર્ગમાં બીજાએ શ્રમ ઊઠાવીને ઊપજાવેલું ફળ ઉચાપત કરવાની લાલસા થઈ આવે છે. એટલે કે એક વર્ગ એમ માને છે કે માલેકની

સુખ સગવડ ગુલામોએ પરિશ્રમ ઊઠાવીને સાચવવી જ જોઈએ અને માલેકો પોતે પરિશ્રમ ઊઠાવવાને બંધાયેલા નથી. અસામાજિક સ્વાર્થી લાગણીઓ ધરાવતો એક નીરાળો વર્ગ પણ સમાજમાં છે. પાદરી કે સૈનિક પોતે નિર્બળ બનીને બીજામાં ભયનું ભૂત બેસાડવા ઉદ્યુક્ત થાય છે કેમકે તોજ તેની પ્રતિષ્ઠા વધે છે અને તેનું મહત્ત્વ પણ વધે છે. ઉપલા બંને વર્ગો એ સાથે મળીને સમાજ ઉપર પોતાની સત્તા અને અનુકૂળ રીતરિવાજો જમાવી દીધા છે અને તે રીતે પોતાનો અધિકાર સ્થાપી દીધો છે. જનતામાં આળસ અને પ્રમાદને પરિણામે ભયની લાગણી વિશેષ જોવામાં આવે છે. આ ભયગ્રસ્ત ઢીલી મનો-દશાનો લાભ લઈને તેઓએ પોતાની સત્તા અને અધિકારની જડ ઊંડી ઘાલી દીધી છે. સમાજનો પાયોજ કંઈક તેમના દોરેલા ધોરણ ઉપરજ રચાયો હોય એવું સમાજમાં ઠસી ગયું છે.

મનુષ્યજાત લાગણી પ્રધાન અને વહેમી છે. "જૂનું તે સોનું અને નવું તે ખોટું" એ વહેમ તેમનામાં આજ કેટલાએ સમયથી જડ થઈ રહ્યો છે. બચ્ચાંઓ અને જંગલી ગણાતા લોકોમાં આ વહેમ મોટા પ્રમાણમાં મળી આવે છે. કોઈ પણ સમાજમાં નવો અખતરો થતાં જ માણસો ભડકી ઊઠે છે અને જૂની પુરાણી પ્રથાના પૂજારી બની જાય છે. તેમની એક દલીલ એવી હોય છે કે આપણા વડીલો તો આમ કરતા અને તેમને કંઈ પણ દુઃખ કે અંતરાય નહોતો લાગ્યો તો આપણે પણ તેજ માર્ગે ચાલવું જોઈએ. તેમાં જ સલા-મતી છે. યુવાનો જ્યારે પણ કંઈક નવીનતા દાખલ કરવા મથે છે કે તરત જ વડીલો તેમને ધૂતકારી કાઢે છે. અદૃષ્ટથી તેઓ કંપે છે. સ્થિતિ ચૂસ્તતામાં તેઓ રાચે છે. પછી ભલેને જૂના ચીલામાં ચાલ-વાને પરિણામે તેમને ત્રાસ, ગુલામી અને ગરીબી સોસવાં પડે! આ સ્થિતિચૂસ્તાને અંગે જ અધિકારી વર્ગે તેમના ઉપર સત્તા જમાવી છે. તેઓએ તે લાગણીનો પૂરેપુરો લાભ ઊઠાવ્યો છે.

દુઃખી અને ત્રસ્ત મનુષ્ય એટલો તો ઢીલો અને પાગલ થઈ જાય છે કે તે પ્રયોગથી ડરે છે. તેને સંદેહ રહે છે કે રખેને તેનું દુઃખ દૂર કરવાને બદલે વધુ દુઃખી થાય! તેના દુઃખી અને અંધકારમય જીવનપ્રદેશમાં આશાનું એક આછું પાતળું કિરણ જો પ્રવેશ કરે તો જ તે પોતાની પરિસ્થિતિ સુધારવા થોડો પણ શ્રમ ઊઠાવવા ઉદ્યુક્ત થશે; તો જ તે પોતાના જીવનની જૂની શ્રેણી બદલવાનો વિચાર સરખોયે કરશે. નહિં તો પોતાના જીવનવ્યવહારમાં લેશ માત્ર પણ ફેરફાર કરવાની તેનામાં હિંમત નહિ આવે અને તેવું જોખમ ખેડશે નહિ. જ્યાં સુધી એનામાં આશાનો પ્રાણસંચાર થયો નથી અને જ્યાં સુધી તેના વહેમ અને ભય ઉપર મહાલતા લોકોએ પાથરેલી જાળમાંથી છૂટવાનો એ શ્રમ નહિ ઊઠાવે ત્યાં સુધી તેની સ્થિતિમાં સુધારો થવાની આશા જ નથી. પરિણામે તે તેટલો જ દુઃખી અને હેરાન રહેવાનો. કેટલીક જંગલી જાતો તો વડીલોએ પાડી આપેલા નિયમોનું ઉલ્લંઘન કરતાં મરણને ભલું ગણે છે. કેમકે તેમને બચપણથી જ એમ સમજાવવામાં આવ્યું હોય છે કે પાડી આપેલા ચીલા બહાર જનાર ઉપર કુદરતનો કોપ, દુઃખ અને ત્રાસ ઊતરી પડે છે.

જેમ યુવાનો નવો પ્રયોગ કરે છે ત્યારે વડીલો ભડકી ઊઠે છે અને તેમને અટકાવે છે તેમ કેટલાક સ્થિતિચૂસ્ત રાજદ્વારી પુરુષો કે અર્થશાસ્ત્રીઓ અને સુધારકો પણ નવીનતાથી ભડકતા જોવામાં આવે છે. અને ઓસરતા ભૂતને વળગી રહે છે. કોઈ પણ પ્રવૃત્તિ કે પગલાને માટે ભૂતકાળનું પ્રમાણ તેઓ શોધતા ફરે છે. અરે! ક્રાંતિના કહેવાતા ઉપાસકો પણ ભૂતકાળમાં થઈ ગએલી ક્રાંતિનું જ અનુકરણ કર્યા કરે છે. તેમનામાં નવું ખેડવાનું સાહસ નથી હોતું.

આમ એકજ ચીલે ચાલવાની પ્રથા તે આળસ, પ્રમાદ અને બાયલાપણાનું પરિણામ છે, અને તેજ સારીયે મનુષ્ય જાતિની ગુલામીનું ખરું કારણ છે. આ સ્થિતિચુસ્તતાને પાદરીઓ અને રાજવીઓએ

પોતાના લાભમાં વાળી, પોતાને ઉપયોગી, અનુકુળ અને સત્તા વધારનારા જેટલા જેટલા રીતરિવાજો હતા તેજ સમાજમાં ફેલાવ્યા અને બીજા ભૂંસાડી નાંખ્યા. જ્યાંસુધી લોકોને જૂના અને નવા વચ્ચેની આંધી ચઢી હતી અને માણસ માણસ વચ્ચેની અસમાનતા કુદરતી સ્થીતિ માનવામાં આવતી હતી ત્યાં સુધી આધુનિક કાયદાઓ અને આજની શસ્ત્ર સામગ્રીની જરૂર જણાતી ન હતી.

પરંતુ જેમ જેમ સમાજમાં વર્ગભેદ વધવા લાગ્યો અને અધિકારની ભાવના વધતી ચાલી તેમ તેમ સામાજિક કલહે નવું સ્વરૂપ લેવા માંડ્યું. ત્યારે શાસકોએ પોતાની સત્તા ચાલુ રાખવા નવા માર્ગો શોધ્યા. અને તેને બની શકે તેટલું ચોક્કસ અને પાકું રૂપ આપવાની શરૂઆત કરી દીધી. કાયદાને આધીન જીવનની ત્યારથી જ શરૂઆત થઈ. આ કાયદાને ધર્માચાર્યોએ નવાજ્યો; જ્યારે તેના રક્ષણ અને અમલ માટે કાયદાદેવીને ચરણે રાજ્યનું સારું ય સૈન્ય ધરી દેવામાં આવ્યું. સશસ્ત્ર અને સશક્ત લઘુમતિના લાભમાં જે જે રીતરિવાજો અને રૂઢિઓ પ્રચલિત હતી તે જડએસલાક કરી નાંખવાનું કાયદાનું મુખ્ય કામ હતું. તેની અમલ બજાવણી લશ્કર અને પોલીસ મારફત થવા લાગી. એટલે પોલીસ અને લશ્કર ખાતાંને માટે તો આ નવો અધિકાર માનવંતો નીવડ્યો. આજ સુધી તો પોલીસો અને સૈનિકો માત્ર પોતાના પાશવ બળ ઉપર જ રાચતા. પણ હવેથી તેમને "કાયદાના રક્ષક"નો માનવંતો અધિકાર મળ્યો.

જો આ કાયદો માત્ર અધિકારી વર્ગને જ ઉપયોગી અને લાભદાયી નીવડે તો જનતા પાસેથી તેને માટે મંજુરી મેળવવામાં અને તેમાં તેનો અમલ કરવામાં મુશ્કેલીઓ ઊભી થાય અને તેથી ધારાશાસ્ત્રીઓએ એક નવી યુક્તિનો ઉપયોગ કર્યો. સામાજિક જીવન માટે અનિવાર્ય ધારાધોરણ તેમજ સામાન્ય અને સર્વમાન્ય નીતિ નીયમો સાથે સત્તાધારી અને ખાસ હકદાર વર્ગને અનુકૂળ અને ચાલુ અસ-

માનતાને કાયમ નીભાવી રાખનારા આદેશોને શેળભેળ કરી નાંખ્યા. એટલે દૂધમાંથી પાણી શોધવાની જેમ, જીવનવ્યવહાર માટે અનિવાર્ય સહકારી અને નીતિના નિયમો કયા છે અને શાહી પંજો જડ કરનારા કાયદાઓ કયા છે તે જુદા પાડવાની મુશ્કેલી પડી. અને તેથી જ આ જાતના વિચિત્ર મિશ્રણ મળી આવે છે. "વધ કરશોમાં" "ચોરી કરશોમાં" એવા સામાજિક નીતિના આદેશ સાથે જ. "કર નહિ ભરનારનું" "માથું ધડથી જુદું થશે" 'અગર સજાને પાત્ર થશે' એવી વિચિત્ર આજ્ઞાઓ આપણા આજના કાયદાનાં પુસ્તકોમાંથી મળી આવે છે. આ પ્રમાણે આપણા કાયદાઓ બેવડી ભાત પાડે છે. અને તેજ ધોરણ ઉપર તે લખાયા છે અને રચાયા છે. કાયદાની શરૂઆત શાસકોની સત્તા સ્થાપીત કરવાની સ્વાર્થી વૃત્તિમાંથી થાય છે અને તે હેતુથી તેમાં સર્વમાન્ય નીતિનિયમોનું અને આપખુદી હક્કો જાળવનારા લાભદાયી નિયમોનું આબાદ મિશ્રણ કરી દેવામાં આવ્યું છે. તેનો અમલ શિક્ષાનું ભૂત બતાવીને થાય છે.

મુડીની માફક કાયદો દંભ અને હિંસામાંથી જન્મ પામ્યો છે. અને તેનો વિકાસ શાસન અને ત્રાસ ઉપર અવલંબિત છે અને તે કારણે તે સમાજમાં આદરને પાત્ર નથી. જે કાયદો વહેમ અને શિક્ષાના જોર ઉપર જ ઝઝૂમી રહ્યો છે. અને જેનો લાભ માત્ર ધર્માચાર્યો અને જનતાને ચૂસનારાં ગીધડાંઓને જ મળે છે. તે કાયદો નષ્ટ થવો જ જોઈએ. અને જ્યારે પણ જનતામાં પોતાની ગુલામી શૃંખલા તોડીને શુદ્ધ સ્વતંત્રતાની ભાવના જાગી ઊઠે તે દિવસે તેનો એટલે કે કાયદાનો નાશ કર્યે જ છૂટકો છે.

આ કાયદો ધર્મ, રાજનીતિ અને પ્રજાતંત્રના આકર્ષક નામ નીચે કેવું કામ કરી રહ્યો છે તે તપાસશું ત્યારે આપણને જરૂર લાગી આવશે કે આજનો કાયદો સમાજની સુવ્યવસ્થા નથી સાધતો પણ તેને વિનાશને માર્ગે લઈ જાય છે.

પ્રકરણ ૩ જું

વિકાસ

કાયદાનું મૂળ પ્રચલિત રીતરિવાજો અને રૂઢિમાં છે; એ આપણે જોયું. કાયદાઓને શરૂઆતથી જ સામાજિક જીવન વ્યવહાર માટે જરૂરી નિયમો અને ખાસ વર્ગ કે સત્તાધારીઓના લાભાર્થે યોજાયેલા. કાયદાઓની સાથે કેવી કુશળતાથી ભેળવી દેવામાં આવ્યા તે પણ આપણે જોઈ ગયા. તેમ કરવામાં સત્તાધારીઓએ તથા ધારાશાસ્ત્રીઓએ જનસમાજના વહેમો અને નબળાઈઓનો પૂરેપુરો લાભ પણ ઊઠાવ્યો. રાજકીય સંસ્થાઓની સાથોસાથ કાયદાનો પણ વિકાસ થયો છે. અને તેમાં તેની બેવડી ભાતની બહુજ અચ્છી છાપ પડે છે. આજ સૈકાઓ થયાં વહેવારુ નિયમોમાં બહુજ ઓછા ફેરફારો થયા છે, જ્યારે અધિકારી વર્ગને લાભના નિયમોમાં કે કાયદાઓમાં જે જે ફેરફારો થયા છે તેમાં તેમના જ લાભનું દૃષ્ટિબિન્દુ પ્રધાન છે. અને પરિણામે જેમની ઉપર તેઓ જુલમ ગુજારે છે તે દલિત વર્ગનું તો તેમાં નુકશાનજ છે.

પદચ્યુત અને દલિત વર્ગના હક્કોના રક્ષણ અને સલામતીના ડોળ નીચે અધિકારી વર્ગ હંમેશ પોતાનો જ લાભ સાધી લે છે. કાયદામાં જે ફેરફાર તેઓ કરવા દે છે તે કેમ જાણે પરાણે કરાવી લેવામાં આવ્યા હોય એવો દંભ તેઓ બતાવે છે. ઉત્તમ કાયદો કોને

કહેવો તે સંબંધમાં આંગ્લ ઈતિહાસકાર બકલ કહે છે કે "જે કાયદો ચાલુ પરિસ્થિતિમાં ખરેખરો સુધારો દાખલ કરી શકે તેજ ઉત્તમ કહેવાય" પરંતુ આ જાતનો સાચો સુધારો દાખલ કરતાં કેટલો પરિશ્રમ, કેટલી જહેમત ઊઠાવવી પડે છે તેનો કોઈએ વિચાર કર્યો છે? ઇતિહાસ આજે સાક્ષી પુરે છે કે તેમ કરતાં લોહીની નીકો વહી છે. એક ફ્રાન્સનો જ દાખલો લઈએ. ઉમરાવો અને ધર્માચાર્યોના ત્રાસમાંથી મુક્ત થવા અને જમીનદારોની ગુલામીના છેલ્લા નામનિર્દેશનો ધ્વંસ કરવા ફ્રાન્સની જનતાને વિપ્લવના ચાર વર્ષના ભીષણ હત્યાકાંડમાંથી પસાર થવું પડ્યું, અને શાસકો સાથે વીસ વર્ષ તો યુદ્ધ કરવું પડ્યું. ઓછામાં ઓછો અન્યાયી કાયદો કાઢવા જતાં પણ દશકાઓ સુધી ચળવળ અને જહેમત ઊઠાવવાં પડે છે. અને તેમ છતાં પણ માત્ર ચળવળના જોશ દરમિયાનજ તેનો અન્યાયી અમલ અટકે છે."

મૂડીવાદનો ઇતિહાસ સમાજવાદીઓએ અનેક વખત ગાયો છે. તેનો ઉદ્‌ભવ લટાઈ અને લૂંટમાંથી છે. તેનો વિકાસ શોષણ, દંભ અને ગુલામીમાં પરિણમે છે. કામદારોના લોહીનું પાણી કરી તેણે પોતાની પ્રગતિ સાધી છે. અને તે રીતે જગત્ ઉપર તેણે પોતાનું સાર્વભૌમત્વ સ્થાપ્યું છે. એટલો જ વેધક ઇતિહાસ કાયદાનો છે. તે હજી ગવાયો નથી. પણ સામાન્ય રીતે બને છે તેમ, તત્વજ્ઞો અને નિરીક્ષકો કરતાં સામાન્ય જનતામાં આ સંબંધે ચણચણાટી શરૂ થઈ ગઈ છે. અને લોકો આજે આ કાયદાજન્ય સંસ્કૃતિનાં ખાસ અંગો અને તેના રંગરાગ ઉપર વિચાર કરતા થઈ ગયા છે.

મૂડીવાદની માફક કાયદો પણ જનતાનું લોહી ચૂસી રહ્યો છે. અને તેને ગુલામગીરીમાં જકડી રાખે છે. મૂડીવાદનાં પ્રત્યેક અંગ ઉપાંગો સાથે કાયદો સર્વાંશે મળતો આવે છે, અને તે દૃષ્ટિથી કાયદો અને મૂડી એકજ માબાપનાં ભાઈબેન કહી શકાય. કેમકે સમસ્ત માનવ જાતનાં દુઃખ અને પરાધીનતાને ભોગે તે બન્ને પોતાનો વિકાસ

સાધી રહ્યાં છે. યુરોપનો કોઈ પણ દેશ જોશું તો ત્યાં તેનો વિકાસ એક ધારો જ જણાશે. તેના મુખ્ય મુખ્ય અંશોમાં જરા પણ ફેરફાર જણાતો નથી. જે થોડો પણ ફેર છે તે ઉપર ટપકેનો જ છે. ફ્રાન્સ અગર જરમન રાષ્ટ્રના કાયદાનાં બંધારણ અને વિકાસનું નિરીક્ષણ કરતાં જણાશે કે તેમાં યુરોપીય રાષ્ટ્રોનો જ ઇતિહાસ લખાઈ રહ્યો છે.

શરૂઆતમાં કાયદો રાજા અને પ્રજા વચ્ચે તહનામું હતું. આ તહનામાની શરતોનું યથાયોગ્ય પાલન ક્વચિત્ જ થતું. તે વખતે પણ તવંગર અને સશક્તની જ હકુમત વસ્તુતઃ ચાલતી. પરંતુ તેમ છતાં એટલું તો ચોક્કસ જણાઈ આવે છે કે જ્યારે જનતાએ માથું ઊંચક્યું છે ત્યારે સત્તાધારીઓને પોતાનો અમલ ટકાવી રાખવામાં સારી મૂશ્કેલી નડી છે.

પણ ધીરેધીરે પ્રજાના હાથમાંથી આ મૂળભૂત અધિકાર સરવા લાગ્યો અને ધર્માચાર્યો અને ઉમરાવોના હાથમાં ગયો. દેવળ, મંદિર કે મઠની તીજોરીઓમાં જેમ જેમ પૈસો એકઠો થવા લાગ્યો તેમ તેમ તેનો ઉપયોગ પ્રજાની જ સામે થવા લાગ્યો. અને ધર્માધિકારીઓએ પોતાની સત્તા જમાવી. પતિતોના ઉદ્ધાર કરવાના ઉત્કૃષ્ટ પણ દંભી બહાના નીચે વ્યક્તિગત વિષયમાં પણ ધર્મને લાવવામાં આવ્યો. અને તે રીતે લોકો પાસે ધર્મને નામે ગુલામગીરી કરાવવા લાગ્યા. અને કર ઉઘરાવવાની પણ શરૂઆત કરી દીધી. તેમની સામે થનારને ધર્મદ્રોહી ગણી, શિક્ષા અને દંડ કરવા લાગ્યા. ખરું કહીએ તો તે જમાનામાં લોકહિત અને કાયદો પરસ્પર વિરોધી હતાં.

ઉમરાવોએ પણ ન્યાય તોળવાનું કાર્ય પોતાની પાસે લઈ લીધું, એને તે રીતે ખેડૂતો અને કામદારો ઉપર પોતાની સત્તા જમાવી દીધી. નાનાં શહેરોના કારીગરો પણ આજ રીતે એક સત્તાના અમલ નીચે આવી ગયા. અલબત કેટલાક કાયદાઓમાં રાષ્ટ્રહીતની ઝાંખી થાય છે. પણ તે કાયદાઓમાં તપાસતાં આપણને જણાય છે કે કાંતો તે કાયદાઓ સામાન્ય જીવન વ્યવહારના નિયંત્રણાર્થે યોજાયા હોય છે

અગર તો તે મજૂર અને માલેકોના વ્યવહારને વ્યવસ્થિત કરે છે. લોકો પણ જેમ જેમ ખેતી વગેરે ઉદ્યોગોમાં પડવા લાગ્યા તેમ તેમ તેઓ શાંતિપ્રિય થઈ ગયા. આ સ્થીતિનો લાભ લેવાનું સત્તાધીશો ચૂક્યા નથી. કેમકે તે જ અરસામાં તેમણે પોતાની સત્તા જમાવી દીધી છે. અને તે રીતે કાયદો ઘડવાનું કામ લૂટારુઓ અને ધાડપાડુઓના હાથમાં ગયું. પણ તેઓએ લોકોની ન્યાયવૃત્તિને પંપાળી, ન્યાયના ઉપાસક હોવાનો ડોળ રાખીને પોતાની સત્તા આગળ વધારી; અને રાજ્યની આમદાની પણ વધારી.

આધુનીક કાયદાઓ આ ઉઠાવગીર ઉમરાવો અને ધર્મને નામે ચરીખાનારા પાદરીઓનો જ વારસો છે. અને આપણે આજે તેવા કાયદાને માન આપીએ છીએ.

ઔદ્યોગિક પરિવર્તનને પરિણામે ઊભાં થયેલાં નવાં શહેરોએ આ સ્થીતિ સામે પ્રથમ બંડ ઊઠાવ્યું. અને તેથી પાદરીઓ અને ઉમરાવોની આપખુદ સત્તા અને નવી પરિસ્થીતિ વચ્ચે સમાધાની થઈ. તેમ છતાં આજની અને તે પરિસ્થીતિ વચ્ચે આસમાન જમીનનો ફેર છે. શહેરસંસ્થા રાજદ્વારી ગુન્હા કરનાર નાગરીકને સજા કરવાની કે ફાંસી દેવાની પણ જવાબદારી ઊઠાવી નહિ. પણ દેશદ્રોહીઓને હદપાર કરી તેમની મીલકત જપ્ત કરીને સંતોષ માન્યો. ઉપરાંત ગેરવર્તણૂકના ગુન્હા માટે માત્ર દંડ કરવાની સત્તા તેણે રાખી. બારમી સદીના એક ભલા કાયદામાં તો એવું પણ છે કે સમાજના કોઈ પણ સભ્યની ગેરવર્તણૂક માટે આખો સમાજ જવાબદાર ગણાતો. તે જમાનામાં ગુન્હો એ અકસ્માત ગણાતો અને ગુન્હેગાર કમનસીબ લેખાતો. આજે પણ રશીયાના ખેડૂતોમાં આ જાતની ઉત્કૃષ્ટ ભાવના જોવામાં આવે છે. તેઓ ગુન્હાના વ્યક્તિગત દોષારોપણની બાબતમાં બાઈબલથી જુદા પડે છે. તેમના એ ધર્મગ્રંથની વિરુદ્ધ પડીને તેઓ ગુન્હેગારના ગુન્હા માટે આખા

સમાજને જવાબદાર ગણવા લાગ્યા. યુરોપના દેશોમાં ધર્મને નામે જે અમાનુષી અત્યાચારો થયા છે, તેને માટે ગ્રીસના અને બીજા મુખ્ય મુખ્ય ધર્મગુરુઓ જ જવાબદાર છે. તેઓ પૌરસ્ત્ય દેશોના આપખુદ અને અત્યાચારી હાકેમોના સંસર્ગમાં આવવાથી તે જાતના જુલમો ફ્રાન્સ અને જરમનીની ઝનુની પ્રજામાં ઊતારી શક્યા. અને તે રીતે ગુન્હેગારોને ત્રાસ, જુલમ અને મોતની શિક્ષા પણ કરવા લાગ્યા. તે જ રીતે રોમન સામ્રાજ્યવાદની અસર નીચે તૈયાર થયેલા રોમન કાયદાઓમાં ખાનગી માલેકીનું તત્ત્વ પણ દાખલ થઈ ગયું. પ્રજામાં આ પહેલાં સમાજવાદી સહકારી ધોરણ પ્રચલિત હતું.

પણ સ્વતંત્ર થયેલાં શહેરો ઠેઠ સુધી પોતાની સત્તા ટકાવી ન શક્યા. તેમનામાં અંદર અંદર કજીયા વધવા લાગ્યા. ગુલામ અને જમીનદાર, તવંગર અને ગરીબ, એમ પરસ્પર વર્ગભેદ ઉપર જ તકરારો વધવા લાગી. અને તેને પરિણામે રાજાઓના હાથમાં સત્તા ચાલી ગઈને તેઓએ સત્તા જમાવી દીધી. જેમ જેમ તેમની સત્તા જામતી ગઈ તેમ તેમ કાયદા ઘડવાનું કામ રાજાના ખીદ્મતગારો અને ખુશામતીયા અમલદારોના હાથમાં ગયું. પ્રજાનો અવાજ સાંભળવાનો કે રાષ્ટ્રનો વિચાર માત્ર જ્યારે રાજાને કર નાંખવો હોય અગર પૈસાની જરૂર હોય ત્યારે જ થતો. પાર્લામેન્ટ અથવા તો રાષ્ટ્રીય સભા બોલાવવાનું તો રાજા અને તેના ખુશામતીયાઓની સ્વેચ્છા ઉપર અવલંબીત રહેતું. અને એક અને બીજી રાષ્ટ્રીય સભા બોલાવ્યાની વચ્ચે બબ્બે સૈકાઓ વીતી ગયાનો દાખલો ઇતિહાસ બતાવે છે. લોકોની દાદ ફરિયાદ પણ સાંભળવાની જેને દરકાર પણ નથી એવા બેજવાબદાર અમલદારો, ઉઠાવગીર ઉમરાવો, કાઉન્સીલ એકસ્ટ્રા ઓર્ડીનરી, (અસાધારણ કાયદામંડળ) વિગેરે ખાસ હક ધરાવનાર અધિકારી વર્ગ જ ધારા ઘડતા હતા. ફ્રાન્સમાં આ જમાનો તો એટલી હદ સુધી પહોંચ્યો હતો કે રાજ્યની ધુરા માત્ર એક જ આપખુદ વ્યક્તિના હાથમાં રહેતી. અને તે સત્તાથી મદોન્મત્ત બનેલો રાજા

સગર્વ એમ કહેતો કે " રાજ્ય ? હું જ મૂર્તિમંત રાજ્ય છું. " અને તેજ રીતે તે પોતાનું રાજ્ય અનિયંત્રિત ધોરણ પર ચલાવતો. રાજ્ય વ્યવસ્થા માટેના કાયદાઓ તેની ખાનગી કચેરીમાં ઘડાતા. તેના તોર અથવા તો તેના પ્રધાનમંડળના તરંગ ઉપર જે જે જહાંગીરી હુકમો અને ફતવાઓ નીકળતા, તે પ્રજાને માન્ય કરવા પડતા. અનાદર કરનાર બંડખોરને મોતની શિક્ષા થતી. ન્યાયનું ત્યાં નામ નિશાન નહતું. કાયદાનું રક્ષણ પણ ન મળતું. અને તેવી રીતે એક આખું રાષ્ટ્ર રાજા અને તેના ખુશામતીયા પ્રધાનોનું ગુલામ બની રહ્યું હતું. ફ્રાન્સમાં આ કામમાં જે શિક્ષાઓ થતી તેથી કોઈનું પણ હૃદય કંપી ઊઠે. પ્રજાને રંજાડવા, તેની ઉપર ત્રાસ ફેલાવવા જે જે જાતના જુલમો કર્યા છે તે અવર્ણનીય છે. સત્તાથી ઉન્મત્ત અને ચકચૂર બનેલા પાદરીઓ અને ઉમરાવો જ આ રીતે માણસોને જીવતાંને જીવતાં બાળી નાખતી કે દાટી દેતી, અને જનતા આ જુલમથી ત્રાહિ ત્રાહિ પુકારી ઊઠી હતી.

ફ્રાન્સના મહાન વિપ્લવ પછી આ જાતના જુલમનું ચોકઠું તૂટવા લાગ્યું. પણ તે પૂરેપુરું ન તૂટી શકયું. થોડા ઘણા જુલમી કાયદાઓને નષ્ટ કર્યા ત્યાં તો માલેકો અને મૂડીવાળાઓના હાથમાં જ કાયદાઓ ઘડવાની સત્તા આવી ગઈ. અને તેમણે પોતાનો કાબૂ કાયમ રાખનારા નવા કાયદાઓનું માલખું પ્રજા ઉપર ઠોકી બેસાડયું. તેને પરિણામે જનતા ઉપર મધ્યમવર્ગનું જોર વધી ગયું. આવા લોકોની બનેલી ધારાસભાઓ કાયદા ઘડવામાં જ રાચતી. અને તેમણે એટલી તો ઝડપથી કાયદાઓ ઘડ્યા છે કે કાયદાના થોથાંનો તો એક ડુંગર થાય ! પરંતુ આ કાયદાની ભીતરમાં શું હતું ?

કાયદાઓનો મોટો ભાગ તો માત્ર ખાનગી માલેકીના તંત્રના રક્ષણ માટે જ યોજાયેલો હતો અને ખાનગી માલેકી એટલે તો આપણે જાણીએ છીએ તેમ જનતાને લૂંટી ચૂસીચૂસીને ધન એકઠું કરનારું

મંડળ આવા ધનિકોની દોલતને જુદા જુદા લાભો બતાવી નવાં ક્ષેત્રો ઊઘાડી આપવાની કાયદાની ઉમેદ હતી. આપણે જોઈએ છીએ કે આ નવાં ક્ષેત્રો એટલે નવી શોષણ પદ્ધતિઓ. જેમ જેમ મૂડીવાદની જડ વધતી જાય છે તેમ તેમ શોષણના રૂપો અને પ્રકારો પણ વધતા જાય છે. ઉપરાંત મનુષ્યની નૈસર્ગીક અને સ્વાભાવીક શક્તિનો નાશ પણ આ મૂડીવાળાઓ કરતા જાય છે. રેલ્વે, તાર, વીજળી, રસાયણ, ઉદ્યોગ વિગેરે નૂતન સાધનો આવતાં માણસની શક્તિઓ ક્ષીણ થવા લાગી.

બાકી રહેલા કાયદાઓ રાજ્ય વ્યવસ્થાને અને બંધારણને લગતા કાયદા છે. ત્યાં પણ માલેકોનો પગ પેસારો તો છે જ. એટલે તે કાયદાઓની પણ પેરવી તેમના હક્કોનું રક્ષણ રાજ્યતંત્ર મારફત કરવાની છે. મૂડીવાળાઓને લૂંટ ચલાવવાની અને એક હથ્થુ વેપાર કરવાની સત્તા રાજ્યના કાયદાઓ આપે છે. અને તેમાં મદદ પણ કરે છે. ન્યાય, પોલીસ, લશ્કર, કેળવણી, નાણાં વ્યવસ્થા વિગેરે રાજ્યવહીવટનાં મુખ્ય ખાતાંઓ પણ આ નવા વસુ દેવની પૂજા આજે કરી રહ્યાં છે. અને તેનાજ રક્ષણ માટે રોજ મથ્યા કરે છે. કાયદાના રક્ષણ નીચે આજે મજૂરોને માલેકો દમી રહ્યા છે. આવી જાતના કાયદાઓ આજે સમાજમાં છે. તેની બરાબર યોગ્ય રીતે કસોટી કરશું તો ઉપરોક્ત કથનમાં તથ્યજ માલુમ પડશે.

મનુષ્ય રક્ષણ એ કાયદાનું ખાસ ધ્યેય ગણાય છે. છતાં આજના કાયદામંડળમાં અને તેના અમલમાં તે ગૌણપદે છે. આધુનીક સમાજમાં મનુષ્ય આક્રમણના કિસ્સાઓમાંથી વેરઝેર કે ઝનુનનો આવિર્ભાવ કમી થતો જાય છે. જો કોઈ પણ વ્યક્તિ ખૂન કરે છે તો તે સામાન્ય રીતે મરનારને લૂંટવાના ઈરાદાથી તેને મારી નાંખે છે. નહિ કે તેની પરત્વેની વેરની લાગણીથી પ્રેરાઈને. અને જો સમાજમાં આમ આ જાતના ગુન્હાઓ અને ખુનો ઓછા થતા જતા હોય તો તેને લગતા કાયદામાં ફેરફાર કરવાની જરૂર નથી. ખરી રીતે જોતાં આજે જન-

સમાજમાં પ્રાણી માત્ર તરફ પ્રેમની લાગણી વધતી જાય છે. લોકોમાં બંધુભાવનાનો વિકાસ જોવામાં આવે છે. અને આપણા સમાજમાં સહકારી ધોરણ પણ વધતું જ જાય છે. એટલે સમાજ સુધરતો જણાય છે. જો શરીર રક્ષણના કાયદામાં સુધારો કરીને ઈર્ષ્યા પ્રેરીત આક્રમણના કેસો પાછા ખેંચી લેવાય તો ઈર્ષ્યા અને ઝનુનથી થતાં આક્રમણો સદંતર અટકી જશે. કાયદો આ જાતનાં નિયંત્રણ કરીને તેમાં સુધારો કરીજ ન શકે.

છેલ્લા પચાસ વર્ષ દરમીયાન ઘણા ઉદાત્ત કાયદાઓ ઘડાયા છે અને તેની ઉપર આપણું ધ્યાન ખેંચવામાં આવે છે. પરંતુ આ ઉદાત્ત કાયદાઓ ખરી રીતે તો આગલા જમાનાના ક્રૂર અમાનુષી જુલ્મી કાયદાઓ ઉપર સુધારા છે. ઉદાત્ત ગણાતા કાયદાને આપણે ટુંકાણમાં જ ઓળખાવવા હોય તો એમ કહી શકાય કે જે કાયદાઓ મધ્યમ વર્ગને ખૂંચ્યા છે, અથવા તો ભારે પડ્યા છે, તે કાયદાઓમાં થોડોઘણો ફેરફાર એટલે ઉદાત્ત કાયદાઓ. બારમી સદીનાં શહેરો જે જાતની સ્વતંત્રતા ભોગવતાં હતાં, જે જાતના નાગરિકતાનાં હકો ભોગવતાં હતાં તે મેળવવાનો આ ઉદાત્ત કાયદાઓનો હેતુ છે. આજે મોતની શિક્ષાનો વિરોધ જોવામાં આવે છે. તેમજ ન્યાય આપતી વખતે ગુન્હાની તપાસ જ્યુરી સમક્ષ થાય છે. ઉપરાંત માજીસ્ટ્રેટોને નીમવાનો હક, ગુન્હેગાર અધિકારી ઉપર તપાસ ચલાવવાનો અધિકાર, મફત કેળવણી વિગેરે વિગેરે જે જે ઉદાત્ત કાયદાઓનાં પરિણામ ગણાવવામાં આવે છે તે બધાં આ બારમી સદીમાં પ્રચલીત તો હતાજ.

આ પ્રમાણે આધુનીક કાયદાઓ મીલકતને લગતા કાયદાઓ ઘડીને માલેકોને લૂંટવાનો અધિકાર સીધી રીતે આપે છે. જ્યારે રાજ્યવ્યવસ્થાના નામ નીચે એજ કાર્ય આડકતરી રીતે સધાય છે. અને તેમ કરવા માટે ખર્ચાળ રાજ્ય પદ્ધતિ નીભાવવી પડે છે. પણ આપણે માત્ર મીઠી શબ્દજાળથી સંતોષ ન માનવો જોઈએ. તેનાથી

ન છેતરાતાં તેનું શું રહસ્ય છે તે સમજવા પ્રયત્ન કરવો જોઈએ. જે કાયદા જનતાના સામન્ય દૈનિક વ્યવહારના નિયંત્રણાર્થે રૂઢિ અને રીત રિવાજમાંથી ઉદ્ભવ્યો તે જ આજે શ્રમજીવી જનતાને એદી ધનિકોના હાથમાં સુપ્રત કરે છે. અને તેમની ઉપર સત્તાનો અધિકાર અર્પે છે. આજે કાયદાનું ધ્યેય સમાજ સુધારણા નથી. પરંતુ ગરીબોને શોષી લેવાનું છે.

કાયદાનો વિકાસ આ જાતની વિકૃતિ બતાવે છે. અને ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે. અને કાયદાના અન્યાયી અમલના આવા પુરાવા છતાં આપણે તેને માન્ય કરવો કે આદર આપવો એ વધારે પડતું નથી ? મૂડીવાદ આહન લૂંટને નવાજે છે માટે તેનો નાશ ઇચ્છીયે છીયે તેવી રીતે કાયદો પણ ખાસ વર્ગના લાભમાં જ યોજાયેલો હોય તો તેનો નાશ અથવા તો અનાદર થવો જોઈએ. અને જેવી રીતે ખાનગી માલેકીનો નાશ એ જેમ પ્રત્યેક સમાજવાદીનું ધ્યેય છે તેમ ક્રાંતિકારીઓએ કાયદાઓની પણ હોળીજ કરવી જોઈએ.

પ્રકરણ ૪ થું

વિકૃતિ

મનુષ્ય જીવનના વ્યવહાર નિયંત્રણાર્થે યેજાએલા આજસુધીના લાખો કાયદાનું સૂક્ષ્મ પૃથક્કરણ કરતાં જણાય છે કે આ કાયદાઓને મુખ્યત્ત્વે કરીને ત્રણ વિભાગમાં વ્હેંચી શકાય. પ્રથમત: ખાનગી માલેકીના રક્ષણને લગતા કાયદાઓનો એક વિભાગ પાડી શકાય, તો બીજામાં શરીરરક્ષણ અને ગુન્હા શોધ સંબંધેના કાયદાઓનો સમાવેશ થાય, જ્યારે ત્રીજો વિભાગ રાજ્યવહીવટની સલામતી અને અમલ બજાવણીને લગતા બંધારણના કાયદાનો છે. આ ત્રણે વિભાગના કાયદાઓને ઉપયોગિતા અને સુધારણાની કસોટી ઉપર ચઢાવતાં જણાશે કે તે સદંતર નિરુપયોગી છે, એટલું જ નહિ પણ તેથી ઉલટું જનસમાજના વિકાસને બાધક અને નુકશાનકર્તા છે.

"ખાનગી માલેકી?" આ શબ્દના અર્થમાં શું શું ગર્ભીત છે તે સમાજવાદીઓ પૂરેપુરું સમજે છે. પોતાના પરિશ્રમથી ઉપજાવેલ વસ્તુ અગર તેની નીપજ ઉપર શ્રમજીવીનો સરખોજ હક્ક હોવો જોઈએ. તેને બદલે કોઈ એક વ્યક્તિ કે સમાજને પોતાના પરિશ્રમથી ઉપજાવેલ વસ્તુના ઉપભોગનો અધિકાર મળતોજ નથી. ઉલટું તેમના પરસેવાથી ઉત્પન્ન થયેલી વસ્તુ અગર તેની ઉપજ તેમની પાસેથી ઝૂંટવી લેવામાં આવે છે. અને તેનો લાભ ખાસ વિશિષ્ટ વ્યક્તિને

મળે છે. એક રીતે જોતાં આ પ્રમાણે મહેનત વગરનું ઝૂંટવી લેનાર ચોટ્ટાઓજ કહેવાય. પણ આપણા "ખાનગી માલેકી"ના કાયદાઓ તેવા લોકોને બીજાની મહેનતનું ફળ અપાવી દે તેવી કરામત કરે છે. દાખલા તરીકે કોઇ પણ એક ઘર કે ઝૂંપડુ લ્યો. એ ઘર ઉપર માલેકનો અધિકાર તો ત્યારે જ હોઈ શકે કે જ્યારે તેણે જાતે મહેનત કરી તે ઘર અગર ઝૂંપડુ બાંધ્યુ હોય, અથવા તો બહુમાં બહુ પોતાના મિત્રોની મદદથી બાંધ્યુ હોય. જ્યારે આજનો કાયદો જેણે ઘરના બાંધકામમાં જરા પણ શ્રમ ઊઠાવ્યો નથી, જરા પણ મદદ કરી નથી, તેનો આ મકાન ઉપર હક્ક સ્થાપીત કરી આપે છે. વધારામાં આ મકાનના ચણતરમાં શ્રમ ઊઠાવનારને પૂરું યોગ્ય મહેનતાણું પણ મળતું નથી. આ ઉપરાંત પણ એક બીજી દૃષ્ટિથી કોઈ એક ખાસ વ્યક્તિનો અધિકાર એ મકાન ઉપર ન હોવો જોઈએ. કેમકે મકાનની પુરેપુરી કીંમત આપવા તે કદાપી શક્તિમાન થવાનો નથી. કોઈ પણ મકાનની કીંમતને સામાજિક દૃષ્ટિબિન્દુ પણ હોવું જોઈએ. અને તે રીતેજ તેની કીંમત આંકવી જોઈએ. આફ્રિકાના જંગલમાં અગર તો સહારાના રણમાં બાંધેલા મકાનની કીંમત કરતાં લંડન પેરીસ કે ન્યુયોર્કના જાહેર લત્તા પર બાંધેલા મકાનની કીંમત જરૂર વધશે. કેમકે તેમાં તે મોટા શહેરનો વિકાસ કરનાર સેંકડો પૂર્વજોની મહેનતનો ફાળો છે. તે વિકાસ એક વ્યક્તિ માત્રથી શકય નથી. નગરની આકર્ષક રચના અને સગવડો પણ તે મકાનની કીંમતમાં વધારો કરે છે. ઉપરાંત શહેરના આરોગ્ય અને સુધારણાને અર્થે યોજાએલ પાણી, દીવાબત્તી, જાહેર બાગો, શાળાઓ, રંગભૂમિઓ, બજાર, રેલ્વે, ગામોગામને જોડનારા રસ્તાઓ વિગેરે પ્રત્યેક નાની મોટી આંકણીઓ ઉપર આ એક મકાનની કીંમતનો આધાર છે. અને તેવી એક સામાજિક વસ્તુ ઉપર "ખાનગી માલેકી"નો હક્ક સ્થાપીત કરવામાં આજનો કાયદો જનતાને ભારે અન્યાય કરે છે. આમ મકાન શિવાય બીજું કોઈ પણ ખાનગી માલેકીનું સ્વરૂપ

લેશું તો પણ આ જાતનો હડહડતો અન્યાય સ્પષ્ટ રીતે આગળ તરી આવશે. અને તેટલાજ માટે મનુષ્ય સ્વભાવે ન્યાયી છે છતાં આ કાયદાની પ્રપંચજાળ જાળવી રાખવાજ લશ્કરી ખર્ચો, પોલીસો, ન્યાય-મંદીરો વિગેરે સરજવાં પડે છે.

આખી જનતાની વિરુદ્ધ જઈને ખાસ વ્યક્તિના લાભાર્થેજ, તેમજ તેના વિશિષ્ટ એકહથ્થુ હક જાળવવાજ આજના કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આ વાત આપણી અદાલતો પણ સાબીત કરી આપશે. અદાલતોના ઝઘડાનો મોટો ભાગ તો બે લૂંટારુઓની વચ્ચે લૂંટની વહેંચણી સંબંધે પડેલા વાંધાને લગતોજ હોય છે. જ્યારે આજના ફોજદારી કાયદાઓ નોકરોની ઓચ્ચી માલેકોના પોલાદી પંઝામાં સોંપી દે છે, અને તેમને કાયમી પરતંત્ર દશામાં રાખી રહ્યા છે. આ રીતે કાયદાઓ ચૂસણ નીતિનો નિભાવ કરી રહ્યા છે.

શ્રમજીવીઓને તેમની મહેનતનું થોડું પણ ફળ મળે તેવી જાતની તો ગંધ સરખીયે કાયદાનાં પુસ્તકોમાં દેખાતી નથી. કેમ જાણે કામ-દારોની ગુલામી એ સાવ સાદી, સીધી અને સ્વાભાવીક હોય તેમ તેનો નિર્દેશ તો શું પણ વિચાર કરવાનીયે આજે જરૂર જણાતી નથી. આજની સુધરેલી સંસ્કૃતિમાં તલવારની ધારે ન્યાય તોળવાની પ્રથા લુપ્ત થઈ છે. તેમજ કોઈ બે કામદારોને પણ અંદર અંદર મહેનતાણાં સંબંધે તકરાર થતી નથી. થાય છે તો તે ગેરસમજુતી તેઓ જ પતાવી લે છે. પણ આજે આપણા સમાજમાં કોઈ એક એવી વ્યક્તિ હોય કે જેને બીજાના શ્રમનું ફળ ઉચાપત કરવાની આદત પડી હોય તો તે "માલેકો"જ છે. તેઓ હરવખત વચમાં પડીને પોતાનો મુખ્ય હિસ્સો પહેલોજ ઉપાડવાના. સામાન્ય રીતે તો જનતા ખાસ કાયદાની મદદ શિવાય પ્રત્યેક માણસને તેની મહેનતનું ફળ મળવું જોઈએ એ કબૂલ કરે છે.

આજના કાયદાનાં પુસ્તકો આજ જાતના એક તરફી કાયદાથીજ ભરેલાં છે. અને તેમાંજ કાયદાબાજો આનંદથી રસ લે છે. આ બધા કાયદાનું દૃષ્ટિબિન્દુ એકજ છે અને તે એકે બીજાની મહેનતનું ફળ સમાજના એક ખાસ વર્ગને–માલેકને–કેમ મળે. આ જાતના એક તરફી કાયદાઓ નષ્ટ થવા જોઈએ. અને ભાવી ક્રાંતિને પ્રથમ દિનેજ ક્રાંતિકારો અને સમાજવાદીઓ પણ તેનો અંત લાવવાનો નિશ્ચય કરી ચૂક્યા છે. ખરું જોતાં તો ખાનગી માલેકીના હક્કોને નામે ઓળખાતા અને તેને લગતા બધા કાયદાઓ, રજીસ્ટરો, ટાઈટલ ડીડસ વિગેરેની હોળીજ થવી જોઈએ. ટુંકાણમાં કહીએ તો જે જે વસ્તુ, જે જે કાયદાઓ ભવિષ્યમાં માનવતાના નામ ઉપર એબ રૂપ લેખાય તેવા છે, અથવા તો ભૂતકાળની ભયંકર ગુલામગીરી જેટલીજ જે પરિસ્થીતિ ખરાબ છે તેની હોળી થવી જોઈએ.

જે ટીકા આપણે ખાનગી માલેકીને લગતા કાયદાની કરી તે રાજ્યબંધારણને લગતા કાયદાને પણ સરખીજ લાગુ પડે છે. આ કાયદાઓ રાજ્યની વ્યવસ્થાની સલામતી અને અમલ બજવણીને લગતા હોય છે. આમાં શાહી ફતવાઓ, જહાંગીરી, ઓર્ડીનન્સો, ઓર્ડર્સ–ઇન–કાઉન્સીલ વિગેરે નાદીરશાહી અમલના કાયદાઓનો પણ સમાવેશ થાય છે. અને તેનું રૂપાંતર રાજ્યબંધારણની જવાબદાર પદ્ધતિને અનુકૂળ રંગ આપીને કરવામાં આવે છે, અને આજે આખી મનુષ્ય જાત આ પરિસ્થીતિ સામે કકળી ઊઠી છે. ક્રાન્તિકારોએ તો રાજ્ય પદ્ધતિની ટીકાઓમાં આ કાયદાઓમાં નીપજતા જુલમો હર-હંમેશ બતાવ્યા કર્યા છે. તેઓએ તો બતાવી પણ આપ્યું છે કે કોઈ પણ રાજ્યવ્યવસ્થામાં પછી તે જવાબદાર પદ્ધતિ હો કે પ્રજાતંત્ર હો કે તેમાં રાજાનું સાર્વભૌમત્વ હો–પણ તેવી વ્યવસ્થાનો મૂળ ઉદ્દેશ બળજબરીથી પણ વેપારીઓ, તવંગરો, ધર્માચાર્યો વિગેરે વિશિષ્ટ વર્ગના હક્કોનું રક્ષણ કરવાનો અને તે જાળવી રાખવાનો જ છે. આજે રાજ્યવહીવટ સીધી કે આડકતરી રીતે મુખ્યત્વે કરીને વેપારીઓ,

ધર્માચાર્યો, અને ઉમરાવોના હાથમાં જોવામાં આવે છે. અને તેથીજ કરબંધી, આબકારી, રાજ્યના નોકરોને અને ખાતાને લગતા, લશ્કર અને પોલીસને લગતા, એમ મળીને બંધારણને લગતા કાયદાનો ત્રીજો ભાગ તો ચાલુ પદ્ધતિને વ્યવસ્થીત રાખવા માટે જ યોજાયો છે. અને આ રાજ્યતંત્ર આપણે જોયું તેમ માત્ર ખાસ વર્ગોના હકમાંજ ચાલે છે. જે વર્ગ રાજ્ય વહીવટમાં વધુ વગ ધરાવે છે તેમના સંરક્ષણાર્થે આખુંય તંત્ર ચાલી રહ્યું હોય છે. અને આ કાયદાના અમલનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાશે કે તેમાંથી એક પણ કાયદો ઉપયોગી નથી. અને તેટલાજ માટે તે બધાયે રદ થવા જોઈએ.

હવે ત્રીજા વિભાગના કાયદાનો વિચાર કરી જોઈએ. આ વિભાગમાં શરીરરક્ષણ અને ગુન્હા શોધ અગરતો અટકાયત ને લગતા કાયદાનો સમાવેશ થાય છે. આ વિભાગ સામાજિક દૃષ્ટિથી ઘણોજ મહત્વનો અને ઉપયોગી છે. અને તેને અંગે આપણા સમાજમાં અનેક વહેમો ઘર ઘાલી બેઠા છે. કાયદા વિષે આપણામાં એટલું બધું માન વધી પડયું છે અને તેનું સામર્થ્ય પણ સમાજે એટલું બધું કલ્પી લીધું છે કે આપણા વ્યવહારની સ્થીરતા અને સલામતી આ કાયદાને આભારી જ માનવામાં આવે છે. સમુદાયને ઉપયોગી થઈ પડે તેવી રૂઢિ અથવા પ્રણાલિકામાંથી આ કાયદાઓનો જન્મ થયો છે, અને તેનો ઉપયોગ રાજાઓ પોતાની સત્તા સ્થીર કરવા યા તો વધારવા કરતા આવ્યા છે. રાજ્યોમાં રાજાઓની અને શહેરોમાં ધનાઢ્ય કુટુંબોની અગર તો અમીરોની સત્તાનો આધાર માત્ર આ કાયદાઓના સુવ્યવસ્થીત અમલ ઉપર હોય છે. આજે પણ જ્યારે જ્યારે રાજ્ય વ્યવસ્થા વિષે આપણે બોલીયે છીયે ત્યારે કાયદા પાલન અને કાયદાના અમલ વિષેજ આપણે સૂચના કરીયે છીએ. આપણે એવું તો કેટલીયે વાર સાંભળીયે છીએ કે રાજ્યના નિયંત્રણ શિવાય, મનુષ્યો માંહોમાંહે તકરાર કરીને કપાઈ મરશે. પ્રખ્યાત આંગ્લ તત્વવેત્તા બર્ક જેવા પણ કહે છે

કે કોઈપણ રાજ્યવ્યવસ્થાનું અંતિમ ધ્યેય તહોમતદારને બાર પ્રમાણિક જ્યુરરો આપવાનું છે.

આ કાયદાઓના સંબંધમાં આટલી ગેરસમજુતી અને પક્ષપાત હોવા છતાં તે પણ બીજા કાયદાઓની જેમજ નીરુપયોગી અને નુકશાનકારક નીવડયા છે એમ પ્રત્યેક ક્રાન્તિકારીએ દઢતાથી જાહેર કરી દેવું જોઈએ.

આ કાયદાઓમાં શરીર રક્ષણને લગતા કાયદાઓ તપાસીએ. શરીર રક્ષણમાં અંગઆક્રમણ અટકાવવાના અને તેમ કરનારને શિક્ષા કરવાના કાયદાનો સમાવેશ થાય. પણ, આ જાતના જેટલા કેસો આવે છે તેમાંથી પોણા ભાગના તો એવા હોય છે કે જેમાં મૂળ હેતુ બીજાનું દ્રવ્ય મેળવવાનો હોય છે. એટલે જે દિવસે આપણા સમાજમાંથી " ખાનગી માલેકી " ની પ્રથા નષ્ટ થશે તે દિવસથી આ જાતના આક્રમણના ગુન્હાઓ પણ ઓછા થઈ જશે. અગર જો કે એવું કહેવાવાળા તો તેમ છતાં પણ નીકળશે કે કેટલાક મનુષ્યો તો સ્વભાવથીજ હિંસક હોય છે અને તેઓ તો નાનામાં નાના કારણ ઉપર પણ તલવારનો આશરો લીધા વગર રહેવાના નથી જ. પરંતુ જ્યારે જ્યારે સજા કરવાનો અધિકાર સમાજને છે કે કેમ તે વિષય ચર્ચીયે છીએ ત્યારે આ જાતની દલીલો આવા લોકો લાવે જ છે. પણ તેમાં બહુ વજૂદ નથી.

અને તે વાત અનુભવ ઉપરથી સિદ્ધ થયેલી છે. સખ્તમાં સખ્ત સજા કરવાથી કાંઈ ગુન્હાઓની સંખ્યામાં ઘટાડો થતો નથી. એ સાબીત કરવાની જરૂર આજે રહી નથી. ખૂનીને ફાંસીને માંચડે ચઢાવી દીધાથી એક પણ ખૂનનો કેસ ઓછો થયાનું સાંભળ્યું નથી. એથી ઉલટું ફાંસીની સજા જો સમુળગી કાઢી નાંખવામાં આવે તો ખૂનના કેસો ઓછા થતા જશે.અથવા તો તેમાં વધારો તો નહિં જ થાય. આ વાત પ્રમાણપૂર્વક સાબીત કરી શકાય તેમ છે. જો પાક સારો થયો હોય, ખોરાક સસ્તો થયો હોય, જો આબો હવા જ સારી હોય તો ગુન્હાનું

પ્રમાણ ઘટશે. આ સાબીત કરવા માટે આંકડા શાસ્ત્રીનું પ્રમાણ આપણને મળી આવે છે. દેશની આબોહવા અને ખોરાકના ભાવના પ્રમાણમાં ગુન્હાઓના પ્રમાણમાં વધ ઘટ થયા કરે છે. આ કથનનો કોઈ એવો અર્થ રખે કરે કે ખૂન કરનારના દુષ્કૃત્ય માટે તેની ભૂલની વિહ્‍વળતા જવાબદાર છે. તેનો અર્થ એટલો જ થઈ શકે કે જો પાક સારો હોય, સૂર્ય પણ પૃથ્વીને પોષણ આપી રહ્યો હોય, હવા સારી હોય તો તેની અસર મનુષ્યના મન ઉપર હંમેશાં સારી જ રહેવાની. અને તેનું મન પ્રફુલ્લિત રહે તો તેના મનમાં દુષ્ટ વિચાર ઉદ્‍ભવવાનો સંભવ ઓછો છે. ઉલટું તેના કુવિચારો દબાઈજ જવાના.

કોઈ પણ ખૂની ફાંસીની સજાની બીકથી ખૂન કરતાં અટક્યો હોય એમ સાંભળ્યું નથી. જે માત્ર વૈરવૃત્તિથી અથવા તો ખાસ કારણથી પોતાના પાડોશીનું ખૂન કરે છે તે કંઈ ત્યાર પછીના પરિણામનો વિચાર સરખો યે કરતો નથી. ઉલટું તેઓ તો એમ જ માની બેસે છે કે તેઓ પકડાવાના નથી, અને સજા પામવાના પણ નથી.

જે સમાજમાં મનુષ્યોને કેળવણીનાં સાધનો સારા પ્રમાણમાં મળશે, જ્યાં તેમની માનસિક શક્તિનો વિકાસ અને તેનો સદુપયોગ પણ થવાનો અવકાશ ઠીક પ્રમાણમાં મળશે, તેવા ઉજ્જવલ ભાવિ સમાજની વાત બાજુએ રાખીએ. તો પણ આજના આપણા સમાજ માટે એમ તો કહી શકાય કે જે દિવસે ખૂનના ગુન્હેગારને મોતની શિક્ષા કરવાની પ્રથા બંધ પડશે તે દિવસથી તેનું પ્રમાણ ઘટતું જશે. સંભવ છે કે આ ગુન્હામાં એકદમ ઘટાડો પણ થાય. કેમકે રીઢા થયેલા ગુન્હેગારોને કઠોર કરી મૂકનાર જો કોઈ હોય તો તે આપણાં જેલખાનાં જ છે.

સમાજને કાયદાથી થતા ફાયદાઓ વિષે તેમજ સજાની પદ્ધતિની જરૂરીયાત વિષે આપણને વારંવાર કહેવામાં આવે છે. પણ આ કાયદાથી નીપજતા ફાયદા અને તેથી થતી માઠી અસર વિષે કદાપી

કોઈએ પણ તોડ કાઢયો છે? અગર તો તેની તુલના કે વિચાર સરખો યે કર્યો છે? જૂના જમાનામાં રસ્તે ચાલતાં ચાલતાં જે જાતના જુલમો જોવામાં આવતા તેની માનવજાત ઉપર શું અસર થતી હશે તેની કલ્પના સરખી આવી શકે તેમ નથી. મનુષ્ય એક ઘાતકી પ્રાણી છે એમ માનવા મન થાય છે અને જે હિંસક વૃત્તિ આપણા નજીકના નજીક પશુ સમુદાય વાનરોમાં પણ જોવામાં નથી આવતી, તેની વરી અને હિંસક વૃત્તિને ઉત્તેજિત કરનાર અથવા તો ફેલાવનાર ભૂતકાળના રાજાઓ, ન્યાયાધીશો અને ધર્માચાર્યો નથી તો બીજું કોણ છે? તેઓએ કરેલા જુલ્મોમાં જીવતા માણસોની ચામડી ઉતારવાના, ઘા ઉપર મરચાં ભભરાવવાના, માણસોના પ્રત્યેક અંગો રીબાવી રીબાવી જુદાં પાડવાના અને છેવટે માણસના પણ ટુકડે ટુકડા કરી નાખવાના ત્રાસ ભરેલા સિતમોનો સમાવેશ થાય છે. આપણા ન્યાયમંદીરોમાં “તાજના સાક્ષી” ની પ્રથા રાખવામાં આવી છે તેથી મનુષ્યસ્વભાવને કેટલો હલકો પાડવામાં આવ્યો છે તેનો કોઈએ વિચાર કર્યો છે? અને છતાં મનુષ્યનો અધઃપાત કરવામાં આપણાં ન્યાયમંદીરો ન્યાય અપાતો માને છે અને સરકાર તેમાં મદદ કરે છે. પોતાની સ્વતંત્રતા ખૂંચવાઈ જતાં અને રીઢા થયેલા હલકા લોકો સાથે પૂરી દેવામાં આવેલા માણસમાં કેવા કેવા ફેરફાર થાય છે તેનો કોઈ સમાજશાસ્ત્રીને અભ્યાસ કરવો હોય તો જેલો તપાસવાની જરૂર છે. આપણાં જેલખાનામાંથી તો આજે ગુન્હેગારો સુધરવાને બદલે વધારે ક્રૂર અને રીઢા થઈ બહાર આવે છે. જેમ જેમ તે જેલખાનાંઓની વ્યવસ્થામાં સુધારો થતો જાય છે તેમ તેમ તે વધારે ને વધારે બગડતાં જાય છે. ભૂતકાળનાં ભીષણ કારાગૃહો કરતાં આપણાં આજનાં સુધરેલાં કહેવાતાં જેલખાનાંઓ વધારે ખરાબ કહેવાય છે.

કાયદાપાલનની મનોદશાથી મનુષ્યના મનનો વિકાસ થવાને બદલે કેટલો હ્રાસ થાય છે, માણસનું આવી મનોદશાથી કેટલું અધઃપતન થાય છે તેનો પણ વિચાર કરવાની જરૂર છે. કાયદાનું મુખ્ય

તત્વ તેનો અંધ અમલ છે. અને તે ન થાય તો શિક્ષા સામે જ ઉભી છે. તેના અમલમાં આપણા અંતરનાદને સ્થાન નથી, એટલા માટે તેની વ્યવસ્થા કાજે જલ્લાદો, ન્યાયમંદીરો, તાજના સાક્ષીઓ વિગેરે વિગેરે નિભાવવાં પડે છે. આ રીતે વિચાર કરતાં સહુ કોઈને જણાશે કે આ જાતના ઘોર કાયદાઓનો પૃથ્વી પરથી અસ્ત થવો જ જોઈએ.

અણઘડ અને અભણ લોકો કે જેમનામાં સામાજીક સહકારની ભાવના ઓછી ખીલેલી હોય છે તેઓ પણ એમ તો માને છે કે જેને આપણે ગુન્હેગાર ગણીએ છીએ તે એક કમનસીબ મનુષ્ય પ્રાણી છે. તેને સુધારવાનો ઉપાય તેને પુરીદેવાનો કે મારવાનો નથી. પણ તેની સાથે ભાઈચારાનું વર્તન અને સહાનુભૂતિ બતાવી તેને યોગ્ય માર્ગ ઉપર વાળવામાં જ તેનો ઉદ્ધાર છે. તેને જો ખરેખર સુધારવો જ હોય તો તેની સાથે સમાન થઈને રહેવું પડશે, તેને પણ પ્રમાણિક પણ ભૂલો પડેલો માણસ ગણવો પડશે. આગામી ક્રાંતિમાં આ જાતનું જ વાતાવરણ ફેલાશે એમ આશા રાખી શકાય.

ફાંસીના માંચડાઓ તોડી પાડો ! આ પૃથ્વીના તટ ઉપર જે અપવિત્ર પ્રાણીઓ છે તેમાંના મુખ્ય ન્યાયાધીશો, પોલીસો અને તાજના સાક્ષીઓને દૂર કરો ! "જે માણસ ક્રોધ અગર તો જુસ્સાના આવેશમાં આવીને ખોટું કામ કરી બેઠો છે તેને ભાઈ તરીકે ગણો ! અને તે બધા કરતાં પણ મધ્યમ વર્ગના લોકોમાં જે આળસ ભરાઈ બેઠું છે તે દૂર થતાં જ ગુન્હાઓનું પ્રમાણ સમાજમાં ઘટી જશે."

ગુન્હાના ત્રિવિધ પોષકતત્ત્વો તે કાયદો, શાસન અને સુસ્તી છે. કાયદાની આંધીમાં માલેકીને લગતા કાયદા, શાસનને લગતા કાયદા, રાજ્યબંધારણના કાયદા વિગેરેનો સમાવેશ થાય છે. આજે જ્યાં જુઓ ત્યાં બસ કાયદા જ જોવામાં આવે છે. તેને બદલે સમાજને સુધારવા અને સુરક્ષિત અને સુવ્યવસ્થિત રાખવા હોય તો કાયદાઓ અને ન્યાયાધીશોને પ્રથમ જ બરતરફ કરવા જોઈએ. અને તેને બદલે સમાજ-દ્વેષી વૃત્તિવાળા આપણા કેટલાક ભૂલા પડેલા ભાઈઓને સુધારવા સ્વતંત્રતા, સમાનતા, અને સહાનુભૂતિ જ જરૂરનાં છે.

૫.

અ ના દ ર

રાજનીતિનું સૂત્ર છે કે રાજ્યવ્યવસ્થામાં શાસનનું તત્ત્વ ઓછામાં ઓછું હોય તો તે ઉત્તમ ગણાય. મ્હને આ સુત્ર પૂરેપૂરૂં માન્ય છે. તેને વ્યવસ્થિતરૂપ આપી જલદી અમલ થાય એ ઇષ્ટ છે. આથી જરા આગળ જઇએ તો એમ પણ કહી શકાય કે જે રાજ્યવ્યવસ્થામાં શાસનનું તત્ત્વજ ન હોય તે ઉત્તમોત્તમ ગણાય. અને હું તો એમ પણ માનું છું કે જ્યારે માનવતાનો પૂરેપૂરો વિકાસ થશે ત્યારે તેવીજ વ્યવસ્થા નિર્માણ થશે, કેમકે રાજ્યતંત્ર તો મનુષ્ય વ્યવહારનું સાધન માત્ર છે. આ યોજનાનો અમલ ઘણું ખરૂં અવ્ય-વહારૂ જણાયો છે. કાયમી લશ્કર રાખવાની સામે આજે જે વાંધા બતાવવામાં આવે છે તે બધાએ રાજ્યતંત્રની સામે લાવી શકાય. કારણ કે કાયમી લશ્કર તો રાજ્યતંત્રનું એક આવશ્યક અંગ છે. રાજ્યતંત્ર લોક રચિત છે. લોકેષણાનો અમલ કરવાની તે એક યોજના છે. પરંતુ સામાન્ય રીતે જનતા પોતાની ઇચ્છા પ્રગટ કરે તે પહેલાં તો તેનો દુરૂપયોગ થાય છે. શાસકો અગર તો રાજ્યતંત્રના સંચાલકોએ અનેક વેળા આવો દુરૂપયોગ કર્યો છે. ઇતિહાસ તેની સાક્ષી પુરે છે. સત્તાધીશો હમેશાં જનતાના હિતની વિરૂદ્ધજ પગલું ભરતા આવ્યા છે. અમેરીકાના રાજ્યતંત્રનોજ દાખલો લઇએ.

સ્વતંત્રતા એ તો અમેરીકાનો પરંપરાગત વારસો છે. છતાં પ્રત્યેક પળે તેની કીર્તિને કલંક લાગતું આપણને જણાશે. આજે તેમાં કોઈ પ્રતિભાશાળી કે ચારિત્ર્યવાન વ્યક્તિની પ્રેરણા જોવામાં આવતી નથી. રાજ્યનાં દૂષણો કે ગેરવ્યવસ્થાને સુધારવાને માટે આવી એકજ વ્યક્તિ બસ છે. રાજ્યને તે પોતાના વિચાર પ્રમાણે નમાવવાની શક્તિ ધરાવે છે. જનતાને કઈ જાતનું રાજ્યતંત્ર જોઈએ છે તેની ઝાંખી તેને હોય છે. તદનુસાર રાજ્યતંત્ર પણ રચાય છે. છતાંએ લોકરચિત રાજ્યતંત્રનો લોક વિરૂદ્ધ ઉપયોગ થાય છે અને તે બહુ ક્રૂરતાથી કરવામાં આવે છે. અમેરીકન રાજ્યતંત્રમાં કોઈ પણ જાતનું સાહસ જોવામાં આવતું નથી. જનતાની સ્વતંત્રતા પણ તેનાથી જળવાઈ નથી. લોક કેળવણી તરફ તે ઉદાસીન રહે છે. આજ અમેરીકા કંઈ પણ પ્રગતિ જો સાધી શક્યું હોય તો લોકોનાં ચારિત્ર્ય અને ખંતનુંજ પરિણામ તે ગણાવું જોઈએ. સરકારનો સહકાર મળતાં તે વધુ આગળ જઈ શકત. તેને રાજ્યની આડખીલી ન નડી હોત તો હુન્નર ઉદ્યોગમાં પણ તે ખૂબજ આગળ વધી શકત.

વ્યવહારૂ નાગરિક તરીકે મ્હારે રાજ્યતંત્રનો સદંતર નાશ નથી જોઈતો, પણ સુરાજ્યતંત્ર તો એકદમ જોઈએ જ છે. અને જો પ્રત્યેક માણસ પોતે કઈ જાતનું રાજ્યતંત્ર સ્વીકારશે તે જાહેર કરે તો તે દીશામાં એક ડગલું આગળ ભર્યું ગણી શકાય. પણ આજ તો બહુમતીનું રાજ્યતંત્ર ચાલે છે. પંચ ત્યાં પરમેશ્વર એવી એક માન્યતા છે. પણ તે પૂરેપૂરી સાચી નથી. બહુમતી હરવખત સાચી જ હોતી નથી. તેમ લઘુમતીને પ્રત્યેક વેળા તે ન્યાય પણ આપી શકતી નથી. તેનું જોર માત્ર સંખ્યાબળ ઉપર જ નભે છે. સંખ્યાના જોર ઉપર આજે તે સત્તા ચલાવે છે. ન્યાયની સાધારણ દષ્ટિથી જોતાં પણ તેનું વર્તન હમેશાં ન્યાયી જણાયું નથી. સત્યાસત્યના નિર્ણયની બાબતમાં બહુમતી કરતાં અંતરના અવાજને સ્થાન જ નહીં હોય ? બહુમતીનો

આ નિર્ણય વ્યવહારૂ ધોરણ ઉપર જ થાય છે અને તેથી સર્વાંશે સાચો હોતો નથી. તો પછી પ્રામાણિક માણસે પોતાને સત્ય લાગતા માર્ગે શા માટે ન જવું ? જો તેમ ન હોય તો અંતઃકરણનો અર્થ જ રહેતો નથી. મનુષ્યે મનુષ્ય તરીકેનો ધર્મ પ્રથમ બજાવવાનો છે. પ્રજા તરીકેનાં કર્તવ્યો તેનાથી ગૌણ છે. એટલે તે કર્તવ્યોમાં વિરોધ આવે તો તેણે મનુષ્ય તરીકે વર્તવું જોઇએ. આપણામાં કાયદા કરતાં સત્યને માટે આદર વધવાની જરૂર છે. મ્હને જે સત્ય લાગે તે પ્રમાણે જ વર્તવા હું બંધાયેલો છું. એમ કહેવાય છે કે સંસ્થાને અંતઃકરણ હોતું નથી. પણ સત્યપ્રિય માણસોની સંસ્થા સત્યનિષ્ઠ હોય છે. કાયદાના નિયમનથી કોઇ માણસ ન્યાયી બન્યો સાંભળ્યો નથી. ઉલટું તેના અતિરેકથી સારા અને ભલાં લાગતાં માણસો પણ અન્યાય કરવામાં સાધનભૂત બને છે. કાયદાના વધારે પડતા આદરને પરીણામે લશ્કરી સંસ્થા અને સૈનિકો વધી પડ્યાં છે. શાંતિપ્રિય છતાં પોતાની ઇચ્છા વિરૂદ્ધ પણ પૃથ્વીના પટ ઉપર તેમને કાયદાના અંગરક્ષક તરીકે લડતા આપણે જોઇશું. પોતાના કર્તવ્ય વિષે તેને ખાત્રી છે. અત્યંત નિંદ્ય અને હીણું કામ તેઓ કરી રહ્યા છે તે તેઓ જાણે છે. આવા લોકોને મનુષ્ય કહેવા પડે છે તેટલું જ. ખરૂં જોતાં તો તેઓ સત્તાભૂખ્યા શાસકોનાં પ્યાદાં જ હોય છે. તેમનામાં માનવતાનો પડછાયો જ માત્ર રહ્યો છે.

લોકોનો મોટો સમુદાય રાજ્યની યંત્રવત્ ગુલામી કરે છે.

તેમનામાં ન્યાયબુદ્ધિ હોતી નથી. તેમની નૈતિક ભાવના કુંઠિત થઇ ગઇ હોય છે. તેઓ નિષ્પ્રાણ અને ચેતનહીન જણાય છે. લાકડાનાં પુતળાંની જેમ તેમની પાસે કોઇ પણ કાર્ય કરાવી શકાય. તેવાં મનુષ્યોને માટે આપણામાં આદર કેમ જ ઉદ્ભવે ? છતાં આવા લોકોને નાગરિક તરીકે ઓળખાવવામાં આવે છે. બાકીનો વર્ગ ધારાશાસ્ત્રીઓ, વકીલો, પ્રધાનો, અને અધિષ્ઠિતોનો છે. આ વર્ગ તો ઇશ્વરને બદલે શયતાનને પૂજે છે. જ્યારે આંગળીને વેઢે ગણી શકાય તેટલા સાચા

સુધારકો અને સ્વદેશ પ્રેમીઓ પોતાનું મનુષ્યત્વ સાચવીને રાજ્યની ખરી સેવા કરે છે. તેમ કરતાં રાજ્યનો વિરોધ પણ તેમને કરવો પડે છે. એટલે તેમને રાજ્યદ્રોહી ગણવામાં આવે છે. પ્રામાણિક માણસ કદાપિ કોઈના હાથનું રમકડું બનતો જ નથી, પરંતુ આજ-કાલ તો જેમણે લોક કલ્યાણમાં જ પોતાનું જીવન સર્વસ્વ અર્પણ કરી દીધું હોય તેમને કામધંધા વગરના સ્વાર્થસાધુ ગણવામાં આવે છે. જ્યારે પોતાના સ્વાર્થ ઉપર લક્ષ રાખી સાથે સાથે બને તેટલી લોકસેવા કરે તેમને પરગજુ અને નિઃસ્વાર્થી ગણવામાં આવે છે. મ્હને જો એમ પૂછવામાં આવે કે આ અમેરીકન સરકાર સાથે પ્રામાણિક માણસ કેવું વર્તન રાખી શકે ? તો મ્હારે સ્પષ્ટ જ કહેવું જોઇએ કે રાજ્ય સાથે કોઇ પણ જાતનો સહકાર રાખવો તેને માટે સંભવિત નથી. જે રાજ્યતંત્રમાં ગુલામીની પ્રથા નભાવી લેવામાં આવે છે તે આદરને પાત્ર હોઇ શકે જ નહિ.

ક્રાન્તિની જરૂરીઆત આજ સહુ કોઇ કબૂલ કરે છે. જુલ્મ અને જોહુકમી વધી જતાં જ્યાં અસહ્ય થઇ પડયાં હોય ત્યાં તેનો અનાદર થવો જ જોઇએ. આ પ્રમાણે સામે થવું તેનું નામ બળવો કહેવાય. બંડ ઉઠાવવાનો અધિકાર ઇશ્વરદત્ત છે. છતાં પ્રસંગ પડે છે ત્યારે દરેક માણસ પાછું પડી જાય છે. પોતાની નબળાઇ ન બતાવતાં ઇતિહાસ આડો ધરી તેઓ ઢાંકપિછોડો કરે છે. એમ કહેવામાં આવે છે કે હજી પરિસ્થિતિ અનુકૂળ નથી. ભૂતકાળમાં જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં ક્રાન્તિ થઇ છે ત્યાંનાં દૃષ્ટાંતો બતાવી ચાલુ પરિસ્થિતિ તેવી નથી એમ દલીલ કરવામાં આવે છે. અલબત્ત, એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ. સાધારણ અન્યાયના પ્રતિકાર રૂપે જલાલ અને ઉદ્દામ ઉપાય લેવાનું સાહસ ન જ ઉઠાવવું જોઇએ. જે કાર્ય આપણે જાતે સુધારી શકીએ તેમાં આકરો ઉપાય ન લઇએ. જો કોઈ પણ ચીજ ઉપર વધારે પડતો અન્યાયી કર નાખવામાં આવ્યો હોય તો

ઝાઝી ધાંધલ કર્યા વગર તે ચીજનો ઉપયોગ બંધ કરીએ. ઘર્ષણ એ યંત્રમાં સ્વાભાવિક છે. તેથી ફાયદો પણ થતો હશે. પણ યંત્રનો કબજો તે ન લઈ બેસે એટલી સાવચેતી જરૂરની છે. જો તેવા યંત્રમાં જુલમ અને લૂટફાટ નીભાવી લેવાતાં હોય તો તેનો અનાદર કરવો યોગ્ય છે. જ્યાં વસ્તીનો છઠ્ઠો ભાગ ગુલામીમાં સબડતો હોય અને જે રાજ્ય પરદેશી લશ્કરની હકુમત નીચે ચગદાયેલું હોય ત્યાં પ્રમાણીક માણસ માટે એક જ માર્ગ ખુલ્લો છે. રાજ્યદ્રોહી બનવાનું સાહસ ખેડીને પણ તેણે માથું ઉચકવું જોઇએ અને ક્રાન્તિ જગાડવી જોઇએ.

નીતિ વિષયક પ્રશ્નો ઉપર પૅલી (Paley) નું નામ જાણીતું છે. "રાજ્યતંત્રને આધીન રહેવાની ફરજ" નામના પ્રકરણમાં નાગરિકના કર્તવ્યને તે વ્યવહારુ સ્વરૂપ આપે છે. તેનું કહેવું એમ છે કે રાજ્યની સામે થવામાં સમાજને અગવડ પડવી ન જોઇએ. ચાલુ રાજ્યને ટકાવી રાખવામાંજ સમાજનું હિત સચવાતું હોય તો તંત્રને આધીન રહેવું એવો ઈશ્વરી સંકેત સમજવાનો છે. આ દૃષ્ટિથી જોતાં બે મુદ્દાઓ ખાસ તપાસવાના રહે છે. એક તો લોકોની ફરિયાદના પ્રમાણમાં સામે થવામાં જોખમ કેટલું છે તે. અને બીજું તે દૂર કરવામાં લોકશક્તિનો કેટલો વ્યય થવા સંભવ છે. આ બે મુદ્દાના નિર્ણય ઉપર પૅલીની દૃષ્ટિથી અનાદરને તપાસવો જોઇએ. પરંતુ પૅલીની આ દૃષ્ટિ ભૂલભરેલી છે. કેમકે આ વિષયજ વ્યક્તિગત છે. જે કીસ્સાઓને વ્યવહારનું ધોરણ લાગુ ન પડતું હોય તેનો તેણે વિચાર કર્યો નથી. કેટલીક વખત પરિસ્થિતિ એવી ઉભી થાય છે કે લોકોને અગર વ્યક્તિને ગમે તે ભોગે પણ ન્યાય મેળવવોજ રહે છે. ડૂબતા માણસ પાસેથી જો મ્હેં પાટીયું ખુંચવી લીધું હોય તો મ્હારે તે તેને પાછું આપવુંજ રહે. તેમ કરતાં કદાચ હું ડુબી પણ જાઉં. પૅલીને મન આ અવ્યવહારૂ લાગે છે. પણ આવા સંયોગોમાં જે પોતાની જીંદગી બચાવે છે તે વસ્તુતઃ તો ગુમાવે છે. આ લોકોએ ગુલામી નાબૂદ કરવીજ જોઇએ. અને મેકસીકો સાથે લઢવાનું

પણ બંધ કરવું જોઇએ. પ્રજાઓ પૅલી સાથે સંમત થાય છે. પણ મેસેચ્યુસેટસ આજ જે કરી રહ્યું છે તે સાચુંજ છે એમ કોઇ ન માને. ખરૂં જોતાં મેસેચ્યુસેટસમાં સુધારાના વિરોધીઓ ખેડૂતો અને વેપારીઓ છે. બંધુતા અને માનવતા કરતાં વેપાર અને ખેતીમાં તેઓનો સ્વાર્થ છે. એટલે કોઇ પણ ભોગે મેકસીકોને અને ગુલામોને ન્યાય આપવા તેઓ તૈયાર નથી. આપણા દૂરના દુશ્મનો સામે મ્હારે તકરાર નથી, પણ તેમના નચાવ્યા જેઓ અહિંઆં નાચે છે તેમની સામે મ્હારો વાંધો છે, કેમકે અહિંના લોકોના સહકાર શીવાય કશુંજ થઇ શકે નહિ. આપણને કહેવામાં આવે છે કે જનતા હજી જાગૃત થઈ નથી. સુધારો ધીરેધીરે થઈ શકે. કારણ કે જે થોડા લોકો પણ તૈયાર અને ઉત્સુક હોય છે તેઓ સાચાજ છે એમ ખાત્રીથી કહી શકાય નહિ. વળી પ્રગતિની બાબતમાં આપણા જેટલાજ બધાએ ભલા હોવું જોઇએ તે જરૂરી નથી. એકજ ભલો સાચો અને સહૃદય માણસ આખા સમાજને હલમલાવી શકે છે. તેની અસર વ્યાપક હોય છે. આજે ગુલામી અને લડાઇની વિરૂદ્ધ હજારો લોકોનાં મન હશે પણ આ મંતવ્યને અમલમાં મૂકવા તેઓ કશુંજ કરતા નથી. વૉશીંગટન અને ફ્રેન્કલીનનાં આ સ્વાતંત્ર્યપ્રેમી સંતાનો નિરૂપાય અને હતાશ દેખાય છે. કિંકર્તવ્ય દશામાં ગતાગમ વગરના ખીસ્સામાં હાથ દઇ તેઓ મૂઢની માફક બેસી રહે છે. સ્વતંત્રતા કરતાં અપ્રતિબદ્ધ વેપારમાં તેમને વધારે રસ પડે છે. પ્રામાણિક માણસની કિંમત જ અહિં અંકાય છે. આજે હજારે એક પણ સત્વશીલ માણસ ભાગ્યે જ જડશે. બાકી તો તેમની દિલસોજી અરજી કરવા સુધી જઈ શકે છે. બહુમાં બહુ પોતાનો નિર્માલ્ય મત અને શુભેચ્છાઓ તેના પરત્વે બતાવીને તેઓ બેસી રહેશે, એથી આગળ જરા પણ જઈ શકતા નથી.

મત આપવો એ પણ એક જાતનું છળ કહી શકાય. ફેર માત્ર એટલો છે કે તેને નીતિનો ઓપ ચઢાવ્યો હોય છે,

તેથી ચારિત્ર્યને જરા પણ ધોકો પહોંચતો નથી. કદાચિત મ્હને સાચું લાગે તે પ્રમાણે હું મત આપું તો પણ તેના અમલ વિષે હું બેદરકાર હોઉં છું. એ બાબત હું બહુમતી ઉપર છોડી દઉં છું. એટલે મત આપવો એ એક વ્યવહારૂ યોજના થઈ પડે છે. આ પ્રમાણે મત આપવાનો અર્થ કંઇ જ નથી. ત્હમારૂં વલણ દર્શાવ્યા ઉપરાંત એક ડગલું પણ તેથી આગળ જવાતું નથી. સહૃદય માણસ પોતાના મંતવ્યોને આ પ્રમાણે દૈવાધિન અગર તો બહુમતીની દયા ઉપર નહિ જ છોડે. જનતા જે પગલું લે છે તેમાં પણ કંઈ અર્થ હોતો નથી. કોઈ પણ પ્રશ્ન તરફ સામાન્ય રીતે તે બેદરકારજ રહે છે. અને જ્યારે તે પ્રશ્નમાં રસ લે છે ત્યારે તેમાં કંઇ ખાસ કરવાપણું હોતું નથી. તેવા પ્રશ્નોનું નિરાકરણ ધારાસભાના મત ઉપર પણ નથી. લોકોનો મોટો ભાગ જ્યારે ગુલામગીરીની વિરૂદ્ધ થાય, ત્યારે આપણે સમજી લઇએ કે ગુલામગીરીની પ્રથા નષ્ટ થઈ ગઈ. બાકી તો તે જે માણસને પોતાની સ્વતંત્રતા જાળવવાની કાળજી છે તેજ ગુલામીની બેડી તોડી શકશે. પત્રકારો અને રાજનીતિજ્ઞોનું અધિવેશન બાલ્ટીમોરમાં મળવાનું સંભળાય છે. અમેરીકાના પ્રમુખની જગ્યાની ચુંટણીનો ઉમેદવાર ત્યાં પસંદ થવાનો છે, પરન્તુ આ અધિવેશનના નિર્ણયની સમજુ અને સ્વાતંત્ર્યપ્રેમી માણસને શું પરવા હોય ? અથવા તો અધિવેશનના મત ઉપર આધાર રાખ્યા વગર સ્વતંત્રમત આપનારાઓ નહિ જ હોય એમ માનવાનું રહે છે. પરન્તુ આજે પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે જેઓ માનનીય ગણાય છે તેઓ ઉદાસીન વૃત્તિ ધરાવે છે. દેશ પરત્વે તેઓ નિરાશ થઇ ગયા છે. જ્યારે ખરી રીતે દેશને તેમની પરત્વે નિરાશ થવાનું કારણ મળે છે. આવા લોકો નવા ઉમેદવારને એકદમ સ્વીકારી લે છે અને તે રીતે પોતાના મતની કિંમત ગુમાવે છે. આવા લોકોનો મત ભાડુતી ના ગણી શકાય. સમાજને આજે સિદ્ધાંતવાદી મનુષ્યની જરૂર છે. ગમે તેવી પરિસ્થિતિની સામે તે

ટક્કર ઉભો રહી શકે છે અને તેને બદલાવવા પોતાથી બનતું કરે છે. આપણું આંકડા શાસ્ત્ર પણ ખોટું જણાય છે. તદનુસાર વસ્તીનું પ્રમાણ વધતું જાય છે. પણ ખરી રીતે એક હજાર ચોરસ માઇલે સાચા પ્રામાણિક માણસો કેટલા હશે ? કદાચ એકાદ ! શું અમેરીકામાં આવા માણસોને માટે સ્થાન નહિ હોય ? અમેરીકાએ આજે શાણપણ અને બુદ્ધિનું દેવાળું કાઢયું જણાય છે. પ્રજામાંથી આપણો વિશ્વાસ જતો જણાય છે. ત્યાંની પ્રવૃત્તિઓ પણ વિધવાશ્રમો અને અનાથગૃહો માટે પૈસા એકઠા કરવામાં જ સમાયેલી રહે છે. બહુમાં બહુ તો ગરીબો માટે સદાવ્રતો બંધાવવાનો વિચાર તેઓ કરે છે અને તેમાં જ જીવનનું સાર્થક સમજે છે.

પણ ખરી રીતે સમાજનો સડો દૂર કરવાની મનુષ્યની પ્રથમ ફરજ નથી, પ્રથમ તો એ સડાથી દૂર રહેવાની તેણે કાળજી રાખવાની છે. તેનાથી એ સડો નીભાવી રાખે એવી કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ ન લઇ શકાય. બીજાને કચડીને હું આગળ ન વધી શકું. મ્હારે જોવું જોઈએ કે મ્હારા જીવનની કોઇ પણ પ્રવૃત્તિ બીજાને ભોગે આગળ ચાલતી નથી. આ મ્હારૂં પ્રથમ કર્તવ્ય છે. બીજાઓ સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય સાધી શકે તેટલું તેમના માર્ગમાંથી મ્હારે દૂર રહેવું જ જોઇએ. આપણી વચ્ચે વિસંવાદ પણ કેટલો વધી પડયો છે ! મ્હારાજ શહેરના ભાઇઓને હું કહેતાં સાંભળું છું કે ગુલામોનો બળવો દાબી દેવા અગર તો મેકશીકો સાથે લઢવા માટે તેમને બોલાવવામાં આવે તો તેઓ જવા તત્પર છે, આમ છતાં સીધી અથવા આડકતરી રીતે રાજ્યને પૈસા ભરીને અને તેમની સત્તા સ્વીકારીને તેઓ ભાગીદાર બને છે. એક તરફથી જે સિપાઈ અન્યાયી લડત માટે લઢવાની ના પાડે છે, તેમની તેઓ પ્રશંસા કરે છે. ત્યારે બીજી તરફથી જે સરકાર આ અન્યાયી લડાઈ લઢે છે તેની હકુમત તેઓ સ્વીકારે છે. વ્યવસ્થા અને સલામતીને નામે આપણે આપણાં દૂષણોને અનુમોદન આપવાનું અને તેને નિભાવી લેવાનું કાર્ય કરી રહ્યા છીએ.

એક વ્યાપક અને દેખીતી ભૂલનો ઢાંકપિછોડો કરવા તેની ઉપર નિઃસ્વાર્થ દેખાતા સદ્‌ભાવનું આરોપણ કરવું પડે છે. સમાજનો સડો જેમ વ્યાપક હોય છે તેમ તેની તરફ બેદરકારી પણ વધતી જાય છે, અને તેને નિભાવી લેવાની વૃત્તિ વધે છે. દેશાભિમાનમાં પણ આછું એવું દૂષણ તો છે જ, અને એ દૂષણ તો ઉત્કૃષ્ટ ગણાતાં મનુષ્યો પણ નિભાવી લે છે. જે લોકો સરકારનાં કૃત્યો સાથે સંમત ન થતા હોય તેઓ પણ તેને આધીન તો રહે છે જ; બલ્કે તેના સ્તંભરૂપ બને છે. આવા લોકો સુધારાના કટ્ટા દુશ્મનો થઇ પડે છે. રાજ્યની બદીઓ દૂર કરવા તેઓ અરજી કરે છે, પણ તે સુધારવાને જાતે મહેનત કરતા નથી. કેમકે બદીઓ અને રાજ્યની વચ્ચે જેટલો સંબંધ છે તેટલો જ સબંધ તેમનો રાજ્યસંઘ સાથે પણ છે. માત્ર અભિપ્રાય ધરાવ્યાથી કોઇ જાતનો સંતોષ મળી શકે જ નહિ, સંતોષ તો તે પ્રમાણે વર્તન કરવાથી જ મળે છે. આપણી પાસેથી જો કોઈ એક વસ્તુ છેતરીને લઈ લે તો આપણે છેતરાયા છીએ તેવા ભાનથી સંતોષ માની બેસી રહેતા નથી, પણ તે પાછી મેળવવાને માટે તનતોડ મહેનત કરીએ છીએ અને ભવિષ્યમાં એવી રીતે છેતરાઇએ નહિ તેનો બોધ પાઠ લઇએ છીએ. સિદ્ધાન્ત પ્રમાણેનું વર્તન કરવું અને ખરા ખોટાનો ભેદ પારખવો તેમાં તફાવત છે. તેથી સ્થિતિ-સંજોગ માત્ર ફેરવાઈ જાય છે. સિદ્ધાન્તાનુસાર અનુકરણ પરીવર્તન લાવે છે અને પરિસ્થિતિમાં ફેરફાર કરે છે. તેને પરિણામે રાજ્યો જુદાં પડયાં છે, અને કુટુમ્બો વિભક્ત થયાં છે. ખુદ માણસના દૈવી અને આસુરી ગુણો વચ્ચેનો ભેદ પણ સચોટ રીતે તે બહાર પાડે છે.

ઘણાયે અન્યાયી કાયદાઓ સમાજમાં છે. જ્યાં સુધી એવા કાયદાઓ અસ્તિત્વ ધરાવતા હોય ત્યાં સુધી તેને નિભાવી આધીન રહેવું ? કે તેને સુધારવા પ્રયત્ન કરવો? કે એકદમ અનાદર કરવો ? આ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આપણે તેને ફેરવી ન શકીએ ત્યાં સુધી તેને માન આપવું કે કેમ એ પણ એક પ્રશ્ન છે. સામાન્ય રીતે આજના

રાજ્યતંત્ર નીચે બહુમતીને પોતાના મત પ્રમાણે વાળી ન શકાય ત્યાં સુધી રોકાવાનું માણસો પસંદ કરે છે. તેઓ એમ માને છે કે અન્યાયી કાયદાનો તાબડતોબ અનાદર કરવાથી ઓલામાંથી નીકળીને ચુલામાં પડવા જેવું થાય છે. આવી પરિસ્થિતિ માટે તેઓ રાજ્યતંત્રનો દોષ જોઇ શકતા જ નથી. લઘુમતીનું જો સાચું હોય તો તેનો અમલ થઈ શકે એવી યોજના હોવી જોઇએ. સુધારાનો અવકાશ જણાતાં કોઇ પણ નાગરિક તે બતાવી શકે તેટલું ઉદાર રાજ્યતંત્ર જરૂરનું છે. પણ સત્તાવાળાઓ તો સુધારાના નામથી જ ભડકે છે. તેઓએ જનતામાં એથી ઉલટી જ ભાવના પોષી છે. તેને પરિણામે ક્રાઇસ્ટ જેવા સાધુ પુરુષને ફાંસીને માંચડે ચઢવું પડયું છે. કોપરનીકસ અને લ્યુથર જેવા સુધારકો ઉપર ભારે સીતમ ગૂજર્યાં છે. જ્યારે વૉશીંગટન અને ફ્રેન્કલીન જેવા દેશપ્રેમીઓને બંડખોર ગણવામાં આવ્યા હતા.

એમ જણાય છે કે રાજ્યસત્તાની જાણીબુઝીને કોઈ સક્રીય અવગણના કરી શકે એવી કલ્પના પણ મગજમાં ઉતરી શકી નથી. નહિતર તો ઇતર ગુન્હાઓની માફક આ ગુન્હાને માટે પણ તેને લગતી સજાનું પ્રમાણ જણાવ્યું જ હોત. મિલ્કત વગરની કોઇ ગરીબ વ્યક્તિ રાજ્યનો અર્ધો રૂપીઆ જેવો નજીવો કર પણ ન આપી શકે તો તેને રાજ્યનો કોઇ મામુલી નોકર પોતાની મુનસફી પ્રમાણે જેલમાં ગોંધી રાખી શકે છે. તેના કારાવાસનું પ્રમાણ કાયદામાં મુકરર થયું નથી. પરન્તુ તેજ વ્યક્તિ રાજ્યના પચાસેક રૂપીઆ ઉચાપત કરી જાય તો તેને ઠરાવેલી મુદત પછી જવા દેવામાં આવશે.

યંત્રમાં જેમ ઘર્ષણ તેમ રાજ્યતંત્રમાં અન્યાય એક આવશ્યક અંગ હોય તો તેનો નાશ થવો જોઇએ. અગર તો કદાચ આપોઆપ જ તે નષ્ટ થઇ જશે. આવા અન્યાયમાં જરા પણ છટકવાની બારી હોય તો સાવચેત રહેવાની જરૂર છે. પણ તે અન્યાયમાં આપણે જ સાધનભૂત થતા હોઈએ તો એવો કાયદો તોડવો જ જોઇએ. અને

રીતે તંત્ર ને સુધારવામાં ત્હમારા જીવનનું બલીદાન આપવું જોઇએ. બાકી એટલું તો દરેક વ્યક્તિએ સંભાળી લેવું જોઇએ કે જેને તે વખોડે છે તેને ટકાવી રાખવામાં મદદરૂપ ન જ થઇ શકાય.

કોઇ પણ રાજ્યતંત્રમાં સુધારણાને માટે સાધન હોય એવું મ્હને ખ્યાલમાં નથી. એવી જાતની સુધારણા કરવામાં માણસનું જીવન સર્વસ્વ ચાલ્યું જાય તો પણ ભાગ્યે જ પરીણામ આવે છે. માણસને દુનિયામાં જીવીને ઘણાં કાર્યો કરવાનાં હોય છે પણ તે બધાં જ પુરાં કરી શકતો નથી. વળી દુનિયાને સુધારીને સારી બનાવવા માટે જ તેનો અવતાર પણ નથી. સારી કે ખરાબ જે છે તેવી દુનિયામાં તેણે જીવન ગાળવાનું છે. તેમાં કંઇ પણ ફેરફાર નથી. તેની શકિત પ્રમાણે યત્કિંચિત્ પણ સારું થાય તો બસ છે.

કોઇ પણ જાતનો સુધારો કરવા માટે રાજ્યને કે ધારાસભાને અરજી કરવાનો અર્થ જ કંઇ નથી. જો તેઓ અરજી ન સાંભળે તો પછી મ્હારૂં શું કર્તવ્ય છે તે વિચારવાનું રહે છે. રાજ્યના કાયદામાં આનો રસ્તો બતાવવામાં આવ્યો નથી. કેમકે રાજ્ય બંધારણ અનિયતત્વ ઉપર રચાયેલું છે. આ જાતની ટીકા જરા વધારે પડતી લાગશે; તે આકરી પણ લાગશે; અને કદાચ તેમાં જીદનો અંશ પણ જણાશે. છતાં નર્યું સત્ય જ જો કહેવાનું હોય તો તે જ હકીકત સાચી છે.

જેઓ પોતાને સુધારક કહેવડાવવા માગતા હોય તેમણે મેસેચ્યુસેટસની આ સરકારને કોઇ પણ જાતનો સહકાર કે સાથ આપવો ન જોઇએ. અગર તો તેમનાથી પોતાના મત પ્રમાણેની બહુમતી મળે નહિં ત્યાં સુધી સરકારને સુધારવાની વ્યર્થ આશા રાખીને બેસી પણ રહેવાય નહિ. જો માત્ર ઇશ્વર તેમની બાજુમાં હોય તો ઘણું છે. તો પછી બહુમતી મળતાં સુધી તેણે રાહ જોવાની જરૂરજ નથી. પોતાના પાડોશી કરતાં જે વધુ સાચો છે તે બહુમતીમાં જ છે. એમ મ્હારૂં માનવું છે.

અમેરીકન સરકારના પ્રતિનિધિને હું વર્ષમાં એક વખત કર ભરતી વખતે મળું છું. મારી જેવા ઇતર નાગરિકો પણ સરકારના સીધા સંબંધમાં એજ રીતે આવે છે. સરકાર પોતાની સત્તા માન્ય કરાવવાનો તેજ વખતે આગ્રહ ધરાવે છે. અમેરીકાની ચાલુ પરિ-સ્થિતિ જોતાં સરકારને આપણે સ્પષ્ટ પરખાવી દેવું જોઇએ કે અમે તારી સત્તાનો ઇનકાર કરીએ છીએ. આ પ્રસંગે મારા પાડોશી સાથે મારે કામ પાડવાનું હોય છે. કેમકે સરકારના આડતિયા થવાનું તેણે સ્વેચ્છાથી સ્વીકારી લીધું છે. રાજ્યના નોકર તરીકે તે કેવું વર્તન ચલાવે છે અને તેણે કેવું ચલાવવું જોઇએ તે સમજાવવાની આજ એક તક છે. લોકો પણ મનુષ્ય જેવાં મનુષ્યજ છે. એકજ રાજ્યમાં વસનારાં તેનાં પાડોશી છે, નહિ કે સુલેહશાંતિનો જાણીબૂજીને ભંગ કરનાર ગાંડાં માણસો. આટલું તેને સમજાવવું જરૂરી છે. અને તે વખતે તેણે પોતાની વાણી કે વર્તનમાં પૂરેપૂરી સભ્યતા જાળવવી જોઇએ. મેસેચ્યુસેટ્સમાંથી ગુલામગીરી નાબૂદ કરવા માટે માત્ર દશ પ્રામાણિક માણસ બહાર પડે તો બસ છે. તેમને ત્યાં કોઇપણ રીતે ગુલામો નજ રહેવા જોઇએ. આવા દશ પ્રામાણિક માણસો ગુલામીને તોડી પાડવાના સિદ્ધાંત ઉપર સરકારને સહકાર આપવો બંધ કરે અને તેમ કરતાં જેલ જવાનું પણ સ્વીકારી લે તો અમેરીકામાંથી ગુલામગીરી ગઈ સમજો. કેમકે કોઇપણ કાર્ય નાના પાયા ઉપર ભલેને શરૂ થયું હોય, પણ જો તેની શરૂઆત પ્રામાણિકપણે અને સારી રીતે કરવામાં આવી હોય તો સાંગોપાંગ પાર ઉતરવાનું જ. તે વિષે શંકા રાખવાનું કંઇજ કારણ નથી. પણ ખરી વાત તો એ છે કે આપણે તો વાતો કરીને જ દહાડા કાઢીએ છીએ. આપણું ધ્યેય અમલમાં ઉતારવા જરા પણ કાયાને કષ્ટ આપતાજ નથી. આજકાલ સુધારાની તહેનાતમાં છાપાંઓ પુષ્કળ હોય છે. છાપાંઓ દ્વારા સુધારો કરવાની આપણને આદત પડી ગઇ છે. પણ એક ખરો સુધારક આપણને મળવો મુશ્કેલ છે. આજ જો મેસેચ્યુસેટસના નોકરો ધારાસભાની

વ્યાસપીઠ ઉપરથી મનુષ્યના મૂળભૂત હક્કોના પ્રશ્નોની બારીક ચર્ચામાં ઉતરવા કરતાં જે રાજ્ય ગુલામીનાં બંધનો લાવવા માંગે છે, તેવા મેસેચ્યુસેટસના કારાગૃહમાં ગુલામી તોડવા માટે બેસી જાય તો તે સંબંધે જે કાયદો જરૂરી છે તે તુરતજ પસાર થશે અને ગુલામીની પ્રથા નષ્ટ થશે.

જે રાજ્યમાં અન્યાયથી લોકોને જેલમાં પુરી દેવામાં આવે છે, ત્યાં પ્રામાણિક માણસ માટે જેલ શિવાય બીજું સ્થળજ નથી. મેસેચ્યુસેટસનાં સ્વાતંત્ર્ય પ્રેમી સંતાનો માટે જેલ શિવાય બીજું સ્થળજ નથી. તેમણે પોતાની કર્ત્તવ્યનિષ્ઠા અને નેકદીલીથી ગુલામીનો વિરોધ કરીને જેલો ભરવી જોઇએ. આવાં સ્વાતંત્ર્ય પ્રેમી માણસોને ગુલામી, રાજયદ્રોહી અને રાજ્ય વિરોધી ગણે છે. પણ જેલની દિવાલોની પછવાડે પૂરાઈ ગયા પછી રખેને કોઈ એમ કલ્પી લે, રાજ્ય પછી સુઈ શકશે. રાજ્યનો માર્ગ નિષ્કંટક તે રીતે નથી થતો. તેથી તો તેની મુસ્કેલીઓ વધે છે. આવી જાતની જેમની માન્યતા છે તેઓ ભૂલ ખાય છે, અસત્ય કરતાં સત્યની વ્યાપકતા તેઓ ઓછી આંકે છે. આખરે તો સત્યનો વિજય છે. પછી ભલેને તેને જકડીને એક જગ્યાએ પુરી રાખવામાં આવે! કેમકે જો કોઇ માણસ અન્યાયની સામે થતાં જેલ ગયો હશે તો તે પોતાનો વિરોધ સચોટથી અને અને દૃઢતાથી બતાવી શકે છે. અને તેને વ્યાપક બનાવે છે. એ પ્રમાણે જેલમાં જઇને સચોટતાથી સક્રીય રીતે મત આપનારની દલીલમાં નવું જોસ આવે છે. ખરી રીતે જો મત આપવો હોય તો તેજ રીત છે. માત્ર કાગળીયાં ઉપરે આપેલો મત નિર્માલ્ય થઈ પડે છે. જ્યારે સક્રીય મત અસરકારક નીવડે છે. તેજ પ્રમાણે જ્યાં સુધી લઘુમતિ બહુમતિને અનુસરે છે ત્યાં સુધી તે નિર્માલ્ય રહે છે. પણ જેવી તે સાચો, સચોટ અને સખ્ત વિરોધ બતાવશે તેવીજ તે સશક્ત અને ભારે થઈ પડશે. જો આજ આ રાજ્યમાંથી માત્ર એક હજાર માણસ

કર આપીને રાજ્યની તીજોરી ન ભરે તો રાજ્ય ચલાવવું ભારે થઇ પડે. રાજ્યને જૂલમ કરવાનાં સાધનો પણ ઓછાં થાય. અને પ્રમાણમાં જૂલમ પણ ઓછો થાય. સ્વતંત્રતા અને ગુલામગીરી એ બેની વચમાં પસંદગી કરતાં રાજ્યને જો પ્રામાણિક માણસોને જેલમાંજ પુરવાનો વખત આવી લાગે તો રાજ્ય કયો માર્ગ લેશે તે આપણે કહી શકીયે. તે ગુલામગીરી કાઢી નાંખશે. આ રીતે કર ન આપીને રાજ્યને આપણા મત પ્રમાણે વાળવું એજ બેડો બળવો કહી શકાય. એજ ખરી ક્રાંતિ છે. તેમાં લોહી નથી રેડાતું. પણ રાજ્યનો પલટો થાય છે. જો મને રાજ્યનો કોઇપણ અમલદાર એમ પૂછે કે તમે કર ન ભરો તો પછી અમારૂં શું ? તો હું તેને સ્પષ્ટ ઉત્તર આપું કે જો તું કંઇ પણ સારૂં કરવા માંગતો હો તો તારી જગ્યાનું રાજીનામું આપી દે. અને જો રાજ્યની સત્તાનો પ્રજા ઇનકાર કરે ને રાજ્યના નોકરો પોતાની નોકરી છોડી દે તો રાજ્યક્રાંતિ પૂરેપૂરી થઇ ગઇ એમ સમજવાનું છે. કદાચ આ કામ સાધતા લોહી પણ રેડાયું હોય. તોપણ ગભરાવાનું કારણ નથી. મનુષ્યનું અંતઃકરણ વીંધાતાં પણ શું અમુક પ્રકારનું લોહી નથી રેડાતું ? આ રીતે જ્યારે અંતઃકરણ જખ્મી થાય છે ત્યારે મનુષ્યનું મનુષ્યત્વ હણાય છે. અને તે જીવતોજ મર્યા જેવો થઈ રહે છે.

કાયદાનો અનાદર કરતાં તેની સજા પણ ભોગવવી પડે છે. આ સજામાં મેં તો માત્ર જેલની જ સજાનો વિચાર કર્યો છે, પણ ગુન્હેગારની મીલકત જપ્ત થઈ શકે છે. આ જાતનો કાયદાનો અનાદર કરતાં આ બેમાંથી એક અગર તો બંન્ને સાથે પણ ભોગવવી પડે. સત્તાધિકારીઓને બન્ને સજા કરવાનો અધિકાર છે. પરંતુ જે લોકો માનવ જાતના ઉંચામાં ઉંચા આદર્શ પ્રમાણે પોતાનું જીવન ગુજારે છે, અગર તો જેઓ સત્ય અને મૂળ ભૂત હક ઉપર ઉભા રહેવા માંગે છે તેમને કોઇ પણ જાતની સજાનો ભય જ

નથી રહેતો. ભયનું ભૂત તેમને ડરાવી શકતું જ નથી. અને તેટલા જ માટે તેઓ રાજ્યને ભારે થઇ પડે છે. રાજ્ય તેમને દ્રોહી ગણે છે. તેમને ' ભયંકર ' માણસ ગણવામાં આવે છે. આવા સિદ્ધાન્ત પ્રિય મનુષ્યોને મિલકત જમા થવાની પંચાત જ હોતી નથી. કેમકે તેમનો વખત બીજા ઉપયોગી કાર્યમાં રોકાયેલો હોય છે, એટલે તેમની સાથે કામ પાડતાં પણ રાજ્યને મુશ્કેલી નડે છે. તેમની ઉપર નાખેલો નાનો સરખો કર પણ ભારે લાગે છે; કેમકે જાત મહેનત કરીને તેઓ પૈસા કમાય છે. રાજ્યમાં એક પણ માણસ એવો હોય કે જે પૈસા વગર જ પોતાનો નિર્વાહ ચલાવતો હોય તો તેવાની પાસેથી કર માગતા પણ રાજ્ય આંચકા ખાશે. પણ તવંગર માણસની વાત જ જુદી છે. જે સંસ્થા તેમના લાભના કાયદા ઘડી ધન ભંડારમાં વૃદ્ધિ કરે છે. તેના જ તેઓ ગુલામ બની રહે છે. ખરૂં કહીએ તો લક્ષ્મી અને નીતિને આડવેર હોય છે. જેમ પૈસો વધતો જાય છે, તેમ નીતિનાં બંધન પણ શીથીલ થતાં જાય છે. કેમકે પછી તો કાઇ પણ હેતુ સાધવામાં પૈસાનો જ ઉપયોગ કરવાનો રહે છે, એટલે તેની અને તેના હેતુની વચ્ચે પૈસો આડે આવે છે. અને તેથી જ અર્થસાધનને અંગે ઉપસ્થિત થતા અનેક નૈતિક પ્રશ્નો બાજુ ઉપર ખસી જાય છે. તેને બદલે પૈસાનો ઉપયોગ અગર તો વ્યય કેમ કરવો, તે બીજા અનેક પ્રશ્નોના ભોગે પ્રધાન પ્રશ્ન થઈ પડે છે. માણસ જેમ જેમ તવંગર થાય છે તેમ તેમ તેની સ્થિતિ બદલાતી જાય છે. અને તેનાં મન્તવ્યો અને ધોરણો પણ તેટલા જ પ્રમાણમાં બદલાય છે. તેના જીવનને નીતિનાં બંધનો લાગુ પડતાં જ નથી. જેમ જેમ મ્હાલવાનાં સાધનો વધતાં જાય છે, તેમ તેમ તેની જીન્દગી રસ વગરની થતી જાય છે. કારણ કે તે બધું જ પૈસાના જોર ઉપર કરવાનું હોય છે. જાત મહેનતનો પ્રશ્ન જ તેની પાસે રહેતો નથી. એટલે જો ધનિકોને પોતાના પૈસાનો સદ્વ્યય કરવો હોય તો એક જ માર્ગ છે. પોતાની ગરીબીમાં સંસ્કાર અને સંસ્કૃતિનાં જે

સ્વમો તેણે સેવ્યાં હોય તેનો બનતો અમલ કરવામાં દ્રવ્યનો ઉપયોગ કરવો, તેમાંજ પૈસો ખર્ચાય તે જોવું, એ જ ઉત્તમ માર્ગ છે. હેરોડીયનોને ઇસુએ આજ ધોરણ ઉપર જવાબ આપ્યો હતો. હેરોડીયનો ઈસુ પાસે ગયા ત્યારે ઇસુએ તેઓ જે ચલણનો ઉપયોગ કરતા હતા તે માગ્યું. ચલણ સીઝરની છાપનું હતું. ઇસુએ તે ઉપરથી તેમને સમજાવ્યું કે આ સીક્કો સમ્રાટ સીઝરે પોતાના રાજ્યમાં અમલમાં મૂક્યો છે અને તેની કીંમત આંકી છે. તે તમે વાપરો છો. આનો અર્થ એટલો જ થઈ શકે કે તમે સીઝરના રાજ્યના હકો અને કાયદાઓ ઉઠાવવા માગો છો. તો પછી જ્યારે પણ સીઝર તમારી પાસે વળતર રૂપે આ લાભ કે હકમાંથી થોડું પાછું માગે ત્યારે તે તમારે તેને આપવું જ જોઈએ અને કર ભરવો જોઇએ. એટલે "જે સીઝરનું છે તે સીઝરને આપો અને ઇશ્વરનું છે તે ઈશ્વરને સમર્પણ કરો." હેરોડીયનોને આમાં કશી જ ગતાગમ પડી નહિ. કેમકે તેમને સમજવું જ ન હતું.

અમેરીકાનાં મોટાં મોટાં અને સ્વતંત્ર મત વાળા ગણાતા માણસો સાથે મ્હને પરિચય પડતાં, હું જોઇ શક્યો છું કે તેઓ રાજ્યના રક્ષણની અપેક્ષા રાખે જ છે. જ્યારે તેઓ કોઇ પણ પ્રશ્નની ગંભીરતા અને ઉપયોગીતા ઉપર મોટી મોટી ચર્ચા કરે છે, ત્યારે તેની પછવાડે એક જ ધ્વની સંભળાય છે. તેઓ માને છે કે રાજ્ય રક્ષણ જરૂરી છે, તે શિવાય જાન માલની ખુવારી જ થવાની છે. રાજ્ય રક્ષણનો કે રાજ્ય સત્તાનો કોઈ પણ સંયોગોમા અનાદર કરતા તેઓ ડરે છે. તેમને જાન અને માલ મિલકત જપ્ત થવાની ધાસ્તી રહે છે. હું પોતે તો રાજ્યસત્તાધીન જીવનમાં માનતો નથી. અને એવું જીવન જીવવા માગતોયે નથી. મ્હને તેમાં વિશ્વાસ નથી. પણ તેની સાથે જ જ્યારે પણ હું તેની સત્તાનો અનાદર કરૂં છું ત્યારે રાજ્ય મ્હારી મિલકત ફના-ફાતીયા કરવા તાકાત ધરાવે છે તેનો ખ્યાલ મ્હને રહે છે. મ્હને અને મ્હારા કુટુંબને સરકાર પૂરેપૂરી રીતે હેરાન કરી શકે છે, તેનો ખ્યાલ હું રાખું

છું. આ જાતની વિટંબણા વેઠવી તે રમત નથી. તે મુશ્કેલ છે. અને એટલા જ માટે સમાજની ચાલુ પરિસ્થિતિ વચ્ચે પ્રામાણિક અને સુખી જીવન અશક્ય થઇ પડે છે. માટે એક ખ્યાલ રાખવો જરૂરી છે કે જે મિલકત શાશ્વત નથી. જે કોઇ પણ વખતે આપણી પાસેથી ઝુંટવી લેવાની સત્તા—રાજ્યાધિકારી પાસે છે, તેવી મિલકત એકઠી કરવાનો અર્થ જ નથી. મ્હારા જેવા માટે તો તેનો અર્થ જ નથી. રાજ્ય સત્તા જેને માન્ય નથી તેવાઓએ તો જાત મહેનત ઉપર જ આધાર રાખવો, તેમણે તો આજનું મેળવેલું આજે જ ખલાસ કરવું જોઇએ. સંચય માટે તેમને પ્રલોભન ન હોવું જોઇએ. જીન્દગીમાં સાદાઈ અને સરળતા લાવવાં જોઈએ. બહુ ઉપાધિ કે સંબંધથી મુક્ત રહેવું જોઇએ. કેમકે તેમને માથે રાજ્યનો બોજ હરહંમેશ ઝઝુમતો જ હોય છે. રાજ્યની કૃપાદષ્ટિ કયારે થશે તે કંઈ કહેવાય નહિ. આજતો રાજ્યને આધીન રહે છે તેને વફાદાર ગણવામાં આવે છે. અને તેવી વફાદાર પ્રજા જ પૈસો એકઠો કરી શકે. કોનફ્યુસીયસ તો કહે છે કે જે રાજ્ય બુદ્ધિના ધોરણ ઉપર રચાયું હોય તે રાજ્યમાં ગરીબી અને દુઃખ શરમ ભરેલાં છે. અને જ્યાં બુદ્ધિનું ધોરણ જ ન હોય ત્યાં પૈસો અને માન ચાંદ શરમ ભરેલાં છે. એટલે કે પ્રજાની ગરીબી, દુઃખ કે આબાદીનો આધાર રાજ્યની નીતિ ઉપર અવલંબીત છે.

મેસેચ્યોસેટસની સરકારનો ખાસ લાભ ઉઠાવવામાં મ્હારો અંગત સ્વાર્થ ન હોય, અથવા તો તેના રક્ષણ નીચે મ્હારે માલ મિલકત એકઠી કરવી ન હોય તો જ હું રાજ્યની સત્તાનો ઇનકાર કરી શકું. નહિતર મ્હારે તેનો અમલ સ્વીકારવો જ જોઈએ. મ્હારે મન રાજ્ય સત્તાને આધિન રહેવા કરતાં તેના અનાદરમાં ઓછું જોખમ રહેલું છે, અને તેથી જ હું તેનો બેધડક અનાદર કરી શકું છું.

જેલનો અનુભવ

રાજ્યની અને મ્હારી વચ્ચે કેટલાંક વર્ષો ઉપર ધાર્મીક બાબ-

તમાં અથડામણ થઈ હતી. મેસેચ્યુસેટસના કોઈ દેવળના પાદરીના ભરણ પોષણ માટેની રકમ રાજ્યે તે વિભાગમાં કર નાખીને ઉઘરાવવાનું નક્કી કર્યું. આ પાદરી સાથે મ્હારે કશો જ સંબંધ નહતો. તેનાં પ્રવચનોનો મ્હારા પિતાશ્રી લાભ ઉઠાવતા. મ્હેં તો એક દિવસ પણ તે સાંભળ્યાં નથી. એટલે જ્યારે રાજ્યના અધિકારીઓ મ્હારી પાસે પૈસા માંગવા આવ્યા ત્યારે મેં સ્પષ્ટ ના કહી સંભળાવી. તેઓએ મ્હને સમજાવ્યું કે રાજ્યસત્તાનો અનાદર કરતાં જેલ જવું પડશે. મ્હેં તે કબૂલ કર્યું. પરંતુ કમનસીબે બીજાઓએ તે કર ભર્યો. આ જાતના કર ઉઘરાવવાનો મ્હને કશો જ અર્થ ન લાગ્યો. પાદરીના રક્ષણ માટે શિક્ષક પાસેથી કર લેવામાં શો અર્થ હશે? ખરૂં જોતાં શિક્ષકનો ખર્ચ પાદરીએ આપવો જોઇએ. હું પોતે તો રાજ્યનિયત શિક્ષક પણ ન હતો. પણ મ્હારો નિર્વાહ હું પૈસા ઉઘરાવીને કરતો. પરંતુ તે વખતે કેટલાક લોકોના આગ્રહથી મેં એકરાર કર્યો, કે હું હેન્રી-થોરો આથી જાહેર કરૂં છું કે જે સંસ્થાનો હું લાભ ઉઠાવતો નથી અને ઉઠાવવા માંગતો નથી તેવી સંસ્થાનો સભ્ય ગણાવા હું ઇચ્છતો નથી. મ્હારો આ એકરાર રાજ્યના નોકરને આપી મેં મ્હારૂં મંતવ્ય સરકારને જણાવ્યું. તે ઉપરથી રાજ્યે મ્હને કર ભરવામાંથી બચાવી લીધો. ત્યાર પછી મ્હારી પાસે એવા કરની માગણી નથી થઈ.

મ્હેં છ વર્ષ સુધી જજીયા વેરો ભર્યો જ નથી. અને મ્હને તે માટે સજા પણ થઇ હતી. કારાગૃહની ત્રણ ફુટ જાડી અને લોખંડી દિવાલોની પછવાડે મ્હેં એક રાત ગાળી હતી. તે દિવસે મ્હને જેલની સંસ્થાની ઉપયોગિતા અને મુર્ખાઈ વિષે વિચારો પણ આવ્યા હતા. જેલમાંના મનુષ્યને મનુષ્ય ગણવામાં જ આવતો નથી, પણ હાડમાંસનું બનેલું પ્રાણી ગણવામાં આવે છે. રાજ્યને મ્હારે માટે આ સિવાય બીજું એકે સ્થળ જ ન હતું. તેમ જ તેને મારી સેવાનો બીજો યોગ્ય ઉપયોગ પણ ન જડયો. જેલની દિવાલો કેદીઓ ભાગી ન જાય કે તોડીને નાસી ન છૂટે માટે જાડી

મજબૂત અને ઉંચી બનાવી હોય છે. મ્હારી અને ઇતર નાગરીકોની વચ્ચે આ દુર્ધર્ષ દિવાલ આડી પડી હતી. આ દિવાલ મ્હને ભાગવામાં અંતરાય રૂપ નીવડે તેની કરતાં બીજાઓને મ્હારી જેટલા સ્વતંત્ર થવા માટે અંતરાય રૂપ થઇ પડતી જતી. કેમકે જેલ જ પ્રમાણિક માણસ માટે યોગ્ય સ્થળ છે. કારાવાસ મ્હને જરાયે હીણપ લગાડનારૂં લાગતો નથી. ઉલટું મ્હને એમ લાગ્યું કે આ દિવાલની પછવાડે ઈંટ, ચૂનો અને પત્થરનો આટલો બધો નકામો વ્યય કરવામાં આવ્યો છે. મ્હારે મન મેં જ રાજ્યને બરોબર કર ભર્યો હોય એમ જણાયું. જેલના અધિકારીઓને મ્હારી સાથે કેમ વર્તવું તેનું ભાન સરખુંયે નહતું. તેમની માન્યતામાં એક મોટી ભૂલ તો એ હતી કે મ્હને જેલ પસંદ નથી, અને હું મુક્ત થવા ઇચ્છા રાખું છું એમ તેઓ ધારતા હતા. જ્યારે જ્યારે તેઓ મ્હારી કોટડીના દ્વાર બંધ કરવા આવતા હતા, અને ખૂબ કાળજીપૂર્વક લોખંડી બારણાં જોરથી બંધ કરતા હતા, ત્યારે હું મ્હારૂં હસવું રોકી શકતો નહોતો; કારણ કે મ્હારો વિચાર પ્રવાહ તો તે વખતે પણ કોઈ જાતની અડચણ સિવાય ફેલાયા કરતો હતો અને તે તો મ્હારા કરતાં પણ વધારે ભયંકર હતો. જ્યારે મ્હારી પાસેથી કંઈ પણ તેઓ ન જ કઢાવી શકયા ત્યારે તેમણે બીજો ઉપાય લીધો. મ્હને મારવાનો તેઓએ નિશ્ચય કર્યો. જ્યારે તેઓનો રોષ ઉતારવામાં ન ફાવતા ત્યારે છોકરાંઓ જેમ કુતરાને ગાળો દઇને સંતોષ માને છે, તેમ પોતાનું મન વાળતા. સરકાર ભાન ભૂલી બેઠી હોય એમ લાગ્યા કરતું હતું. સરકાર એક રીતે બીકણ લાગતી હતી. રાજ્યના દુશ્મન કોણ છે અને હિતેચ્છુ કોણ છે તે રાજ્ય સત્તાવાળાઓએ સમજી શકતા નહતા. જે થોડું પણ માન મને રાજ્ય માટે હતું તે તે દિવસથી સદંતર નષ્ટ થયું. રાજ્યની મ્હને દયા આવતી હતી.

રાજ્ય પાસે માત્ર શસ્ત્રબળ—પાશવબળ જ હોય છે. તેથી તે દુઃખ આપી રીબાવીને સમજાવવાની કે મનાવવાની આશા રાખે છે. લોકોની

બૌદ્ધિક કે નૈતિક બાજુને સમજાવવા તેને દરકાર નથી. રાજ્યની તાકાત માત્ર ગુન્હેગારોને ત્રાસ આપવા ઉપર જ અવલંબિત હોય છે. પણ હું આ રીતે દબાવાનો જ ક્યાં હતો ? હું મ્હારે રસ્તે જતો હતો. શારીરિક ત્રાસની મ્હને બીલકુલ પરવા જ ન હતી. રાજ્યની અને મ્હારી વચ્ચે તાકાતની તુલના થવા લાગી. મ્હારી કરતાં નૈતિક દ્રષ્ટિએ જે વધારે ઉત્કૃષ્ટ હોય તેને જ હું માન આપું એ સ્વભાવિક છે. અને મ્હને તે જ દબાવી શકે. પરંતુ અહીં તો પરિસ્થિતિ ફેર હતી. આ લોકો તો મ્હને પોતા જેવો કરવા માગતા હતા. માણસે કેમ જીવવું તેને માટે બહારનું દબાણ જરૂરી હોય એવું મેં ક્યાંયે સાંભળ્યું ન હતું. અને તેવી જીંદગીનો અર્થ પણ શું ? સરકાર મ્હને જાનની અને પૈસાની ધમકી આપતી હતી, પણ મ્હને તેની દરકાર જ ન હતી. મ્હારે પૈસા આપવાની અધીરાઇ કે ઉતાવળ શા માટે બતાવવી જોઇએ ? સરકાર પાસે પૈસા ખૂટી પડ્યા હોય અને તેની તેને જરૂર પણ હોય. પણ તેમાં હું શું કરૂં ? સરકારે પોતાનો માર્ગ શોધી લેવો રહ્યો. હું તેવી પરિસ્થિતિ માટે જવાબદાર નથી. અથવા તો તેમાં મદદગાર પણ ન થઇ શકું. સમાજના સકળ વ્યવહાર માટે હું જવાબદાર નથી. કોઇ બે ફળ જમીન ઉપર સાથે જ પડે તો બેમાંથી એકે એક બીજા માટે માર્ગ કરી આપતું નથી; પણ બંને કુદરતના કાનુનો પ્રમાણે અનુસરે છે. તેમાંથી ફણગા ફુટે અને ફળ આવે છે. પરંતુ કદાચ એમ બનવા સંભવ છે કે બેમાંથી એક બીજા ઉપર પથરાઈ જાય અને તેનો વિકાસ અટકાવે. જે છોડ તેના સ્વભાવાનુસાર ન ફાલી શકે તે કરમાઇ જાય. વિકાસક્રમના જે નિયમો વનસ્પતિની દુનિયાને લાગુ પડે છે તે મનુષ્યને પણ સરખા જ લાગુ પડે છે.

મ્હારો જેલની રાતનો અનુભવ નવીન તેમ જ રસીક હતો. મ્હને જ્યારે ત્યાં લઈ જવામાં આવ્યો ત્યારે સાંજ પડી હતી. કેદીઓ પોતાની ટુંકી બાંયના પોશાકમાં ગપાટા મારતા ફળીઆમાં બેઠા હતા. જેલરે તેમને કહ્યું કે ચાલો, પુરાઈ જવાનો વખત થઈ ગયો છે.

હું ચુપચાપ કોટડીમાં જતાં તેમનાં પગલાંનો અવાજ સાંભળતો હતો. જેલરે મ્હને મ્હારા સાથીદાર સાથે ઓળખાવ્યો. તેને તે હુશીયાર અને ચાલાક ગણતો હતો. મ્હારા સાથીદારે કોટડીનાં બારણાં બંધ થતાં જ મ્હને સામાન ક્યાં રાખવો વિગેરે સમજાવી દીધું. અમ્હારી કોટડી જેલમાં સારામાં સારી કહેવાતી હતી. જેલમાં કોટડીયો દર મહિને ધોળાવવાનો રિવાજ હતો. મ્હારા સાથીદારે મ્હને પ્રશ્નો પૂછવાની તૈયારી કરી દીધી. હું કયાંથી આવું છું ? કેમ આવું છું ? કેટલા વખત માટે આવ્યો છું ? વિગેરે પ્રશ્નો તેણે એક પછી એક પૂછી કાઢયા. મ્હેં દરેક પ્રશ્નનો જવાબ આપી તેની જીજ્ઞાસા તૃપ્ત કરી. પછી મેં પણ તેને વિષે જાણવાનો પ્રયત્ન કર્યો. તેને મેં પ્રથમથી જ પ્રમાણિક ધારી લીધો હતો. અને દુનિયા જે રીતે ચાલે છે તે પ્રમાણે તો તે હતો જ એમ મ્હારૂં ધારવું છે. તેની ઉપર ખળું બાળી નાંખવાનો આરોપ હતો. તેના કહેવા પ્રમાણે તે નિર્દોષ હતો. હું ધારૂં છું કે તે હશે જ. દારૂના નશાની ચકચુર હાલતમાં તે ખેતરમાં બીડી પીતો હશે અને તેમાંથી તણખો ઉડતાં ખેતર બળી ગયું હશે. જેલવાળાઓ તેને હુશીયાર ધારતા હતા. તેને તપાસ દરમ્યાન જેલમાં જ રાખવામાં આવ્યો હતો. આજ ત્રણ મહિનાથી તે જેલના રિતરિવાજથી વાકેફ અને રીઢો થઈ ગયો હતો. અને પરિણામે તેણે પૂરેપૂરૂં સ્વાસ્થ્ય મેળવી લીધું હતું. ઉપરાંત ખાવા, પીવાનું અને રહેવાનું મફત મળતું હોવાથી તેને મઝા લાગતી હતી. તે એમ પણ માનતો હતો કે તેને સારી રીતે રાખવામાં આવે છે.

કોટડીમાં પુરાયા પછી બારીની મિત્રતા સાધવી એ કેદીઓ માટે સ્વાભાવિક છે. અમે બન્નેએ એકેક બારી લઇ લીધી. જેલમાં ઝાઝો વખત રહેવાથી માણસને આ આદત બંધાઈ જાય છે. બારીમાં બેસીને બહારની દુનિયાને શૂન્ય મનથી જોયાં કરવી એ કેદીઓનું મુખ્ય કામ થઇ પડે છે. તે કોટડીમાં આજ સુધી પુરાયેલા માણસોનાં પગલાં અને નિશાનીઓ હું જોઇ શકતો હતો. ઉપરાંત જેલનો જે કંઇ ઇતિહાસ

હતો તે પણ મેં તરતજ સાંભળી લીધો. કઈ બારીઓના સળીયાઓ કાપી નાંખવામાં આવ્યા હતા. કયો કેદી નાસી છૂટયો હતો. કયાંથી નાસી છૂટયો હતો વિગેરે ઝીણામાં ઝીણી વિગતો મ્હને સાંભળવાને મળી. મેં જોયું કે જેલ પણ દુનિયાની પ્રતિકૃતિ છે. જેલનું જીવન ચાર દિવાલોની અંદર ભલેને હોય, પણ ઐતિહાસિક છે. તે રૂઢી અને પ્રણાલિકાના અમુક ધોરણ ઉપરજ બંધાઇ ગયું હોય છે. જેલનો ઇતિહાસ, જેલનાં ગપસપ, જેલની લીલીસુકી, એ બધાં પણ તેની વિશિષ્ટતા છે. આ જીવન અને તેના પ્રસંગો કદાપિ દિવાલોની બહાર જવા પામતા નથી. છતાં ત્યાં પણ નાની એવી દુનિયા અમુક પ્રકારનું જીવન ગુજારે છે તે હું જોઇ શકયો. ત્યાં મ્હેં જે ખાસ એક વિશિષ્ટતા જોઈ તેવી ભાગ્યેજ બીજે જોવામાં આવતી હશે. જેલમાં કેદીઓ કવિતા પણ રચે છે, અને તેનો લાભ ઇતર સાથીઓને પણ મળે છે. છતાં આ કવિતાઓ અપ્રસિદ્ધજ રહે છે. મ્હને આવી એક કવિતા બતાવવામાં પણ આવી હતી. કોઇ એક જુવાન કેદીએ નાસી છૂટવા માટે લખેલી તે લીટીઓ હતી. તેમ કરતાં તે પકડાઇ ગયો અને તેની આખી યોજના પડી ભાંગી! પણ તેણે તે કવિતા તાણીને, મોટેથી બૂમ પાડીને, ગાઇને પોતાની વૃત્તિને સંતોષી.

મ્હારા સાથી પાસેથી મેં જણાઇ તેટલી વિગતો જાણી લીધી. છેવટે તે કંટાળી ગયો. અને સૂતી વખતે બત્તી બુઝાવી નાંખવાની સૂચના કરી તે બિછાનામાં પડયો.

કલ્પનામાં પણ જે પ્રદેશમાં જવાનો તમને ખ્યાલ ન હોય તેવો મ્હને તે લાગ્યો. જેલ મ્હને મુસાફરખાનું જણાયું. હું ત્યાં રાત રોકાયો હોઉં નહિ એવું લાગ્યું. તે રાતના મ્હારા વિચારો અને કલ્પનાઓ પણ તેટલાંજ વિચિત્ર અને રમુજી હતાં. જાણે કે મ્હેં આજ સુધી ઘડીયાળના ટકોરાઓ સાંભળ્યાજ ન હોય, તેમ જ્યારે પણ વોર્ડર ટકોરાઓ મારતો ત્યારે એક ધ્યાનથી હું તે સાંભળતો. સાયંપ્રાર્થના

સમયના ગામના દેવાલયના ઘંટના મંજુલનિનાદ પણ અજબ, અને ચમત્કૃત લાગતા હતા. કોટડીની બારી ખુલ્લી રાખી અમે તે તરફ જોઇજ રહેતા હતા. મધ્યકાલીન યુગના અદ્‌ભૂત જમાનાની મ્હને યાદ આવતી હતી. જાગીરદારો અને ઉમરાવો મ્હારી કલ્પના સૃષ્ટિમાં આવવા લાગ્યા. તેમના અજેય દુર્ગો પણ હું પ્રત્યક્ષ જોતો હોઉં એમ મ્હને લાગ્યું. અરે! મ્હારાજ ગામની પરિચિત નદી કોન્કોર્ડ પણ મ્હને બદલાતી લાગી. તેનો વેગ મ્હને રાહીનની યાદ આપતો હતો. મ્હારા ગામની શેરીની બૂમો અને ઘોંઘાટ પણ હું સાંભળતો હોઉં તેવી ભ્રમણા મ્હને થવા લાગી. પાસેનીજ ધર્મશાળાના રસોડાનો હું પ્રેક્ષક હતો. ત્યાં જે કંઈ થતું હતું તે જોવાની મ્હને તક મળી. મ્હારો આ અનુભવ અપૂર્વ અને અદ્‌ભૂત હતો. મ્હારાં જન્મ સ્થાનનો—મ્હારાં ગામડાનો આ પરિચય મ્હારે મન સૂક્ષ્મ હતો.

સ્હવારમાં અમને નાસ્તો અને ચા મળતાં. એક ટીનના વાસણમાં નાની બારીમાંથી અમને તે આપવામાં આવતો હતો. મ્હારી પાસેથી જ્યારે વાસણો પાછાં લેવામાં આવ્યા ત્યારે મ્હારૂં વધેલું પાંઉ હું પાછું આપવા જતો હતો. મ્હારા સાથીએ તે જોયું કે એકદમ દોડયો અને પાંઉ ઝુંટવી લીધું. તેને મન મ્હારૂં આ વર્તન ભોળું લાગ્યું. તેણે મ્હને સમજાવ્યું કે જમતી વખતે, અગરતો બપોરના નાસ્તામાં પાંઉનો ઉપયોગ થઈ શકશે. ત્યારપછી સહુને કામે ચઢવાનો વખત થયો. મ્હારા સાથીને પાસેના ખેતરમાં કામ ઉપર જવાનું હોવાથી તેણે મ્હારી રજા લીધી. અમે પાછા ભેગા થશું કે નહિ તે વિષે તેને શંકા હતી.

મ્હારો કર કોઇએ ભરી દીધેલો હોવાથી મ્હને મુક્ત કરવામાં આવ્યો. જે લોકોએ પોતાની જીન્દગીનો મોટો ભાગ જેલની દિવાલો વચ્ચેજ ગાળ્યો હોય છે તેવાઓ જ્યારે જેલની બહાર નીકળે છે ત્યારે તેમને સારી દુનિયા બદલાઈ ગયેલી લાગે છે. મ્હને તેવું કશું

ન લાગ્યું. છતાં પણ મ્હારા શહેરમાં, દેશમાં અને રાજ્યમાંયે મ્હને થોડો ફેરફાર તો જણાયો. હું કઇ જાતના રાજ્યમાં રહું છું, મ્હારા પડોશીઓ અને લોકો કેવા છે, તેનું મ્હને પૂરેપૂરૂં ભાન થયું. તેવા લોકોની વચ્ચે પડોશી કે મિત્ર તરીકે હું કેટલો અને ક્યાં સુધી વિશ્વાસ મુકી શકું તેનો મ્હને સ્પષ્ટ ખ્યાલ આવી શકયો. સારે સારૂં હોય ત્યાં સુધી તેમની મિત્રાચારી નભતી હતી. હંમેશાં સાચોજ માર્ગ લેવો જોઇએ એવી તેમની માન્યતા ખાસ ન રહેતી. સત્યાચરણની ધગશ તેમના જોવામાં આવતી ન હતી. આ બાબતમાં તેઓ જુદાજ તરી આવતા હતા. એક યુરોપીયન અને હબશીમાં જેટલો ફેર જણાય છે તેટલો તેમનામાં જણાતો હતો. માનવજાતના હિત માટે કોઈ પણ જોખમ ખેડવાની ઇચ્છા તેમનામાં ન હતી, તો પછી ત્યાગ ભાવના તો જોવામાં ક્યાંથી આવે? તેમની માલમિલકતની સલામતી તેમનો મુખ્ય વિચાર હતો. તેમનામાં જે થોડી ઘણી પણ ઉદારતા દેખાતી હતી તે ઉપરચોટી હતી. સત્યતઃ તેઓ ઉદાર હતાજ નહિ. મોક્ષની તેમનામાં આકાંક્ષા હતી. તે માટે તેઓ ઇશ્વર પ્રાર્થના કરતા. પણ તેમાં તેમનો આત્મા લીન ન થતો. નીતિશાસ્ત્રે દોરી આપેલા ખાસ ચીલા ઉપર શૂન્ય હૃદયે તેઓ ચાલ્યા જતા, પણ તેમાં પોતાનો હેતુ સાધવા શિવાય બીજો અર્થ ન હતો. આ રીતે તેમને આત્માનો ઉદ્ધાર કરવો હતો. અને તેજ માર્ગે સીધા સ્વર્ગમાં જવાશે એમ તેઓ માનતા હતા. નીતિ અને આદર્શને પણ પ્રત્યક્ષ જીવનમાં સ્થાન છે તેની તેમને ખબર ન હતી. વ્યવહાર અને આદર્શને તેઓ જુદા પાડતા હતા. આ દૃષ્ટિથી જોવામાં હું તેમને અન્યાય કરૂં છું એમ કદાચ જણાશે, પણ મ્હારી આ માન્યતા છે. તેમનાજ ગામમાં જેલ જેવી સંસ્થા છે તેનો કેટલાકને તો ખ્યાલ પણ નહિ હોય.

જેલમાંથી છૂટીને કોઈ આવે તો તેને શાંત્વન આપવાનો અને નમસ્કાર કરવાનો રિવાજ અમારા ગામમાં પ્રચલિત હતો. મુક્ત થઇને આવનારની તેઓ ખબર અંતર પૂછતા અને દિલસોજી બતા-

વતા. પણ મ્હારા પડોશીઓએ તેમાંનું કશું જ ન કર્યું. ઉલટું જાણે મ્હને ઓળખતાજ ન હોય તેમ એક બીજાની સામું જોવા લાગ્યા. જાણે હું કોઇ લાંબા પ્રવાસપરથી આવતો હોઉં તેટલો બધો તેમને હું અજાણ્યો લાગ્યો ! પરંતુ મેં તો મ્હારૂં બાકી રહેલું કામ પુરૂં કરવાનો નિશ્ચય કર્યો હતો, તેમાંજ ઉદ્યુક્ત થયો. મોચીને ત્યાં મ્હારી મોજડીયો દૂરસ્ત કરવા નાંખીને હું આવતો હતો, ત્યાંજ મ્હને પકડવામાં આવ્યો હતો. છૂટીને તરતજ હું મોચીને ત્યાં ગયો અને મોજડી લઈ આવ્યો. ત્યારબાદ મ્હારા મિત્રોને મળવા ગયો. દૂરના જંગલમાં તેઓએ મિજલસ ગોઠવી હતી. અને ત્યાં મ્હને મળવા તેઓ આતુર અને અધીરા હતા. તે વખતે મ્હને રાજ્યનો વિચાર સરખોયે નથી આવ્યો.

મ્હારા કારાવાસની આ કથા છે.

૬

મિમાંસા

યોગ્ય કર ભરવાની મેં ના નથી કહી. કેમકે રાજ્યની સામા થવાની ખાતરજ હું સામે થતો નથી. મ્હારામાં પણ સભ્ય નાગરિક કે સારા પડોશી ગણાવાની ઇચ્છા તો છે. લોકકેળવણીની બાબતમાં પણ હું યથાશક્તિ મ્હારો ફાળો આપી રહ્યો છું. અને જ્યારે હું કર ભરવાની ના પાડું છું ત્યારે મુકરર કરેલા કર સામે છું એવું નથી. હું મારા સિદ્ધાંત અનુસાર મ્હારો જીવનક્રમ ઘડી રહ્યો છું. કોઇપણ રાજ્યઅધિકાર હું કબૂલ કરવા તૈયારજ નથી, અને તે માટે હું અલગ અને એકલો રહેવા માગું છું. વ્યક્તિ વિકાસનો મ્હારો રાહ નિરાળો છે. એટલે રાજ્યની દખલગીરી તેમાં હું નહિ સ્વીકારૂં. તેમ થાય તો રાજ્યની સામે થવાનો મ્હારો અધિકાર હું અખત્યાર કરીશ. મ્હારા પૈસાનો કેવો ઉપયોગ થાય છે તેની મ્હને પરવા નથી. એ પૈસામાંથી માણસો ખરીદાય છે કે હિંસાના સાધનો ખરીદાય છે તેનીયે મ્હને પરવા નથી. હું તો માત્ર એટલું જોઉં કે રાજ્યની સત્તા હું કબૂલ કરૂં તો રાજ્યે તેનો દુરૂપયોગ ન કરવો જોઇએ. અને જો તે પ્રમાણે થાય છે એવું મ્હારી જાણમાં આવે તો મ્હારે તેની સામે થવુંજ જોઇએ. વસ્તુતઃ હું આજ પ્રમાણે રાજ્યની સાથે મ્હારૂં વર્ત્તન રાખું છું. અને તે રાજયની સામે લડાઈ કરતાં જેટલા ફાયદા (રાજ્યના) ઉઠાવી શકાય તેટલા અવશ્ય ઉડાવવાનો.

મ્હારે આપવાનો કર કોઈએ ભરી દીધો. આ પ્રમાણે જો કર ભરી દેવામાં આવે તો તે યોગ્ય ન ગણાય. રાજ્ય તેમની તરફથી આટલે હદ સુધીની આધીનતાની અપેક્ષા રાખતું જ નથી. તેઓ જરા વધારે પડતા આગળ જાય છે. રાજ્ય કે મ્હારી પરત્વ આ ખોટી

સહાનુભૂતિ બતાવી કહેવાય; અથવા તો રાજ્યે જે અન્યાય કર્યા છે તેમાં તેઓ ભાગીદાર બન્યા છે એમ પણ કહેવાય. સહાનુભૂતિથી પ્રેરાઇને માલમિલકત બચાવી લવા અથવા જેલના ત્રાસમાંથી છોડાવવા જ જા કર ભરી દીધો હોય તો તે પણ અયોગ્ય જ કહેવાય. કેમકે તેમાં જાહેર અને ખાનગી હિતાહિતના પ્રશ્નની યોગ્ય તુલના નથી થઈ શકી. કોઈની આંતરિક લાગણીને જાહેર હિતના પ્રશ્નોના નિરાકરણમાં ક્યાં સુધી આડે આવવા દઇ શકાય તેનું પ્રમાણ આમાં રહેતું નથી. આ પ્રમાણે પ્રેરાઈને કોઈ પણ પગલું લેવાનો કોઈને પણ અધિકાર નથી. ગમે તેમ હોય પણ મ્હારી આ માન્યતા છે. અને આવા પ્રશ્નોમાં અતિશય સાવચેતી પણ જાળવી શકાતી નથી. કેમકે તેમ કરતાં કાંતો હઠીલાઇનું દોષારોપણ થવા સંભવ છે; અગર તો બીજાના અભિપ્રાય ઉપર દોરવાઇ જવાનો દોષ આવી પડવાનો પણ સંભવ રહે છે. એટલે જરૂરનું માત્ર એટલું જ છે કે સમય અને સંયોગોને બરાબર તપાસીને પોતાને યોગ્ય લાગે તે પગલું લેવું. તેમાં બીજા આડાઅવળા વિચારો કરવા જ નહિ.

મ્હને એમ પણ લાગ્યા કરે છે કે મનુષ્ય માત્ર સ્વભાવતઃ સારાં જ હોય છે. તેમનો ઇરાદો શુદ્ધ હોય છે. તેમનામાં અજ્ઞાન અને ભોળપણ દેખાય છે. કોઈ પણ પગલું ભરતાં પહેલાં તે શામાટે લેવું પડે છે એટલું જ જો તેઓ વિચારતા થઈ જાય તો આટલી મુશ્કેલી ન નડે. મ્હને એમ પણ થાય છે કે આપણા વર્તનથી બીજાને દુઃખ થાય તેવું શા માટે કરવું ? પણ મ્હારા મનમાં આ પ્રશ્નોનું તુરત જ સમાધાન થાય છે. ઇતર લોકો કરે એ પ્રમાણે કરવાને હું બિલકુલ બંધાએલ નથી. તેઓ ખોટે માર્ગે જતા હોય તો તે માર્ગે જવાનો અર્થ કંઈ જ નથી. મ્હારી પરત્વેની ખોટી દિલસોજીથી પ્રેરાઇને તેઓ પોતાનું નૈતિક અધઃપતન કરે છે. અને તે પ્રમાણે તેમના આત્માને જે કષ્ટ થાય છે તેમાં હું ભાગીદાર નથી બનતો. એ રીતે હું તેમને બચાવી લઉં છું.

આજનું રાજ્યબંધારણ શસ્ત્રબળ અથવા તો પશુબળ ઉપર નભે

છે. અને તેમાં લાખો માણુસો કંઈપણુ આનાકાની શિવાય શાંતિથી, તેમ જ વેરઝેરની લાગણી શિવાય કર ભર્યે જાય છે. બંધારણમાં એવો એક પણ માર્ગ રાખવામાં નથી આવ્યો કે જેથી તેઓ પોતાની માગણી પ્રમાણે ફેરફાર કરાવી શકે. એ વાતજ શકય નથી. છતાં તેઓ શાંતિથી તેને તાબે રહે છે, અને તમે પણ રહો એમ ઇચ્છે છે. રાજ્યનો કર તમે પણ આનાકાની શિવાય આપો એવી તેમની ધારણા હોય છે. તમારે અનાદર કરવો હોય તો તમારો સાથ કરવા કોઇ તૈયાર નથી. આવા સંયોગોમાં રાજ્યનો કોપ તમારી ઉપર શા સારૂ વહોરી લેવો એ પણ પ્રશ્ન થઈ પડે છે. કુદરતના કોપની સામે આપણે આટલી જીદથી નથી થતા. રાજ્યને તાબે રહેવા માટે કુદરતનો દૃષ્ટાંત પણ આગળ ધરવામાં આવે છે. ટાઢ, તડકો, ભૂખ કે એવી બીજી કુદરતી ઉપાધિની સામે કોઇ થયું નથી અને થતું નથી. આવી અનેક મુશીબતોને આપણે મૂંગે મોઢે સહન કરીયે છીએ. તે નિભાવી લેવાની આપણને ટેવ પડી ગઇ હોય છે. આગ થતી હોય તો તેમાં હાથ નાખવા કોઇ જતું નથી. પરંતુ આ દષ્ટાંત બંધ બેસતો નથી. કુદરત પાશવ બળ ઉપર જ રાચતી નથી. વળી તેના નિયમનમાં મનુષ્યોનો ફાળો પણ નથી. એના કાયદા માનવકૃતિથી પર હોય છે. તેની સામે અરજી જ ન હોય. થાય તો તે નિરર્થક છે, કેમકે મનુષ્યનો તેની ઉપર કાબુ નથી. જ્યારે રાજ્યના કાયદાની વાત તેથી જુદી છે. તે માણસના બનાવેલ છે. તેમાં મનુષ્યોની સદ્‌બુદ્ધિથી ફેરફાર થઈ શકે છે, અને થયા પણ છે. માનવકૃત કાયદામાં સુધારો કરવો શકય છે. કારણ કે તે મનુષ્યોને લગતા છે. એટલે મનુષ્યો ધારે ત્યારે અને તેટલો ફેરફાર કરી શકે. તેમાં કાયદા રચનાર અને તેનો જેની ઉપર અમલ થાય છે તે જનતા બંનેને આપણે સમજાવી શકીયે તેટલો અવકાશ છે. જો હું અગ્નિમાં હાથ નાખું તો મ્હારે માટે દાઝવાનું જ રહ્યું. તેમાં હું અગ્નિને કે અગ્નિના કર્તાને સમજાવી શકતો નથી, અને તેવો અવકાશ પણ નથી. મારે જ મ્હારી ભૂલનું પરિણામ ભોગવવાનું રહે છે. ચાલુ પરિસ્થિતિ બરોબર જ છે અને તેમાં ફેરફાર થવાની

જરૂર નથી. એવી મને જો એક વખત પણ ખાત્રી થાય તો હું જરૂર તેને આધીન રહેવાનું સ્વીકારીશ. જનતાનું વર્તન અને તેનો રાહ યોગ્ય દિશામાં જ છે એવી પણ મ્હને ખાત્રી થાય તો હું તે માર્ગે જ ચાલવાનો. તો પછી નશીબને બળવાન ગણી માનવ સુધારણા ઇશ્વરાધીન છોડી દેવાનો. વળી કુદરતી કાયદા અને મનુષ્યકૃત કાયદામાં પણ ફેર છે. મ્હારા વિરોધમાં હું એકલો હોઉં તો પણ મનુષ્યરચિત કાયદામાં હું થોડી પણ અસર ઉપજાવી શકું; જ્યારે કુદરતના કાયદાની સામે થવામાં તો ભીંતમા માથું અફાળવા બરોબર છે. તેની સામે કોઈ પણ જાતની અપીલ જ નથી.

રાજા, પ્રજા કે વ્યક્તિ સામે મ્હારે અંગત વાંધો છે જ નહિ. જ્યારે પણ હું કાયદાનો અનાદર કરૂં છું ત્યારે હું બીજા લોકોથી વધારે પડતો ડાહ્યો છું અગર તો બીજા કરતાં વધુ સમજુ છું એવું અભિમાન રાખતો નથી. જાહેર પ્રશ્નોની ઝીણવટથી ચુંથણી કરવા પણ હું માંગતો નથી. તેમજ વધારે પડતી હદ લઇને કોઇની સાથેનો અંગત સંબંધ બગાડવાની મ્હારી ઇચ્છા નથી. ઉલટું બને ત્યાં સુધી રાજ્ય સાથે હું અથડામણીમાં આવવા માંગતો નથી, અને તેથી રાજ્યના કાયદાને આધીન રહી શકાય ત્યાં સુધી રહેવાની હું મહેનત હરહંમેશ કરૂં છું. તે પ્રમાણે કરવા હું તત્પર જ હોઉં છું. પ્રતિવર્ષે જ્યારે રાજ્યના આડતીઆઓ મ્હારી પાસે કર ઉઘરાવવા આવે છે ત્યારે બની શકે તો કર ભરવા એવા વિચારથી. રાજ્યની કામગીરીનો હિસાબ તપાસું છું. અને તેના નફાટોટાના હિસાબનું સરવૈયું કાઢું છું. મ્હારી શક્તિ અને મતિ પ્રમાણે હું તેની પરીક્ષા કરૂં છું. અને તે રીતે રાજ્યને માન આપવા ઉત્કણ્ઠા રાખું છું. પણ દરેક પ્રશ્નોના નિરાકરણમાં અંતરના અવાજને આપણે માન આપતાં તો શીખવું જ જોઇએ. તેવે વખતે વ્યવહારૂ ધોરણ બાજુ ઉપર રાખવું જોઈએ.

રાજ્ય મ્હારો માર્ગ સરળ કરી આપશે એવી આશા હું રાખું છું. તેમ થાય તો હું પણ અન્ય નાગરિકોની જેટલો જ વફાદાર અને દેશા-

ભિમાની રહીશ. સામાન્ય દૃષ્ટિથી જોતાં આજનાં બંધારણોમાં ગમે તેટલા દોષો છે છતાં તે ક્ષમ્ય છે. કાયદો અને તેનો અમલ કરનારાં ન્યાયમંદિરો લોકોનાં આદરને પાત્ર છે. આ રાજ્ય અને અમેરીકાની સરકાર પણ તે દૃષ્ટિથી તો માનનીય છે જ. તેના કર્ત્તાઓનો તે માટે આપણે આભાર માનવો જોઇએ. પણ જો ઉત્કૃષ્ટ અને વિશાળ દૃષ્ટિથી આ વાત તપાસીએ તો મેં જે કંઇ કહ્યું છે તે સત્ય છે. એ રીતે તો આ બધું કોઈ પણ રીતે ઉપયોગી નથી જ. કેમકે તેમા જનતાનું હિત સચવાતું નથી. માનવતાના સર્વ કાનુનોની વિરૂદ્ધ છે.

ગમે તેમ હોય પણ મ્હારે સરકાર સાથે કશી જ લેવાદેવા નથી. હું તો તેનો વિચાર સરખોયે કરતો નથી. આ દુનિયામાં પણ રાજ્ય સત્તા નીચે હું બહુ જ ઓછો સમય ગાળું છું. માણસ પોતે જો વિચાર અને કલ્પનાતરંગમાં રચ્યો રહે તો કોઇ પણ સરકાર તેની કનડગત નહિ કરી શકે.

હું જાણું છું કે મ્હારા આ જાતના વિચારોથી ઘણા લોકો જુદા પડે છે. તેમને આ વિચારો વ્યવહારૂ લાગતા જ નથી. પણ તેમના વિચારોથી મ્હને જરા પણ સાંત્વન મળતું નથી. મ્હારું મન અને બુદ્ધિ તેવા વિચારો ગ્રહણ કરી શકતાં નથી. તેઓએ પોતાનું આખું જીવન એ જાતના રાજકીય અને પ્રપંચી વાતાવરણમાં ગાળેલું હોવાથી તેમને એ સિવાય બીજું સૂજતુંજ નથી. ધારાશાસ્ત્રીઓ કે રાજનીતિજ્ઞો તો રાજકીય સંસ્થાના અંગભૂત હોઈને તેના ગુલામ બની ગયા હોય છે. તેઓ સામાજીક ફેરફારો અને સુધારણાની વાતો કર્યા કરે છે. પણ તેઓ પોતે સમાજથી પર નથી, પણ તેની એક વ્યાધી એ સમજતા નથી. આ રાજ-નીતિજ્ઞો કે ધારાશાસ્ત્રીઓએ પોતાની બુદ્ધિથી અને અનુભવ પ્રમાણે ઉપયોગી અને અનુકુળ તેમ જ વ્યવહારુ નિયમો શોધ્યા છે એ ખરું છે. આપણે તે માટે તેમના આભારી છીએ. પરંતુ એટલું લક્ષમાં રાખવું જોઇએ કે તેમની બુદ્ધિ, અનુભવ અને ડહાપણને પણ અમુક હદ હોય છે. એ હદની બહાર તેઓ જઈ શકતા નથી. આ વિશ્વ અમુક કાનુન

પ્રમાણે ચાલી રહ્યું છે તેનો તેમને ખ્યાલ નથી. તેના નિયમમાં માત્ર વ્યવહારોપયોગીતા અને નીતિ નિયમ જ નથી. તેથી વેબ્સ્ટર જેવા સમર્થ માણસ પણ "સરકાર" શબ્દની ભીતરમાં શું છે તે સમજવા માગતા જ નથી. તેમાં તેઓ ઉંડા ઉતરતા જ નથી, અને તેથી તે સંબંધમાં આપણને તેવા લોકો માર્ગ દર્શક થઈ શકે જ નહિ. એટલે જે લોકો રાજ્યમાં કે સરકારના નીતિધોરણમાં તાત્વિક ફેરફાર કરવા માગતા નથી તેની ઉપર તેના શબ્દોનું વજન પડે, પણ જે લોકો વિચારશીલ છે અથવા તો જેમને સાચા અને ભવિષ્ય ઉપર દૃષ્ટિ રાખી ફેરફારો કરવા છે તેને માટે તો તે બીલકુલ ઉપયોગી નથી.

આજે સુધારકોનું બજાર સસ્તું થઇ ગયું છે. વ્યાસપીઠો પરથી અને જાહેરપત્રોમાં સુધારાના નામથી કેટલાયે ખોટી બૂમો પાડી રહ્યા છે. પણ તેના કરતાં ડાહ્યા અને અનુભવી માણસો છે કે જેઓ પોતાની શક્તિ અને મતિ સમજે છે તેઓ એકદમ આગળ આવવા માંગતા નથી. તેવા સુજ્ઞ માણસો માટે આપણને જરૂર માન થાય. તેવા લોકો વ્યવહારૂ અને મૌલિક સૂચના જ કરે. પણ તે છતાં તેમનામાં નર્યું સત્ય કહેવા કરતાં વખતને અનુકુળ વાત કરવાનું વ્યવહારૂ ડહાપણ જ હોય છે. વકીલનું સત્ય આ પ્રકારનું મિશ્ર સત્ય હોય છે. સત્યને ન્યાય કે અન્યાય પ્રદર્શિત કરવા સાથે સંબંધ નથી. તેનો માર્ગ તો સીધો અને સરળ છે. સત્યને સત્ય સાથે અથડામણીમાં ન આવવું જોઇએ. આ દૃષ્ટિબિન્દુ વકીલનું નથી હોતું. તે તો ન્યાય કે અન્યાયને ઉઘાડો પાડવા તરફ નજર રાખે છે. એટલે તે બંધારણનો રક્ષક ગણાય છે. તે કોઇ દિવસ પણ આક્રમણ કે આઘાત કરતો જ નથી. અને કરે છે તો કાયદો અને બંધારણના રક્ષણ માટે જ કરતો હોય તે કોઈ દિવસ અગ્રણી નથી હોતો, પણ અનુયાયી હોય છે. તે જુના કાયદાને અનુસરનારો હોય છે. એટલે કે એક ચીલા ઉપર ચાલનારો હોય છે. તે લોકો ફેરફારમાં માનતા નથી.' ૮૭ માં જે સમજણથી જુદા જુદા રાજ્યોનો એક સંઘ સ્થપાયો તેમાં ફેરફાર થઇ જ શકે નહિ એવો તેમનો અભિપ્રાય બંધાઈ ગયો હોય છે. તેવો ફેરફાર કરવા

પ્રયત્ન પણ ન થઈ શકે. અને આવા ખ્યાલથી તેઓ ગુલામગીરીની પ્રથાનો બચાવ કરે છે. તેઓ કુશાગ્ર બુદ્ધિ છે; છતાં ગુલામીના પ્રશ્નને બંધારણના મૂળભૂત પ્રશ્નોથી જુદો પાડી તેઓ જોઈ શકતા જ નથી. આ પ્રશ્નને તેઓ બુદ્ધિ ગમ્ય ગણે છે, અને કેમ જાણે નવું જ નિતિશાસ્ત્ર ઉપજાવતો હોય એવી તેમની માન્યતા છે. એક ખાનગી ગૃહસ્થ તરીકે પણ આવા જ વિચાર તેઓ ધરાવે છે. જે જે રાજ્યમાં ગુલામગીરીની સંસ્થા છે તે તે રાજ્યો પણ પોતાના બંધારણના નિયમ પ્રમાણે મતદારોને જવાબદાર હોય છે.

કેટલાક લોકોનો સત્યને માટે ખાસ આગ્રહ હોતો નથી. તેથી તેમને સત્ય શોધવાની ફુરસદ મળતી નથી અને તેમને તેમાં પ્રવેશ કરવાની પરવા પણ નથી. આવા લોકો રૂઢી અને પ્રણાલિકામાં માનનારા હોય છે. ડાહ્યા થઈને ધર્મના ગ્રંથોમાંથી તેઓ જીવનધોરણ માટે આધાર શોધે છે. ઉપર ઉપરથી નમ્રતાનો ડોળ પણ કરે છે અને પૂજા અને ધાર્મીકતાનો દંભ આદરે છે. પણ જેમને સત્ય શું છે? તે કઈ રીતે સાધી શકાય? વિગેરે બાબતોમાં રસ છે તેઓ તો કોઈ પ્રવાસીની માફક પોતાના ધ્યેયને લક્ષ્યમાં રાખી આગળને આગળ સફર કર્યે જાય છે અને તેના મૂળ શોધવા હંમેશ પ્રયત્ન કરતા રહે છે.

અમેરિકાના ઈતિહાસમાં કોઇ પણ પ્રતિભાશાળી ધારાશાસ્ત્રી જન્મ્યો જ નથી. દુનિયાના ઈતિહાસમાં પણ તેવો કોઈ જડતો નથી. પ્રખરવકતા, રાજનીતિજ્ઞ કે વાચાળ માણસો હજારોની સંખ્યામાં મળશે. પરંતુ દુનિયાનું દર્દ પારખી, આજના પ્રશ્નોની માર્મિક ચર્ચા કરી, તેનો માર્ગ બતાવનાર મારી નજરમાં કોઇ ચડતો નથી. આપણે વકતૃત્વને માત્ર વકતૃત્વ ખાતર જ પસંદ કરીએ છીએ અને તેમાં મઝા માનીએ છીએ. પણ તેનો ઉપયોગ ધ્રુવ અને સત્ય વસ્તુની શોધમાં નથી કરતા. આત્માનું ખરું ઓજસ પ્રગટ કરવામાં અથવા કરાવવામાં તેનો ઉપયોગ કરતા નથી. આપણા ધારાશાસ્ત્રીઓ પણ ખોટા જ માર્ગે ગયા છે. અપ્રતિબદ્ધ વેપાર અને સ્વાતંત્ર્યની તુલના જ તેમને આવડી નથી. પ્રજાને આ બેમાંથી શેની

વધુ જરૂર છે તે તેઓ પારખી શક્યા જ નથી. તેઓનામાં કર અને નાણાં શાસ્ત્રને લગતા સામાન્ય પ્રશ્નોનું ખરૂં જ્ઞાન જ નથી. તેઓ તો માત્ર વ્યવહારૂ ધોરણ ઉપર બધા પ્રશ્નોનું નિરાકરણ કરતા આવ્યા છે. ખેતીવાડી અને ઉદ્યોગને લગતા પ્રશ્નોમાં પણ તેમને ખરી સમજણ પડતી જ નથી લોકો અગર તો જનતાની જરૂરિયાત સમજી લેવાની તેમને પરવા જ નથી.

આજ જો અમેરિકાને આ ધારાશાસ્ત્રીઓની અનિયંત્રિત અને અમર્યાદિત દયા ઉપર છોડી દીધું હોય, તો અમેરિકા આજે જે ખ્યાતિ પામ્યું છે તે નષ્ટ થઇ જાય. લોકોની સબળ ફરિયાદનો તેમની ઉપરનો અંકુશ ન હોય તો ગાડું કયારનુંયે ઉંધું વળી ગયું હોત. અને દુનિયાની મહાપ્રજામાં અમેરીકાનું સ્થાન પણ ન હોત. આજ અઢારસો વર્ષ થયાં આપણી પાસે ઇસુનું રચેલું બાઇબલ છે. તે ધર્મગ્રંથમાં સમાજને માટે કાયદો કેવો અને કેમ ઘડવો જોઇએ તે સંબંધે બહુ જ સરસ ચર્ચા કરવામાં આવી છે. પણ તેનો લાભ લઇને તદનુસાર રાજ્યવ્યવસ્થા રચનાર કોઇ પણ ધારાશાસ્ત્રી હજી સુધી જન્મ્યો નથી.

આપણી રાજ્યવ્યવસ્થા દૂષિત છે. તેની થોડી પણ સત્તા કબૂલ કરવા હું તૈયાર તો છું. પરંતુ મ્હારા કરતાં વધુ શ્રેષ્ઠ અને સમજણવાળો માણસ મળે તો હું તેનો હુકમ માનવા હંમેશ તત્પર છું. જે સરકારને રાજ્ય ચલાવવું છે તેણે ખરી રીતે તો પ્રજાનો વિશ્વાસ અને સંમતિ મેળવવાં જ જોઈએ. તે શિવાય રાજ્ય કરી શકાય જ નહિ. પ્રજાનો વિરોધ હોય તેવી રાજ્યસત્તા નભવી જ મુશ્કેલ છે. જે જે વિષયમાં હું રાજ્યસત્તા કબૂલ કરૂં તેટલા ઉપર જ ખરી રીતે રાજ્ય હકુમત ચલાવી શકે. આજ સુધીમાં રાજ્યતંત્રની રચનામાં જે જે ફેરફારો થયા છે તે આજ પદાર્થપાઠ બતાવે છે. નિરંકુશ રાજ્યતંત્રમાંથી નિયંત્રિત રાજ્યવ્યવસ્થા નિર્માઈ અને તેમાંથી લોકમતને આધીન પ્રજાતંત્રનો વિકાસ થયો. આ પરિવર્તનમાં એક વાત ખાસ તરી આવે છે. એ વિકાસક્રમ વ્યક્તિના વિકાસને અનુલક્ષીને જ યોજાયો છે. અને વ્યક્તિસ્વાતંત્ર્ય જગતમાં ધીરે ધીરે કબૂલ થયું છે. રાજ્યને વ્યક્તિના

સમુહ ઉપર પોતાની સત્તા ચલાવવાની છે; અને તેથી તેની સંમતિ ઉપર જ સત્તાના અમલનો આધાર છે એ વાત સ્પષ્ટ થતી ગઇ. ચીનના એક પ્રખ્યાત તત્વવેત્તાએ તો સામ્રાજ્યનો પાયો જ વ્યક્તિ ઉપર રચ્યો છે, અને તે પ્રમાણેનું બંધારણ કલ્પ્યું છે. પણ આજે જે પ્રકારનું પ્રજાતંત્ર ચાલી રહ્યું છે તે ખરેખર પ્રજાહિતમાં જ યોજાયું છે? આ પ્રશ્ન અતિ મહત્વનો છે. જનતાના મૂળભૂત હકો શું છે? રાજ્યબંધારણમાં તેનો સમાવેશ થઇ શકે કે કેમ? વિગેરે પ્રશ્નો આપોઆપ જ ઉપસ્થીત થાય છે. પ્રજાના પ્રાથમિક હકોને બંધારણમાં ગુંથીને નવીન રાજ્યરચના શકય તો છે. જ્યાં સુધી રાજ્યબંધારણમાં વ્યક્તિવિકાસને પૂરેપૂરો અવકાશ નહિ મળે ત્યાં સુધી ખરૂં પ્રજાતંત્ર, ખરી સ્વતંત્રતા શકય જ નથી. રાજ્યબંધારણમાં એટલું તો કબૂલ કરવું જ પડશે કે વ્યક્તિની મરજીયાત સંમતિ ઉપર તેની હસ્તીનો આધાર છે. અને તો જ તે પોતાની સત્તાનો ઉપયોગ કરી શકશે. કોઇ પણ રાજ્યબંધારણમાં મનુષ્યને મનુષ્ય તરીકે ઓળખવા જ પડશે.

હું તો જરૂર એવું રાજ્યબંધારણ કલ્પું છું કે જેમાં વ્યક્તિ વ્યકિતને સમાન હક મળેલા હોય અને જેમાં ઉંચ નીચનો ભેદ નષ્ટ થયો હોય. પ્રત્યેક મનુષ્યને કાયદાની દૃષ્ટિથી સમાન લેખવા જ જોઇએ. મ્હારી કલ્પનામાં રાજ્યની દરેક વ્યક્તિને યોગ્ય સંરક્ષણ મળશે; તેમ જ દરેકને પ્રતિકુળ સંયોગોમાં કે કાયદાની સામે થવાની છૂટ પણ રહેશે. પડોશીયો અને ઇતર નાગરીકને નડતરરૂપ ન થાય તેવી સંપૂર્ણ છૂટ આપવામાં મ્હને કશો જ વાંધો જણાતો નથી. રાજ્યનો કાયદો માન્ય ન કરનારને એકદમ દ્રોહી નહિ ગણવામાં આવે. જેમ એક ઝાડ ઉપર ફળ પાકે ત્યાં સુધી રહે છે. અને પાકી જતાં ખરી પડે છે તેમ જ રાજ્યબંધારણમાં ઉત્તરોત્તર વિકાસને સ્વયં અવકાશ રહેવો જ જોઇએ. જમાનાને અનુકુળ યોગ્ય ફેરફાર આપોઆપ જ કોઇ પણ સંસ્થામાં થવો જ જોઇએ. અને તેવો અવકાશ તેમાં આપવો જ જોઇએ. આવું બંધારણ મારા મનોરાજ્યમાં રમી રહ્યું છે. આજે તેવું હસ્તી ધરાવતું નથી.